RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 16-05-2026 I VOL : 12 I Issue : 60 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

જે નસીબમાં નથી લખ્યું એને પણ મહેનતથી મેળવતા શીખો !!

3



વાગરા તાલુકાના ગંધાર ગામે 350 એકર સરકારી જમીનની લીઝ મામલે કરોડોનું કૌભાંડ....

4



બેસહારા બાળપણ બેહાલીમાં ડૂબી ગયું અને ગંદકીમાં દટાઈ ગયું, એટીએમની....

6



કાનમાં આલિયાની અવગણના થઈ? યુઝરે લખ્યું- કેટલી દુઃખની વાત છે

7



વર્લ્ડ કપ 2027 પર વિરાટે કહ્યું – "હું મારી જાતને વારંવાર સાબિત નહીં કરું"

## મોંઘવારીનો બોમ્બ ફૂટ્યો

### પેટ્રોલ-ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ₹3-3 સુધીનો વધારો




નવી દિલ્હી

ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા વૈશ્વિક તણાવની સીધી અસર હવે ભારતીય જનતાના ખિસ્સા પર પડી રહી છે. મિડલ-ઈસ્ટ સંકટ વચ્ચે દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. ભારતીયો માટે આજની સવાર આંચકાજનક રહી છે. વૈશ્વિક સ્તરે ચાલી રહેલા યુદ્ધ અને તેલ પુરવઠામાં અવરોધના કારણે કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવાની ફરજ પડી છે. નવી કિંમતો શુક્રવાર, 15 મે 2026 થી અમલમાં આવી ગઈ છે. મુખ્ય શહેરોમાં પેટ્રોલના નવા ભાવ:

વિવિધ મેટ્રો શહેરોમાં પ્રતિ લિટર આશરે 2.80 થી 3.30 સુધીનો વધારો થયો છે: દિલ્હી: 97.77 (3 નો વધારો), કોલકાતા: 108.74 (3.29 નો વધારો), મુંબઈ: 106.68 (3.14 નો વધારો). ડીઝલના ભાવમાં પણ ઉછાળો ડીઝલના ભાવમાં થયેલા વધારાને કારણે ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધશે, જેની સીધી અસર જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર પડી શકે છે: દિલ્હી: 90.67 પ્રતિ લિટર, કોલકાતા: 95.13 પ્રતિ લિટર, મુંબઈ: 93.14 પ્રતિ લિટર, ચેન્નાઈ: 95.25 પ્રતિ લિટર. છેલ્લા કેટલાક દિવસોથી અફવાઓ ફેલાઈ રહી હતી કે ભાવમાં 15 થી 20 સુધીનો વધારો થઈ શકે છે. આ ડરને કારણે ગુજરાત, હરિયાણા, દિલ્હી અને બિહાર સહિતના રાજ્યોમાં પેટ્રોલ પંપો પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તાજેતરમાં જ ખાનગી વાહનોનો ઓછો ઉપયોગ કરવા અને વર્ક ફ્રોમ હોમ પર ભાર મૂકીને ઈંધણ બચાવવા અપીલ કરી હતી, જે ભાવ વધારાના સંકેત તરીકે જોવામાં આવી રહી હતી.

### CNGના ભાવમાં પ્રતિ કિલોએ 2 રૂપિયાનો વધારો

**આગામી દિવસોમાં આ વધારાને પગલે જાહેર પરિવહનના ભાડામાં પણ વધારો થવાની શક્યતા સેવાઈ રહી છે**



ઈરાન અને અમેરિકા વચ્ચેના તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલી નાકાબંધીને કારણે ભારતમાં મોંઘવારીનો માર તેજ બન્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારા બાદ હવે સીએનજી (CNG) ના ભાવમાં પણ પ્રતિ કિલોએ 2 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં સીએનજીની કિંમત 77.09 રૂપિયાથી વધીને હવે 79.09 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં પણ સ્થિતિ સમાન છે. મહાનગર ગેસ લિમિટેડ (MGL) દ્વારા મુંબઈ મેટ્રોપોલિટન રિજન (MMR) માં સીએનજીના ભાવમાં 2 રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. આ સુધારા બાદ હવે મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં સીએનજીનો નવો ભાવ વધીને 84 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. સીએનજીના ભાવમાં થયેલો આ વધારો સીધી રીતે જાહેર પરિવહન સેવાઓને અસર કરશે. અત્યારે મોટાભાગની બસો, ઓટોરિક્ષા અને ટેક્સીઓ સીએનજી પર ચાલે છે, જેના કારણે દૈનિક મુસાફરી કરતા લોકોના ખિસ્સા પર આર્થિક બોજ વધશે. આગામી દિવસોમાં આ વધારાને પગલે જાહેર પરિવહનના ભાડામાં પણ વધારો થવાની શક્યતા સેવાઈ રહી છે.

### રૂપિયાનું ઐતિહાસિક ધોવાણ, ડૉલર સામે ઘટીને પહેલીવાર 96 સુધી પહોંચ્યો



મુંબઇ

ભારતીય અર્થતંત્ર માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અમેરિકન ડૉલરની સરખામણીએ ભારતીય રૂપિયો અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. વૈશ્વિક આર્થિક અસ્થિરતા અને મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા તણાવની સીધી અસર ભારતીય ચલણ પર જોવા મળી રહી છે. સતત નબળો પડતો રૂપિયો આજે એટલે કે 15 મે 2026ના રોજ ભારતીય રૂપિયો અમેરિકન ડૉલર સામે રેકોર્ડબ્રેક નબળો પડીને 96.02ના સ્તરે પહોંચી ગયો છે. અગાઉના દિવસે એટલે કે 14 મેના રોજ રૂપિયો 95.76 પર બંધ થયો હતો, જેની સરખામણીએ આજે વધુ ઘટાડો નોંધાયો છે. વર્ષ 2022થી અત્યાર સુધીના ગ્રાફ પર નજર કરીએ તો રૂપિયામાં સતત મૂલ્યહ્રાસ જોવા મળી રહ્યો છે. વર્ષ 2026માં અત્યાર સુધીમાં (YTD Change) રૂપિયામાં 13.2% જેટલો તોતિંગ ઘટાડો નોંધાયો છે. આ કડાકા પાછળનું મુખ્ય કારણ ક્રૂડ ઓઈલની વધતી કિંમતો, વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય શેરબજારમાંથી સતત ઉપાડ અને અમેરિકન ડૉલરની વૈશ્વિક બજારમાં મજબૂતી માનવામાં આવી રહી છે. રૂપિયો નબળો પડવાને કારણે વિદેશથી આયાત કરવામાં આવતી વસ્તુઓ જેવી કે ક્રૂડ ઓઈલ, ઈલેક્ટ્રોનિક્સ અને ખાદ્ય તેલ મોંઘા થશે.

### ઈરાનના હુમલા વખોડતાં PM મોદીએ કહ્યું- અમે મદદ માટે તૈયાર

**ગુજરાત માટે UAE સાથે ખાસ ડીલ**



દુબઇ


પીએમ મોદી શુક્રવાર, 15 મેના રોજ તેમની પાંચ દેશોની વિદેશ યાત્રાના પ્રથમ તબક્કે અબુ ધાબી પહોંચ્યા છે. પીએમ મોદીનું વિમાનના યુનાઈટેડ આરબ એમિરેટ્સ(UAE)ના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશતા જ ત્યાંના F-16 લડાયક વિમાનોએ તેમને એસ્કોર્ટ કરી ભવ્ય સ્વાગત કર્યું હતું.

ઍરપૉર્ટ પર ઉતરતાં જ યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમને 'ગાર્ડ ઑફ ઓનર' આપવામાં આવ્યું હતું. આ સાથે પીએમ મોદીએ ગુજરાતને લઈને યુએઈ સાથે એક ખાસ ડીલ કરી છે. ભારત અને UAE વચ્ચે મજબૂત કૂટનીતિક અને સુરક્ષા સંબંધોપીએમ મોદીએ યુએઈના રાષ્ટ્રપતિ સાથેની મુલાકાત દરમિયાન વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

આ બેઠક દરમિયાન તેમણે તાજેતરમાં યુએઈ પર થયેલા હુમલાઓની સખત નિંદા કરી હતી અને ખાતરી આપી હતી કે ભારત હંમેશા યુએઈની સુરક્ષા માટે તેની પડખે ઊભું રહેશે. ખાસ કરીને વેપાર અને ઊર્જાના પુરવઠાને કોઈ નુકસાન ન થાય તે માટે તેમણે હોર્મુઝ સ્ટ્રેટને વહેલી તકે કાર્યરત કરવા પર ભાર મૂક્યો હતો. પીએમ મોદીએ મુશ્કેલ સમયમાં ત્યાં વસતા લાખો ભારતીયોની સુરક્ષા અને પરિવારની જેમ કાળજી લેવા બદલ રોયલ ફેમિલીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો, જે બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધો અને નવી વ્યૂહનીતિને દર્શાવે છે.

## એક નજર...

### પાણીમાં ચમકી નોરા ફતેહી, ગૉલ્ડન ડ્રેસ પહેરી બતાવ્યો ગ્લેમરસ અંદાજ



નોરા ફતેહી સોશિયલ મીડિયા પર ઘણીવાર સમાચારમાં રહે છે. તાજેતરમાં તેણીએ ફરી એકવાર લોકોનું ધ્યાન ખેંચ્યું છે. નોરાએ ગોલ્ડન ડ્રેસમાં પોતાના ઘણા ફોટા શેર કર્યા છે, જે ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. અભિનેત્રી નોરા ફતેહીએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર પોતાના ઘણા સુંદર ફોટા શેર કર્યા છે. આ ફોટામાં તે ગોલ્ડન આઉટફિટમાં જોવા મળી રહી છે.

## NEWS TRACK

### ચીન હોર્મુઝ ખોલવામાં મદદ કરવા તૈયાર: ડોનાલ્ડ ટ્રમ્પ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે દાવો કર્યો હતો કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે હોર્મુઝને ખુલ્લું રાખવામાં મદદ કરવાની ઓફર કરી છે. ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું કે શી જિનપિંગ ઈચ્છે છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે કોઈ સમજૂતી થાય. ટ્રમ્પ અનુસાર, શી જિનપિંગે કહ્યું કે જો હું કોઈ રીતે મદદ કરી શકું, તો હું મદદ કરવા માંગીશ. ચીન મોટા પ્રમાણમાં ઈરાની ઓઈલ ખરીદે છે, તેથી તેને પણ હોર્મુઝ ખુલ્લું રહેવામાં રસ છે.

તેમણે કહ્યું કે, જે દેશ આટલું બધું ઓઈલ ખરીદે છે, તેનો સ્વાભાવિક રીતે ઈરાન સાથે સંબંધ હોય છે. ચીન ઈચ્છે છે કે હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લું રહે. બીજી તરફ, ઈરાને હોર્મુઝમાંથી પસાર થતા જહાજો માટે નવા નિયમો લાગુ કર્યા છે. હવે આ માર્ગેથી પસાર થતા જહાજોને ઈરાનની દેખરેખ અને મંજૂરીમાંથી પસાર થવું પડી રહ્યું છે. તેમણે BRICS દેશોને અપીલ કરી છે કે તેઓ અમેરિકા અને ઈઝરાયલની નિંદા કરે. ગુજરાતનું માલવાહક જહાજ 'હાજી અલી' ઓમાન નજીક ડ્રોન કે મિસાઈલ જેવા હુમલાની ઝપેટમાં આવીને ડૂબી ગયું.

### પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલો, 15 સૈનિકના મોત

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બાજોર વિસ્તારમાં સૈન્ય કેમ્પ પર મોટો આતંકવાદી હુમલો થયો છે. આતંકીઓએ સૌથી પહેલા સૈન્ય સુવિધા ધરાવતા હિસ્સામાં એક જોરદાર વિસ્ફોટ કર્યો હતો. આ ધડાકાને કારણે સર્જાયેલી અફરાતફરીનો લાભ ઉઠાવીને હથિયારધારી આતંકવાદીઓ કેમ્પની અંદર ઘૂસી ગયા હતા, જેના પછી સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે લાંબો સમય સુધી અથડામણ ચાલી હતી. TTP એ સ્વીકારી જવાબદારી આતંકવાદી સંગઠન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) એ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. સંગઠને નિવેદન જારી કરીને જણાવ્યું છે કે, આ હુમલો તેમની 'સ્પેશિયલ ઈસ્તશહાદી ફોર્સીસ' (SIF) દ્વારા કરવામાં આવ્યો છે. મહત્ત્વનું છે કે, ઓક્ટોબર 2025 માં ક્વેટામાં થયેલા હુમલા બાદ આ પ્રથમ ઘટના છે જેમાં TTP એ સત્તાવાર રીતે આત્મઘાતી હુમલાની જવાબદારી લીધી હોય. ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં એક અઠવાડિયાની અંદર આ બીજો આત્મઘાતી હુમલો છે. આ અગાઉ મંગળવારે લક્કી મરવત જિલ્લાના નૌરંગ બજારમાં એક વિસ્ફોટક ભરેલા ઓટોરિક્ષા દ્વારા બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો.

**મહા-ધડાકો: ધર્મના નામે ધંધો કરનારા કળિયુગી કસાઈઓ બેનકાબ! મુનિશ્રીને જીવતેજીવ મિટાવવાના લોહિયાળ કાવતરાનું હચમચાવતું પોસ્ટમોર્ટમ!**

## કરોડોની ખંડણીનું ઝેરી સિન્ડિકેટ: સંતના ચરિત્ર પર તેજાબ રેડનારા માનવરૂપી ગીધડાઓ હવે જેલના સળિયા પાછળ આખી જિંદગી સડશે!

ખાસ વિસ્ફોટક અહેવાલ, અમદાવાદ (વિશેષ બ્યુરો)

ગુજરાતની પવિત્ર અને અહિંસક ધરા પર ધર્મ રક્ષાના પવિત્ર ઓઠા હેઠળ અધર્મ અને પાપનો એવો ગંદો ખેલ ખેલાયો છે, જેને જોઈને નરકનો રાજા પણ શરમાઈ જાય! પવિત્ર જૈન મુનિ રાજતિલક સાગરજી મહારાજ વિરુદ્ધ રચાયેલું હનીટ્રેપનું આ કાળું જાળું vanished માત્ર એક સામાન્ય આક્ષેપ નથી, પણ આખા જૈન શાસન અને સનાતન પરંપરાના કાળજામાં સોંપાયેલો એક ઝેરી અને ખૂની ખંજર છે. આ કોઈ પીડિત મહિલાના ન્યાયની લડાઈ નથી, પણ બ્લેકમેલિંગ માફિયાઓની એ નપાવટ હવસ છે જેને નિર્દોષ સંતોને ડરાવીને કરોડો રૂપિયાના બંડલોથી પોતાની તિજોરીઓ ભરી દેવી હતી!

### ષડયંત્રનું ડેથ વોરંટ: એફિડેવિટ તો બહાનુ છે, અસલ ખેલ તો હરામની કમાણીનો છે!

કિરણ દોશી અને તેની પાપી ટોળકીએ મુનિશ્રીની પવિત્રતાને ખતમ કરવા માટે જે ઘૃણાસ્પદ અને કલંકિત પટકથા લખી છે, તેનું એક-એક પાનું પાપ, લાલચ અને નરાધમતાની શાહીથી લખાયેલું છે. પોલીસ તપાસનો કોરડો જેમ-જેમ વીંઝાઈ રહ્યો છે, તેમ-તેમ સમાજમાં મોટા મોભી બનીને ફરતા આ ભ્રષ્ટ વરુઓના કદરૂપા ચહેરા પરથી મહોરાં લીરેલીરા થઈને ઉતરી રહ્યા છે:

સુનિયોજિત અને ઘાતક બ્લેકમેલિંગ: એક લાચાર મહિલાને માત્ર મહોરું અને ઢાલ બનાવીને, મુનિશ્રીની વર્ષોની કઠિન તપસ્યા, ત્યાગ અને સંયમને ગણતરીની મિનિટોમાં બજાર વચ્ચે નીલામ કરવાનું આ માફિયાઓએ પ્રાઈસ ટેગ (કિંમત) લગાવ્યું હતું.

ચરિત્ર હનનની ફેક્ટરી: જ્યારે પવિત્ર સંતોએ આ ગીધડાઓની ધમકીઓ સામે ઝૂકવાનો અને કરોડોની ખંડણી આપવાનો સાફ ઈનકાર કરી દીધો, ત્યારે આ ધર્મના દલાલોએ સોશિયલ મીડિયાની ગંદકી અને અદાલતી દાવપેચ દ્વારા સંતના ચરિત્રનું જાહેરમાં લીંચિંગ (પબ્લિક મર્ડર) કરવાનો અધમ પ્રયાસ આદર્યો.

બેનકાબ ઠગ સિન્ડિકેટ: હાર્દિક, જગત, વિક્રમ... પાપના પાંજરાના અસલી પંખીઓ!

હાર્દિક હુડિયા, જગત પારેખ, વિક્રમ સંઘવી અને વિક્રમ બાફના... આ એવા નામો છે જે સમાજની વચ્ચે મોટા શ્રાવક અને ધર્મના રક્ષક બનીને ફરતા હતા, પરંતુ હકીકતમાં તેઓ જૈન શાસનને અંદરથી કોરી ખાતી ધર્મની ઘાતક ઉધઈ સાબિત થયા છે! જે હાથ પરમાત્માની ભક્તિ અને પૂજ્ય સંતોની વંદના માટે જોડાવા જોઈએ, એ જ કલંકિત અને ભ્રષ્ટ હાથોએ મુનિશ્રીની પ્રતિષ્ઠાને કચડી નાખવા માટે કાવતરાના કાળા તાણાવાણા વણ્યા. શાસન સેવાનો મહોરો પહેરીને ફરેલા આ આસ્તીનના સાપોએ જે થાળીમાં ખાધું એ જ થાળીમાં છેદ કરવાની પાપલીલા આચરી છે.

સણસણતા અને લોહિયાળ સવાલો: જે આખી વ્યવસ્થાની રુહ ધ્રુજાવી દેશે!

1. અદ્રશ્ય આકા કોણ?: પકડાયેલા અને સીન સપાટા કરતા આ સામાન્ય પ્યાદાઓને કરોડોની ખંડણી માંગવાની હિંમત આપનાર પડદા પાછળનો અસલી માસ્ટરમાઈન્ડ કયા આલીશાન બંગલામાં એસીની હવા ખાઈને છુપાઈને બેઠો છે? એના કોલર સુધી ક્યારે પહોંચાશે?

2. ખાખીનો ઈકબાલ ક્યાં?: શું ગુજરાત પોલીસ આ વગદાર, રાજકીય અને સામાજિક સંબંધો ધરાવતા સફેદપોશ ગુંડાઓની શાન ઠેકાણે લાવીને તેમને જેલની ઘંટી પીસવા મજબૂર કરશે? કે પછી પડદા પાછળ સેટિંગ અને સમાધાનનો ગંદો ખેલ પાછો ચાલુ થશે?

3. સામાજિક બહિષ્કાર ક્યારે?: શું જૈન સમાજ આ ભયાનક ધર્મ-દ્રોહીઓનું સામાજિક હુક્કા-પાણી કાયમી માટે બંધ કરીને તેમને ચોક વચ્ચે નગ્ન (બેનકાબ) કરવાનું સનાતન સાહસ બતાવશે ખરો?

અંતિમ લલકાર: તારી તિજોરી ભારે હશે, પણ કુદરતનો લાકડો ભારે પડશે!




### પાક્કો ગુજરાત નો ખુલ્લો અને સીધો પડકાર

સાધુની શાખ, સંયમની પવિત્રતા અને ભગવા કપડાં સાથે રમનારા પાપીઓ યાદ રાખજો... તમારી તિજોરીઓ ભલે ગમે તેટલી ભારે હોય, વગ ભલે ગમે તેટલી મોટી હોય, પણ કાયદાનો હંટર અને કુદરતનો ન્યાય જ્યારે નશેનશમાં ઉતરશે ત્યારે તમને રાખ કરી દેશે. આ કલમ ત્યાં સુધી શાંત નહીં થાય, જ્યાં સુધી એક-એક ગદ્દાર જેલના સળિયા પાછળ પોતાના પાપોની આજીજી કરીને માફી નહીં માંગે!

ખેલ હજુ પૂરો થયો નથી... અસલી કદરૂપા ચહેરાઓના મહોરાં તો હજુ ઉતરવાના બાકી છે. પાક્કો ગુજરાત ના મહાવિસ્ફોટના આગામી સનસનાટીપૂર્ણ અને વિસ્ફોટક એપિસોડ માટે તૈયાર રહો!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## ‘સાત પગલાં ખેડૂત કલ્યાણના’ યોજના ખેડૂતો માટે બની આશીર્વાદરૂપ

ગોસા (ઘેડ)

ગુજરાત સરકાર ખેડૂતોના સર્વાંગી વિકાસ અને આવક બમણી કરવાના સંકલ્પ સાથે સતત કાર્યરત છે. ‘ખેડૂત સુખી, તો જગત સુખી’ના મંત્રને સાકાર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા અનેક ખેડૂતલક્ષી અને કલ્યાણ કારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે.

ખેતીમાં પડતી મુશ્કેલીઓ અને કુદરતી આફતો સામે ખેડૂતોને સુરક્ષા પૂરું પાડવા માટે સરકારની ‘સાત પગલાં ખેડૂત કલ્યાણના’ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ખેડૂતોને પાક સુરક્ષા અને આર્થિક સ્થિરતા મળે તે હેતુથી અમલમાં આવેલી આ યોજનાઓ ગ્રામ્ય વિસ્તારોમાં અસરકારક પરિણામ આપી રહી છે. આવો જ એક પ્રેરણાદાયી કિસ્સો ચોલીયાણા ગામમાંથી સામે આવ્યો છે.

ચોલિયાણા ગામના પ્રગતિશીલ ખેડૂત ડાયાભાઈ ભોજાભાઈ ધોકિયા પાસે અંદાજે પાંચ વીઘા ખેતીલાયક જમીન છે. ખેતીમાં પાકની સુરક્ષા તેમજ પશુ આહાર ના સંગ્રહ માટે તેઓ સતત ચિંતિત રહેતા હતા. આ સમસ્યાનો કાયમી ઉકેલ મેળવવા તેમણે સરકારની ‘સાત પગલાં ખેડૂત કલ્યાણના’ યોજના હેઠળ ‘મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર’ માટે અરજી કરી હતી.

ગ્રામ સેવકના માર્ગદર્શન હેઠળ તેમની અરજી મંજૂર થતાં નિયત માપદંડ મુજબ ખેતરમાં ગોડાઉનનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું હતું.

સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા જળવાય તે માટે નેટ કેમેરા અને GPS દ્વારા ફોટોગ્રાફી પણ કરવામાં આવી હતી. આશરે રૂ.૨.૪૫ લાખના ખર્ચે બનેલા આ સ્ટ્રક્ચર માટે જરૂરી દસ્તાવેજો સબમિટ કર્યા બાદ માત્ર ૨૦થી ૨૧ દિવસમાં જ સરકાર દ્વારા રૂ.૧ લાખની સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી. આ પાક સંગ્રહ સ્ટ્રક્ચર બનવાથી ડાયાભાઈને અનેક રીતે ફાયદો થયો છે.

## બાયોગેસ પ્લાન્ટથી ઓડદરના પશુપાલક ભરત ઓડેદરા બન્યા ગેસ માટે આત્મનિર્ભર

ગોસા (ઘેડ)

પોરબંદર જિલ્લામાં સ્વચ્છતા સાથે હરિત ઊર્જા તરફ લોકોનો ઝુકાવ સતત વધી રહ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ યોજના હેઠળ ગ્રામ્ય પરિવારોને પરંપરાગત ઈંધણના વિકલ્પ રૂપે બાયોગેસ પ્લાન્ટનો લાભ મળી રહ્યો છે, જેના કારણે ગ્રામ્ય જીવન વધુ સ્વાવલંબી અને પર્યાવરણમિત્ર બની રહ્યું છે.

પોરબંદર જિલ્લાના ઓડદર ગામના પશુપાલક ભરતભાઈ દેવાભાઈ ઓડેદરાને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી પોરબંદર દ્વારા વ્યક્તિગત ફ્લેક્સી બાયોગેસ પ્લાન્ટનો લાભ આપવામાં આવ્યો છે. બાયોગેસ પ્લાન્ટ શરૂ થયા બાદ તેઓ રસોઈ માટેના ગેસ મામલે આત્મનિર્ભર બન્યા છે. અગાઉ તેમના ઘરે દર વર્ષે અંદાજે ૮ થી ૯ એલ.પી.જી. ગેસ સિલેન્ડરની જરૂર પડતી હતી, જ્યારે હવે બાયોગેસ પ્લાન્ટના કારણે ગેસ બાટલા ભરાવવાની ઝંઝટમાંથી મુક્તિ મળી છે અને ઘરખર્ચમાં નોંધપાત્ર બચત થઈ રહી છે.

ભરતભાઈએ જણાવ્યું હતું કે, બાયોગેસ પ્લાન્ટમાંથી મળતી ગંધ રહિત અને સુરક્ષિત ગેસ સુવિધાથી પરિવારને મોટો ફાયદો થયો છે. ઉપરાંત પ્લાન્ટમાંથી મળતી સ્લરીનો ઉપયોગ તેઓ ઓર્ગેનિક પ્રવાહી ખાતર તરીકે કરે છે, જેના કારણે જમીનની ફળદ્રુપતા જળવાઈ રહી છે અને પાક ઉત્પાદનમાં વધારો નોંધાઈ રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી પોરબંદરની સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ યોજના હેઠળ બે કે તેથી વધુ પશુધન ધરાવતા ગ્રામ્ય પરિવારોને વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટનો લાભ આપવામાં આવે છે. અંદાજે રૂા.૪૨ હજારની કિંમત ધરાવતા પ્લાન્ટ માટે સરકારશ્રી દ્વારા રૂા.૩૭ હજારની સહાય આપવામાં આવે છે, જ્યારે લાભાર્થીએ માત્ર રૂા.૫ હજારનો ફાળો આપવાનો રહે છે.

## વિલાયત-સાયખા GIDC વિસ્તારમાં GSRTC દ્વારા નવી બસ સેવા શરૂ

ભરૂચ

ભરૂચ જિલ્લાના વિલાયત-સાયખા GIDC વિસ્તારમાં જાહેર પરિવહન સુવિધાને વધુ સશક્ત બનાવવા ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) દ્વારા નવી બસ સેવા શરૂ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર પરિવહનના વધુ ઉપયોગના આહવાન તેમજ વૈશ્વિક ઈંધણ સંકટને ધ્યાનમાં રાખીને આ મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી હોવાનું જણાવાયું છે.

વિલાયત-સાયખા GIDC એસોસિયેશન દ્વારા રાજ્ય સરકાર સમક્ષ જાહેર પરિવહનની સુવિધા શરૂ કરવા રજૂઆત કરવામાં આવી હતી. ગુજરાત સરકારના માર્ગદર્શન અને મંજૂરી બાદ GSRTC દ્વારા આ વિસ્તારમાં બે બસોની ફાળવણી કરવામાં આવી છે.

નવી બસ સેવા શરૂ થતા GIDC વિસ્તારમાં કાર્યરત કર્મચારીઓ, વેન્ડરો તેમજ વિલાયત, ભેરસમ અને સાયખા ગામોના ગ્રામજનોને દૈનિક અવરજવરમાં મોટી રાહત મળશે. આ સુવિધાના કારણે ખાનગી વાહનો પરની નિર્ભરતા ઘટાડવામાં પણ મદદ મળશે.

જાહેર પરિવહનને પ્રોત્સાહન મળવાથી ટ્રાફિકના દબાણમાં ઘટાડો થવાની સાથે ઈંધણ બચત અને પર્યાવરણ સંરક્ષણમાં પણ સકારાત્મક ફાળો મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

GSRTCના ડિસ્ટ્રિક્ટ કંટ્રોલર અધિકારી સંજય જોશીએ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે ડીઝલ અને પેટ્રોલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વધુમાં વધુ લોકો જાહેર પરિવહનનો ઉપયોગ કરે તે હેતુસર આ સેવા શરૂ કરવામાં આવી છે.

વિલાયત-સાયખા GIDCના પ્રમુખ હરીશ જોશીએ ગુજરાત સરકાર તથા GSRTCનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ઉદ્યોગ વિસ્તારમાં કાર્યરત હજારો લોકો માટે આ બસ સેવા અત્યંત ઉપયોગી અને લાભદાયી સાબિત થશે.

## પેટ્રોલ-ડીઝલની અછત વચ્ચે અંકલેશ્વરમાં અફરાતફરી : ખેડૂતો સૌથી વધુ મુશ્કેલીમાં

અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકામાં પેટ્રોલ અને ડીઝલની અછત અંગે ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે લોકોમાં અફરાતફરી જેવી સ્થિતિ સર્જાઈ હતી. સવારથી જ શહેર તથા તાલુકાના વિવિધ પેટ્રોલપંપો પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ઈંધણ ખૂટવાની ભીતિ વચ્ચે વાહનચાલકો મોટી સંખ્યામાં પેટ્રોલ-ડીઝલ ભરાવવા ઉમટી પડ્યા હતા.

ગત સાંજથી જ અનેક પેટ્રોલપંપો પર લોકો કેરબા અને ડબ્બા લઈને ઈંધણ લેવા પહોંચતા ભારે ભીડ જોવા મળી હતી. કેટલાક પંપો પર તો રાત્રિથી જ લાઈનો લાગી ગઈ હોવાનુ સામે આવ્યુ છે.

યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે વડાપ્રધાન દ્વારા પેટ્રોલ-ડીઝલનો મર્યાદિત ઉપયોગ કરવાની અપીલ બાદ ભરૂચ જિલ્લાના અનેક પેટ્રોલપંપો પર પેટ્રોલ અથવા ડીઝલ ઉપલબ્ધ નથી એવા પાટિયા લગાવવામાં આવ્યા હતા. જેના પગલે લોકોમાં ચિંતા અને ગભરાટનો માહોલ સર્જાયો હતો.

હાલ સિંચાઈની સિઝન ચાલતી હોવાથી ડીઝલની માંગમાં ભારે વધારો નોંધાયો છે. અંકલેશ્વર-હાંસોટ પંથકમાં ડાંગરનો પાક લેવાતો હોવાથી ખેતરોમાં પાણી પીવડાવવા ડીઝલ પંપ ચલાવવાની જરૂરિયાત ઉભી થઈ છે.

પરંતુ પેટ્રોલપંપ સંચાલકોએ કાર્બામાં ડીઝલ ન આપવાનો નિર્ણય લેતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતોએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે ખેતરો સુધી ટ્રેક્ટર અથવા મશીનો લઈ જવું શક્ય ન હોય ત્યારે સિંચાઈ કેવી રીતે કરવી? સ્થાનિક ખેડૂતોએ તાલુકા વહીવટી તંત્રને અપીલ કરી છે કે ખેડૂત હોવાના પુરાવા આધારે કાર્બામાં ડીઝલ આપવા પેટ્રોલપંપોને સૂચના આપવામાં આવે. શહેરમાં વધતી માંગને ધ્યાનમાં રાખી કેટલાક પેટ્રોલપંપ સંચાલકોએ વાહન દીઠ માત્ર ૨ લીટર પેટ્રોલ આપવાની વ્યવસ્થા શરૂ કરી છે, જેથી વધુમાં વધુ લોકોને ઈંધણ ઉપલબ્ધ થઈ શકે.

### ખાખીના વેપાર વચ્ચે ખાડે ગયેલી કાયદો-વ્યવસ્થા: SMC તાત્કાલિક ત્રાટકે તેવી સાર્વત્રિક પોકાર

# ખેડા જિલ્લો કે ગુંડા-બુટલેગરોની 'જાગીર'?




નડિયાદ

ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ બચ્યું હોય તેવું ચિત્ર ક્યાંય દેખાતું નથી. આખો જિલ્લો અસામાજિક તત્વો, જુગારીઓ અને બુટલેગરો માટે જાણે 'સેફ હેવન' બની ચૂક્યો છે. આ કોઈ સામાન્ય બેદરકારી નથી, પરંતુ જિલ્લા પોલીસ અધિક્ષકની છત્રછાયા અને સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટરો તેમજ તેમના વહીવટદારોની ખુલ્લી મિલીભગતનો ચોંકાવનારો પુરાવો છે. હપ્તાખોરીની મલાઈમાં ગળાડૂબ સ્થાનિક પોલીસ આંખ આડા કાન કરીને બેઠી છે, ત્યારે હવે ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) જ આ પાપના સામ્રાજ્યને નેસ્તનાબૂદ કરી શકે તેમ છે.

* ટુંડેલ બુલેટ ટ્રેન નજીકનો ખેલ: અહીં પ્રવીણ નામનો રીઢો ગુનેગાર–જે ભૂતકાળમાં ખાખી વર્દી પર હુમલો કરી ચૂક્યો છે–તે પશ્ચિમના એક વગદાર નેતાના આશીર્વાદથી ખુલ્લેઆમ જુગારધામ ચલાવે છે. તેણે આ અડ્ડો રોમી નામના શખ્સને દૈનિક મસમોટા ભાડે આપ્યો છે. વસો PI એસ.એફ. ચાવડા અને તેમના ખાસ 'વહીવટદાર' મિતેષ રબારીની સીધી સંમતિ વિના આ પાપનો વેપલો સંભવ જ નથી. દાવડા બુલેટ ટ્રેન ટ્રેક: વસીમ નામનો જુગારી વહીવટદારોની ગાઈડલાઈન મુજબ સતત લોકેશન બદલી-બદલીને મોટું જુગારધામ ચલાવી રહ્યો છે, જે સ્થાનિક તંત્રની લાચારી અથવા ભાગીદારી દર્શાવે છે. કેરિયાવી-આનંદપુરા કેનાલ: રૂરલ પોલીસની હદમાં લોટીયો નામનો કુખ્યાત બુટલેગર ખુલ્લેઆમ વિદેશી દારૂની મહેફિલો સજાવી રહ્યો છે, જ્યાં કોલેજના યુવાનો બરબાદીના પંથે ધકેલાઈ રહ્યા છે. અહીં વહીવટદાર મુકેશ ચૌધરીનું સમાંતર શાસન ચાલતું હોવાની ચર્ચા છે. * કનિપુરા સિંધી ચાલી: નડિયાદ ટાઉનની હદમાં, વડોદરાથી તડીપાર કરાયેલો રીઢો ગુનેગાર અરુણ ઉર્ફે મેલિયો ટાઉનના વહીવટદાર સુભાષના પીઠબળથી બેખૌફ બનીને જુગારધામ ચલાવી રહ્યો છે. ખેડામાં સત્તા અને ગુનાખોરીનું ગઠબંધન ચરમસીમાએ પહોંચ્યું છે. ધારાસભ્ય પંકજ દેસાઈ અને તેમના ભાઈ હેમલ ઉર્ફે ભયલુ સામે ગંભીર આક્ષેપો ઉઠ્યા છે કે, તેઓએ તડીપાર ગુંડા મેલિયાને માત્ર રાજકીય આશ્રય જ નથી આપ્યો, પરંતુ પદ અપાવીને તેને 'કાયદેસરનો ગુંડો' બનાવી દીધો છે. આ ગુંડા ગેંગનો ઉપયોગ રાજકીય વિરોધીઓ અને કડવું સત્ય લખતા પત્રકારોના અવાજને દબાવવા તથા તેમના પર હુમલા કરવા માટે થઈ રહ્યો હોવાની સનસનાટીભરી ચર્ચાઓએ જોર પકડ્યું છે. * સલુણ ચોપટી: અહીં જીતુ તળપદા દૈનિક લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઉતારે છે. છતાં, LCB PI કેવલ વેકરીયા અને તેમના મળતિયા વહીવટદારો–મુકેશ બારોટ અને જયેશ રબારી–પોતાની એસી ચેમ્બરોમાં બેસીને માત્ર વહીવટ ગણવામાં વ્યસ્ત છે. જિલ્લા એસપી વિજય પટેલની સાવ નબળી અને લાચાર નીતિને કારણે ચકલાસી, વડતાલ, માતર અને મહેમદાવાદ જેવા વિસ્તારોમાં તો ખાખીધારી વહીવટદારો પોતે જ દારૂના ધંધામાં સીધા ભાગીદાર બની ગયા હોવાની બૂમો ઉઠી છે.

### ગુજરાત કેબિનેટના મોટા નિર્ણયો

## ટ્રાફિક અને પ્રદૂષણ ઘટાડવા વર્ક ફ્રોમ હોમ પર CMનો ભાર

ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના વહીવટી તંત્ર અને જાહેર પરિવહનને લઈને કેટલાક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રગતિશીલ નિર્ણયો લેવામાં આવ્યા છે. વહીવટી કાર્યક્ષમતા વધારવા, ઈંધણનો બગાડ અટકાવવા અને પર્યાવરણની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ અધિકારીઓને આધુનિક ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાના કડક નિર્દેશ આપ્યા છે.

ગાંધીનગરમાં આયોજિત કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વહીવટી તંત્રમાં ડિજિટલ ગવર્નન્સને પ્રોત્સાહન આપવા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે:

1. વર્ક ફ્રોમ હોમની ચકાસણી: સરકારી વિભાગો અને કચેરીઓમાં કયા કામો કે કઈ કામગીરી ઘરબેઠા (Work From Home) થઈ શકે તેમ છે, તેની શક્યતાઓ ચકાસવા માટે તમામ વિભાગોને સૂચના આપી છે.



2. ઓનલાઈન મિટિંગો ફરજિયાત: વિવિધ જિલ્લાના અધિકારીઓને ગાંધીનગર ધક્કા ખાવા ન પડે અને સમય તેમજ સરકારી નાણાંનો બગાડ અટકે તે માટે બિનજરૂરી પ્રવાસ ટાળીને વધુમાં વધુ બેઠકો ઓનલાઈન (વીડિયો કોન્ફરન્સિંગ) માધ્યમથી જ કરવા જણાવાયું છે.

મુખ્યમંત્રીનો અભિગમ: આ નિર્ણયથી સરકારી કામકાજમાં ઝડપ આવશે, ટ્રાફિકનું ભારણ ઘટશે અને પ્રદૂષણ નિયંત્રણમાં પણ મોટો ફાયદો થશે.

કેબિનેટ બેઠકમાં ગુજરાતની જીવાદોરી સમાન એસટી નિગમ (GSRTC) ને લઈને પણ મોટો અને પ્રજાલક્ષી નિર્ણય લેવાયો છે. રાજ્યના નાગરિકો, ગ્રામીણ વિસ્તારો અને મુસાફરોની સુવિધામાં વધારો કરવા માટે આવતીકાલથી જ રાજ્યના માર્ગો પર ૩૦૦ નવી એસટી બસો દોડતી કરી દેવામાં આવશે.

* નવી સુવિધા: આ નવી બસોના આગમનથી મુસાફરોને વધુ આરામદાયક અને સમયસર પરિવહનની સુવિધા મળશે.

* રૂટોનું આયોજન: વેકેશન અને આગામી તહેવારોના દિવસોમાં મુસાફરોનો ધસારો જોતાં આ બસોને મહત્વના અને વ્યસ્ત રૂટો પર દોડાવવામાં આવશે, જેથી પબ્લિક ટ્રાન્સપોર્ટ વધુ મજબૂત બને.

આજની કેબિનેટ બેઠકના આ નિર્ણયો દર્શાવે છે કે ગુજરાત સરકાર હવે સ્માર્ટ ગવર્નન્સ અને ગ્રીન ટ્રાન્સપોર્ટેશન તરફ ઝડપથી આગળ વધી રહી છે.

### જેલમાંથી રચાયું લૂંટનું ભેજાબાજ કાવતરું

## બિહારની જેલમાં બેસીને સુરતમાં 50 લાખની બેન્ક લૂંટ કરાવનાર માસ્ટરમાઇન્ડને સુરત લવાશે

સુરત

આજે ગુનેગારો ટેકનોલોજીનો ઉપયોગ કરીને જેલના સળિયા પાછળથી પણ ગુનાખોરીનું સામ્રાજ્ય ચલાવી રહ્યા છે, તેનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સુરતમાં સામે આવ્યો છે. સુરતમાં બનેલી રૂ. 50 લાખની સનસનીખેજ બેન્ક લૂંટનો માસ્ટરમાઈન્ડ બીજો કોઈ નહીં, પરંતુ બિહારની જેલમાં બંધ એક રીઢો ગુનેગાર હોવાનું બહાર આવ્યું છે. સુરત પોલીસ હવે આ શાતિર ગુનેગારનો કબજો મેળવી તેને સુરત લાવવા માટેની તજવીજ હાથ ધરી રહી છે. મળતી માહિતી મુજબ, સુરતની બેન્કમાં ધોળા દિવસે ત્રાટકેલા લૂંટારુઓએ હથિયારના જોરે 50 લાખની લૂંટ ચલાવી હતી અને ફરાર થઈ ગયા હતા. સુરત ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. કડીઓ જોડતાં જોડતાં પોલીસના તાર છેક બિહારની જેલ સુધી પહોંચ્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મુખ્ય સૂત્રધારે બિહારની હાઈ-સિક્યોરિટી જેલની અંદર બેસીને જ મોબાઈલ ફોન દ્વારા સુરતના સ્થાનિક સાગરીતોનો સંપર્ક કર્યો હતો. તેણે જ બેન્કની રેકી કરાવી, હથિયારો ગોઠવ્યા અને લૂંટનો આખો પ્લાન તૈયાર કર્યો હતો. સુરત પોલીસ આ આંતરરાજ્ય ગેંગના નેટવર્કને તોડી પાડવા માટે કાયદાકીય પ્રક્રિયા તેજ કરી ચૂકી છે.

### ચોર્યાસી ટોલનાકું બન્યું ‘બેરિયરલેસ

## સુરતના નાગરિકો માટે ડબલ એન્જિન સરકારની મોટી ભેટ

સુરત

સુરત અને તેની આસપાસના વિસ્તારોમાં રોજેરોજ અવરજવર કરતા લાખો વાહનચાલકો અને સ્થાનિક રહીશો માટે ડબલ એન્જિન સરકાર દ્વારા એક ખૂબ જ મોટો અને ઐતિહાસિક લોકકલ્યાણકારી નિર્ણય લેવામાં આવ્યો છે. જનતાની લાંબા સમયની રજૂઆતો અને મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને સુરતના ચોર્યાસી ટોલનાકાને હવે ‘બેરિયરલેસ ટોલનાકું’ (Barrierless Toll Plaza) જાહેર કરવામાં આવ્યું છે. જનહિતમાં લેવાયેલા આ પ્રજાલક્ષી નિર્ણય બદલ સમગ્ર પંથકના નાગરિકો અને



આગેવાનો દ્વારા કેન્દ્ર તેમજ રાજ્ય સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

ચોર્યાસી ટોલનાકાને બેરિયરલેસ કરવાના આ મહત્વપૂર્ણ નિર્ણય બદલ સુરતની જનતા વતી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નિતિન ગડકરી, માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ બારડોલી લોકસભા વિસ્તારના સક્રિય સાંસદ શ્રી પ્રભુભાઈ એન. વસાવાનો ખાસ આભાર માનવામાં આવ્યો છે. સ્થાનિક સ્તરેથી થયેલી રજૂઆતોને દિલ્હી અને ગાંધીનગર સુધી યોગ્ય ન્યાય મળતાં જનતામાં ભારે હર્ષની લાગણી ફેલાઈ છે.

આ ટોલનાકું બેરિયરલેસ થવાથી સુરત અને આસપાસના વિસ્તારોના સ્થાનિક નાગરિકો અને દૈનિક વાહનચાલકો: જેમને રોજબરોજ કામ અર્થે અહીંથી પસાર થવું પડતું હતું, તેમના સમય અને ઈંધણની મોટી બચત થશે. વેપારીઓ અને ટ્રાન્સપોર્ટર્સ: માલસામાનની હેરફેર ઝડપી બનશે.

## પિતાએ પોતાના જ સગા દીકરાના પેટમાં ચપ્પુના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો

સુરત

સુરત શહેરમાંથી લોહીના સંબંધોને કલંકિત કરતી એક અત્યંત ચોંકાવનારી અને હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. સામાન્ય રીતે જે પિતા પોતાના સંતાનના ઉજ્જવળ ભવિષ્યની ચિંતા કરતો હોય છે, તે જ પિતાએ અહીં યમરાજનું રૂપ ધારણ કર્યું હતું. નોકરી ધંધા બાબતે ઠપકો આપવા જેવી નજીવી બાબતમાં પિત્તો ગુમાવી બેસેલા કળિયુગી પિતાએ પોતાના જ સગા દીકરાના પેટમાં ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઘવાયેલા પુત્રનું હોસ્પિટલમાં પાંચ દિવસની ટૂંકી સારવાર બાદ કરુણ મોત નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

સુરત શહેરમાં રહેતા આ પરિવારમાં પુત્ર કોઈ કામધંધો કે નોકરી કરતો ન હોવાથી ઘરના સભ્યો ચિંતિત હતા. ઘટનાના દિવસે પિતાએ પોતાના પુત્રને ભવિષ્ય સુધારવા અને નોકરી કરવા બાબતે સામાન્ય ઠપકો આપ્યો હતો.

### વડોદરા પોકસો કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

## સગીરાના અપહરણ અને જાતીય સતામણી કેસમાં આરોપી સમીર શેખને 7 વર્ષની સખત કેદ

વડોદરા

વડોદરા શહેરની સ્પેશિયલ પોકસો (POCSO) કોર્ટે મહિલાઓ અને સગીરાઓની સુરક્ષા મામલે એક મહત્વપૂર્ણ અને કડક ચુકાદો સંભળાવ્યો છે. વડોદરાની ૧૫ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ, મુંબઈ લઈ જઈને તેની સાથે જાતીય સતામણી કરનાર નરાધમ આરોપીને સ્પેશિયલ પોકસો કોર્ટે ૭ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ સાથે જ નામદાર કોર્ટે આરોપી પર આર્થિક દંડ વસૂલવા સહિત પીડિતાને યોગ્ય વળતર ચૂકવવાનો પણ કડક આદેશ કર્યો છે. કેસની વિગતો મુજબ, વડોદરાના સિટી વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષની સગીરાને યાકુતપુરા ભોઈવાડા વિસ્તારમાં રહેતો રિક્ષાચાલક સમીર અબ્દુલ લતીફ ઉર્ફે જેનુભાઈ શેખ લગ્નની ખોટી લાલચ આપીને ફોસલાવી ભગાડી ગયો હતો. આરોપી આ સગીરાને વડોદરાથી મુંબઈ ખાતે આવેલા તેના એક સંબંધીના ઘરે લઈ ગયો હતો. મુંબઈમાં આ નરાધમે સગીરાની મરજી વિરુદ્ધ તેની સાથે અશ્લીલ હરકતો કરી જાતીય સતામણી ગુજારી હતી. સગીરા અચાનક ગુમ થતાં ચિંતિત બનેલી માતાએ આ અંગે વડોદરાના વાડી પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. સગીરાના અપહરણની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વાડી પોલીસે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી ટેકનિકલ સોર્સિસની મદદથી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

પોલીસે ગણતરીના દિવસોમાં જ મુંબઈથી સગીરાને હેમખેમ મુક્ત કરાવી હતી અને આરોપી સમીર શેખની ધરપકડ કરી તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. આ ચકચારી કેસ વડોદરાની સ્પેશિયલ પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની ધારદાર દલીલો, પુરાવાઓ અને પીડિતાના નિવેદનને ગ્રાહ્ય રાખવામાં આવ્યા હતા. સુનાવણીના અંતે અધિક સત્ર ન્યાયાધીશ તથા સ્પેશિયલ પોકસો જજે આરોપી સમીર શેખને સગીરાના અપહરણ અને છેડતીના ગુનામાં કસૂરવાર ઠેરવી ૭ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

### રણોલીમાં તસ્કરોનો આતંક

## વૃદ્ધ દંપતી દર્શનાર્થે જતાં જ બંધ મકાનમાંથી 1.90 લાખની મત્તા સાફ

વડોદરા

વડોદરા નજીક આવેલા રણોલી ગામમાં તસ્કરોએ કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતી ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. રણોલીની ગાયત્રી ટાઉનશીપ વિસ્તારમાં રહેતા એક વૃદ્ધ દંપતીના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂા. 1.90 લાખની મત્તા ચોરીને રફુચક્કર થઈ ગયા છે. પરિવાર ધાર્મિક પ્રવાસે ગયો હોવાનો મોકો જોઈને તસ્કરોએ હાથફેરો કર્યો હતો.

મળતી વિગતો મુજબ, રણોલીની ગાયત્રી ટાઉનશીપમાં નિવૃત્ત દીલીપકુમાર પંચાલ તેમના પત્ની જયશ્રીબેન સાથે રહે છે. ગત ૧૦ મેના રોજ આ વૃદ્ધ દંપતી પોતાના ઘરને લોક કરીને દ્વારકાધીશના દર્શન કરવા માટે નીકળ્યું હતું. દ્વારકા દર્શન કર્યા બાદ તેઓ સોમનાથ મહાદેવના દર્શને જવાના હતા. જો કે, પરિવારની ગેરહાજરીનો લાભ સ્થાનિક તસ્કરોએ ઉઠાવ્યો હતો.

૧૨ મેના રોજ બપોરે પડોશમાં રહેતા લાલુભાઈની નજર દીલીપકુમારના ઘર પર પડી હતી, જેમાં ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો જણાતો હતો. કોઈ અજૂગતું થયું હોવાની શંકા જતાં લાલુભાઈએ તાત્કાલિક દીલીપકુમારના પુત્રને ફોન કરીને જાણ કરી હતી.


### નાગરિકોને હવે કચેરીઓના ધક્કા નહીં ખાવા પડે:નવી ‘CM-IGSMS’ સિસ્ટમ

## એક જ ટોલ-ફ્રી નંબર પર તમામ વિભાગોની સેવા; CM યુનિફાઇડ પોર્ટલથી ફરિયાદોના ઝડપી નિકાલનો દાવો

ગાંધીનગર

નાગરિકોની ફરિયાદોના ઝડપી અને પારદર્શક નિવારણ માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સરકાર ટૂંક સમયમાં ‘સી.એમ. યુનિફાઈડ પોર્ટલ’ એટલે કે CM-IGSMS (Chief Minister Integrated Grievance and Service Management System) શરૂ કરવા જઈ રહી છે. આ નવી વ્યવસ્થાથી નાગરિકોને અલગ-અલગ વિભાગોમાં ફરીને ફરિયાદ નોંધાવવાની જરૂર રહેશે નહીં અને એક જ પ્લેટફોર્મ પરથી તમામ રજૂઆતોનો નિકાલ શક્ય બનશે.

નવી સિસ્ટમ હેઠળ રાજ્યવ્યાપી એક ટોલ-ફ્રી મુખ્યમંત્રી હેલ્પલાઈન નંબર કાર્યરત કરવામાં આવશે. નાગરિકો ફોન દ્વારા પોતાની ફરિયાદ નોંધાવી શકશે. ફરિયાદ નોંધાતાની સાથે જ પોર્ટલ મારફતે સંબંધિત વિભાગના અમલીકરણ અધિકારી સુધી રજૂઆત ઓનલાઈન પહોંચાડવામાં આવશે. ફરિયાદના નિકાલની સમગ્ર



પ્રક્રિયા ડિજિટલ હોવાથી અરજદાર પોતાની ફરિયાદની સ્થિતિ પણ ટ્રેક કરી શકશે.

સરકારે આ પોર્ટલને વધુ અસરકારક બનાવવા માટે દરેક વિભાગ અને બોર્ડ-નિગમમાં ખાસ ફરિયાદ નિવારણ અધિકારીઓની નિમણૂક કરવાનો નિર્ણય લીધો છે. ઉપરાંત, અમલીકરણ અધિકારીઓ સાથે સમીક્ષક અધિકારીઓ પણ સતત મોનિટરિંગ કરશે જેથી સમયમર્યાદામાં ફરિયાદોનો ઉકેલ આવે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા 14 મેના રોજ સચિવાલયના તમામ વિભાગીય વડાઓને આ અંગે જરૂરી સૂચનાઓ પણ જારી કરી દેવામાં આવી છે. હાલ કાર્યરત મુખ્યમંત્રી હેલ્પલાઈન વ્યવસ્થાને વધુ આધુનિક અને વિસ્તૃત સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે.

સરકારના મતે આ નવી વ્યવસ્થાથી સામાન્ય નાગરિકોને નાની-મોટી સમસ્યાઓ માટે સરકારી કચેરીઓ સુધી લાંબા ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. ટેકનોલોજીના ઉપયોગથી વહીવટી તંત્રને વધુ જવાબદાર અને લોકકેન્દ્રિત બનાવવાનો સરકારનો પ્રયાસ છે. આગામી સમયમાં આ પોર્ટલ રાજ્યની સરકારી સેવાઓમાં મોટા પરિવર્તન લાવશે તેવી ચર્ચા છે.

પાક્કો ગુજરાત
શનિવાર । 16 મે 2026 । અમદાવાદ

### મુંબઈના ઉદ્યોગપતિ દંપતી અને ત્રણ એડવોકેટ સહિત 7 સામે ગુનો નોંધાયો

# વાગરા તાલુકાના ગંધાર ગામે 350 એકર સરકારી જમીનની લીઝ મામલે કરોડોનું કૌભાંડ બહાર આવ્યું

વાગરા

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના ગંધાર ગામે સરકારી માલિકીની આશરે ૩૫૦ એકર જમીન પર મીઠું પકવવાના લીઝ હક્કો મેળવવા માટે આચરાયેલા મોટા કૌભાંડનો પર્દાફાશ થતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી છે. આ મામલે વાગરા પોલીસ મથકે મુંબઈના ઉદ્યોગપતિ દંપતી, ત્રણ એડવોકેટ સહિત કુલ સાત વ્યક્તિઓ સામે ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદી એઝાઝ આદમભાઈ પટેલ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, તેમના દાદા સ્વ. વલીભાઈને વર્ષ ૧૯૮૫ દરમિયાન સરકાર દ્વારા ગંધાર ગામે ૩૫૦ એકર જમીન મીઠું પકવવાના હેતુસર લીઝ પર ફાળવવામાં આવી હતી. જમીનના વહીવટ અને વ્યવસાય માટે તેમણે ક્રુસેડ ફાઈનાન્સ કંપનીના પાર્થિવ એલ. દેસાઈ સાથે ભાગીદારી કરી હતી.

**લીઝ હક્કો મેળવવા માટે આચરાયેલા મોટા કૌભાંડનો પર્દાફાશ થતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી**

ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૧૫માં સ્વ. વલીભાઈના અવસાન બાદ આરોપી પાર્થિવ દેસાઈ અને તેમની પત્ની રોહિણી દેસાઈએ "વીમારંઝુ સોલ્ટ વર્ક્સ"ના નામે સમગ્ર વહીવટ પોતાના કબજામાં લઈ લીધો હતો. ભાગીદારી કરાર હોવા છતાં ફરિયાદીના વારસદારોને નફામાં કોઈ હિસ્સો આપવામાં આવ્યો ન હતો.

આ ઉપરાંત આરોપીઓએ ભરૂચના ત્રણ એડવોકેટ સહિત અન્ય સાથે મળી ગુનાહિત કાવતરું રચી ફરિયાદીના પિતા અને કાકાના નામે ખોટા સંમતિપત્રો તૈયાર કર્યા હતા. તેમાં નકલી સહીઓ અને અંગૂઠાના નિશાનો કરીને તે દસ્તાવેજોને અસલી દર્શાવી ભરૂચ કલેક્ટર કચેરીમાં રજૂ કરાયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ખોટા દસ્તાવેજોના આધારે આરોપીઓએ મીઠું પકવવાના લીઝ હક્કોનું રીન્યુઅલ કરાવી લઈ અસલ વારસદારોના અધિકારો છીનવી લીધા હોવાનું સામે આવ્યું છે.

વાગરા પોલીસે હાલ દસ્તાવેજી પુરાવાઓની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. ખાસ કરીને કલેક્ટર કચેરીમાં રજૂ કરાયેલા સંમતિપત્રો, નકલી સહીઓ અને અંગૂઠાના નિશાનો પાછળ રહેલા મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવા માટે તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં આરોપીઓની ધરપકડ અને સઘન પૂછપરછ બાદ વધુ મહત્વના ખુલાસાઓ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.



### 240 જગ્યા માટે એન્ટ્રન્સ પરીક્ષા લેવાશે

## સાયન્સ ફેકલ્ટીમાં BCA વિભાગમાં બેઠકો ઘટાડાનો નિર્ણય રદ કરાયો

તોતિંગ ફી વધારા અને પ્રવેશ બેઠકોમાં કરાયેલા ઘટાડા સામે વિદ્યાર્થી પરિષદ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો

વડોદરા

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના BCA વિભાગમાં કરવામાં આવેલા તોતિંગ ફી વધારા અને પ્રવેશ બેઠકોમાં કરાયેલા ઘટાડા સામે વિદ્યાર્થી પરિષદ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. ત્યારે આ વિભાગમાં બેઠકો ઘટાડવામાં આવી હતી જેને લઈ ભારે વિરોધ જોવા મળ્યો હતો. આજે મેનેજમેન્ટે આ વિભાગમાં બેઠકો યથાવત રાખવાનો નિર્ણય લેતા હવે વધુ વિદ્યાર્થીઓ એડમિશન લઈ શકશે.

સાયન્સ ફેકલ્ટીના BCA (બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન) વિભાગમાં અગાઉ 240 બેઠકો હતી, જે ઘટાડીને 120 કરવામાં આવી હતી. આ સાથે ફી વધારો પણ કરવામાં આવ્યો હતો. જેનો વિદ્યાર્થી સંગઠન NSUI અને ABVP દ્વારા ભારે વિરોધ વચ્ચે મેનેજમેન્ટે આખરે બેઠકોમાં કરાયેલ ઘટાડાને પગલે નિર્ણય લઈ 240 બેઠકો ભરવામાં આવશે તે નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે ફી વધારા માટે અમે સાયન્સ ફેકલ્ટીના ડીન પ્રો. વિપુલ કલમકર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, અમારી પાસે ઈન્ફ્રાસ્ટ્રકચર મુજબ 80થી 120 બેઠકોની વ્યવસ્થા છે. જો કે આ બાબતે અમે મેનેજમેન્ટ સાથે વાતચીત કરતા તેઓએ બાહેંધરી આપી છે કે વધારે બેઠકો પ્રમાણે વ્યવસ્થા કરી આપવામાં આવશે. બીજી તરફ ફી વધારાને લઈ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

તેમણે વધુમાં કહ્યું હતું કે, અમારી પાસે ચાર કોમ્પ્યુટર લેબોરેટરી છે પણ હવે બીસીએ કોર્સ ત્રણની જગ્યાએ ચાર વર્ષનો થઈ ગયો છે. ઉપરાંત 240 વિદ્યાર્થીઓ માટે ચાર લેબોરેટરી પૂરતી નથી એટલે આગામી બે મહિનામાં 80-80 કોમ્પ્યુટરો સાથેની બે નવી લેબોરેટરી બનાવવામાં આવશે. આ લેબોરેટરી પાછળ લગભગ એક કરોડ રુપિયાના ખર્ચનો અંદાજ છે. યુનિવર્સિટી સત્તાધીશોને લેબોરેટરી માટે કોમ્પ્યુટર ખરીદી સહિતની બીજી મંજૂરી વહેલી તકે આપવા માટે અમે વિનંતી કરી છે.આ વખતે પણ અત્યાર સુધીમાં 700 જેટલા ફોર્મ ભરાઈ ચૂકયા છે.ફોર્મ ભરવા માટે હજી એક સપ્તાહનો સમય છે ત્યારે 240 બેઠકો ભરવામાં પણ કોઈ મુશ્કેલી પડે તેમ નથી.

### હાય રે! મજબૂરી...

# કડાણાના રાઠડા બેટ ગામમાં જાનૈયાઓને નાવડીમાં લઇ વરરાજા પરણવા નીકળ્યાં..!

કડાણા

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાનું રાઠડા બેટ ગામ ખાતે લગ્ન પ્રસંગ દરમિયાન એક અનોખું અને ભાવુક દૃશ્ય જોવા મળ્યું હતું. સામાન્ય રીતે લગ્ન પ્રસંગોમાં ડીજે, બેન્ડવાજા અને વૈભવી કારોનું આકર્ષણ જોવા મળે છે, પરંતુ અહીં વરરાજા જાનૈયાઓ સાથે નાવડીમાં બેસીને લગ્ન મંડપ સુધી પહોંચ્યા હતા. કડાણા ડેમની જળરાશીથી ચારે તરફ ઘેરાયેલા રાઠડા બેટ ગામમાં આજે પણ રસ્તાની કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. ગામના લોકો માટે નાવડી જ અવરજવરનું એકમાત્ર સાધન બની ગઈ છે. સુખનો પ્રસંગ હોય કે દુઃખનો, અથવા તાત્કાલિક કામસર બહાર જવાનું હોય, ગ્રામજનોને નાવડીના સહારે જ મુસાફરી કરવી પડે છે. તાજેતરમાં જ ગામમાં યોજાયેલ એક લગ્ન પ્રસંગ દરમિયાન



વરરાજા અને જાનૈયાઓ નાવડીમાં સવાર થઈને લગ્ન સ્થળે પહોંચતા જોવા મળ્યા હતા. ઢોલ-નગારા અને ડીજેના તાલ વચ્ચે નહીં, પરંતુ પાણીના માર્ગે નાવડીમાં સફર કરીને પહોંચ્યા હતા. રાઠડા બેટ ગામમાં લગ્નમાં પહોંચવાની આ પરંપરા અહીંના લોકો માટે સામાન્ય બાબત બની ગઈ છે. સતત નાવડીમાં મુસાફરી કરવાના અનુભવને કારણે ગ્રામજનો નિર્ભય બની ગયા છે અને લાઈફ જેકેટ વગર પણ મુસાફરી કરતા જોવા મળે છે. આધુનિક યુગમાં વાહનો અને રસ્તાઓની સુવિધાઓ વચ્ચે જીવતા લોકો માટે આ દૃશ્યો આશ્ચર્યજનક લાગે, પરંતુ રાઠડા બેટ ગામના લોકો પોતાની માતૃભૂમિ છોડવા તૈયાર નથી. વર્ષોથી તેઓ નાવડીના સહારે જીવન જીવતા આવ્યા છે. ગ્રામજનોની લાંબા સમયથી માંગ છે કે ગામ સુધી પહોંચવા માટે પુલ અને રસ્તાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે. પુલ બનાવવાની જાહેરાતો અનેક વખત થઈ હોવા છતાં હજી સુધી પુલ બનાવવામાં આવ્યો નથી.

# કલોલની સઈજ GIDCમાં ગેસ ગળતરથી 3 શ્રમિકોના મોત

મફતલાલ કંપનીમાં અંડરગ્રાઉન્ડ ટાંકીની સફાઈ કરતા 3 પરપ્રાંતીયોએ જીવ ગુમાવ્યો, એકની હાલત ગંભીર

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના ઔદ્યોગિક હબ ગણાતા કલોલના સઈજ GIDC વિસ્તારમાં ગતરાત્રિએ એક કાળજું કંપાવનારી દુર્ઘટના ઘટી છે. મફતલાલ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં આવેલા ઈટીપી (ETP) પ્લાન્ટની અંડરગ્રાઉન્ડ ટાંકી સાફ કરવા ઉતરેલા ત્રણ પરપ્રાંતીય શ્રમિકોના ઝેરી ગેસ ગળતરને કારણે ગૂંગળામણને કારણે મોત નિપજ્યાં છે. જ્યારે અન્ય એક શ્રમિક ગંભીર હાલતમાં હોસ્પિટલ સાવરાવર હેઠળ છે.

ઉલ્લેખનીય છે કે, આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને ઔદ્યોગિક એકમોમાં શ્રમિકોની સુરક્ષાને લઈને ફરી એવાર ગંભીર સવાલો ઊભા થયા છે. આ મામલે કલોલ તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કલોલના સઈજ GIDC વિસ્તારમાં આવેલી 'મફતલાલ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ'ની યુનિટ સી/15થી 18માં તાડપત્રીના કાપડ પર કલર કામ કરવામાં આવે છે. આ



પ્રક્રિયા દરમિયાન નીકળતા રંગીન પાણીના શુદ્ધિકરણ માટે એક આરસીસીની અંડરગ્રાઉન્ડ ટાંકી બનાવવામાં આવી છે, ત્યારે આ ટાંકીની સાફસફાઈની કામગીરી 14 એપ્રિલની રાત્રિના આશરે સાડા નવ વાગ્યાની આસપાસ હાથ ધરવામાં આવી હતી. શ્રમિકો દ્વારા ટાંકીમાંથી મોટર પંપ વડે પાણી કાઢ્યા બાદ તળિયે દોઢ ફૂટ જેટલો જમા થયેલો કચરો અને કાદવ દૂર કરવા માટે શ્રમિકો પ્લાસ્ટિકના કેરબા અને લોખંડની સીડીના સહારે એક પછી એક ટાંકીમાં ઉતર્યા હતા. સૌ પ્રથમ અમિત પરીહાર અને અમરકુમાર શ્રીવાસ્તવ ટાંકીમાં ઉતર્યા હતા અને ઉતરતાની સાથે જ ગૂંગળામણને કારણે બેભાન થઈ કાદવમાં ફસાયા હતા. પોતાના મિત્રોને બચાવવા માટે અનિલ લોધી પણ અંદર ઉતર્યો, પરંતુ તે પણ ગૂંગળામણનો શિકાર બન્યો અને બેભાન થઈ ત્યાં ઢળી પડ્યો હતો. અંતે આ ત્રણેયને બચાવવાના પ્રયાસમાં શિવનાથ દુબેએ પણ ટાંકીમાં ઝંપલાવ્યું હતું. જોકે, ટાંકીમાં રહેલા ઝેરી વાયુ અને ઓક્સિજનની અછતને કારણે તે પણ ત્યાં જ ફસાઈ ગયો હતો. આમ, સાથીદારોને બચાવવાની મથામણમાં શ્રમિકો કાળનો કોળિયો બન્યા હતા. આ કરૂણાંતિકામાં જીવ ગુમાવનાર ત્રણેય યુવાનો પરપ્રાંતીય હતા.

## શહેરા તાલુકાના ભેંસાલ-પાદરડી રોડ પર જોખમી રીતે નમેલું વાંસનું ઝાડ વાહનચાલકો માટે બન્યું માથાનો દુખાવો

શહેરા

શહેરા તાલુકાના ભેસાલ - પાદરડી ગામ જવાના રસ્તે જોખમી રીતે નમી પડેલુ વાંસનું ઝાડ વાહનચાલકો માટે જોખમકારક બનીન અકસ્માતને ખુલ્લા આમંત્રણ સમાન બની રહ્યું છે.તંત્ર દ્વારા આ વાંસને દુર કરવામા આવે તેવી માંગ તેવી વાહનચાલકોની માંગ કરવામા આવી રહી છે. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં આવેલા ભેંસાલ ગામની પ્રાથમિક શાળા પાસેથી પસાર થતા ભેંસાલ-પાદરડી રોડ પર એક વાંસનું ઝાડ નમી પડતાં વાહનચાલકોને ભારે અગવડતાનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તા પર ઝાડ નમી જવાને કારણે અડધો રોડ રોકાઈ ગયો છે, જેના લીધે અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે.

ભેંસાલ પ્રાથમિક શાળાથી પાદરડી ગામને જોડતા મુખ્ય રસ્તા પર છેલ્લા કેટલાય સમયથી આ વાંસનું ઝાડ (વાસણ) જોખમી રીતે નમી ગયું છે. આ માર્ગ ગોપી, મંગલિયાણા અને પાદરડી જેવા અનેક ગામોને જોડતો મુખ્ય રસ્તો હોવાથી અહીંથી નાના-મોટા વાહનોની સતત અવરજવર રહે છે.સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વાંસની ડાળીઓ રોડ પર નીચી નમી હોવાથી ખાસ કરીને બાઈક ચાલકોને વધુ હાલાકી ભોગવવી પડે છે.

રાત્રિના સમયે આ ડાળીઓ નજરે ન પડતા વાહનચાલકો ઈજાગ્રસ્ત થાય તેવી પણ શક્યતા છે. તંત્ર દ્વારા સત્વરે આ નમી પડેલા વાંસને દૂર કરવામાં આવે તેવી વાહનચાલકો અને ગ્રામજનોમાં માંગ ઉઠી છે.



### નર્મદા જિલ્લા કલેક્ટર તરીકેનો ચાર્જ સંભાળતા કલેક્ટર ગંગા સિંઘ (IAS)

રાજપીપલા

રાજ્ય સરકાર દ્વારા IAS અધિકારીઓની બદલી અને નિમણૂંક સંદર્ભે જાહેર કરાયેલા તાજેતરના હુકમ મુજબ રાજપીપળા- નર્મદા જિલ્લાના નવા કલેક્ટર તરીકે ગંગા સિંઘ (IAS) ની નિમણૂંક કરવામાં આવી છે.

તેઓએ નર્મદા જિલ્લા કલેક્ટર તરીકેનો વિધિવત્ત ચાર્જ સંભાળ્યો છે. ગંગા સિંઘ અગાઉ વડોદરા મહાનગરપાલિકામાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યા હતા. વહીવટી ક્ષેત્રેનો તેમનો અનુભવ અને શહેરી વિકાસ ક્ષેત્રેનું કાર્ય નોંધપાત્ર રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા હવે તેમને નર્મદા જિલ્લાના કલેક્ટર તરીકે મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે.

## મોંઘા દાટ ઇંધણથી મુક્તિ મેળવવા પાટનગરનો મિજાજ બદલાયો : 4 વર્ષમાં વિશ્વાસ બમણો થયો

અમદાવાદ

રશિયા-યુક્રેન સહિતની વૈશ્વિક યુદ્ધની સ્થિતિ અને ક્રૂડ ઓઈલની અફડાતફડી વચ્ચે ગાંધીનગરના વાહનચાલકોએ હવે સ્માર્ટ વિકલ્પ પસંદ કર્યો છે. પેટ્રોલ પંપ પરની લાંબી કતારો અને મોંઘા ઈંધણને તિલાંજલિ આપીને પાટનગરના લોકો ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) તરફ વળ્યા છે. વર્ષ 2026ના શરૂઆતના પાંચ મહિનામાં જ EVના ગ્રાફમાં 35%નો વધારો નોંધાયો છે.

ચાલુ વર્ષે જાન્યુઆરીથી મે મહિનાના મધ્ય સુધીમાં જિલ્લામાં



કુલ 28,070 નવા વાહનો રજિસ્ટર થયા છે, જેમાંથી 1,528 વાહનો માત્ર ઈલેક્ટ્રિક સેગમેન્ટના છે.

2022માં કુલ વેચાણમાં EVનો હિસ્સો માત્ર 2.56% હતો, જે વર્ષ 2026માં વધીને 5.44% પર પહોંચી ગયો છે. એટલે કે દર વર્ષે ઈલેક્ટ્રિક વાહનોનો સ્વીકાર બમણી ઝડપે વધી રહ્યો છે. માત્ર ટુ-વ્હીલર જ નહીં, પણ હવે લક્ઝરી કાર સેગમેન્ટમાં પણ પ્યોર EV અને હાઈબ્રિડ મોડલ્સની એન્ટ્રી થતા લોકો બેટરી ટેકનોલોજી પર વધુ વિશ્વાસ મૂકી રહ્યા છે. વડાપ્રધાનના ગ્રીન એનર્જીના વિઝનને હવે જમીની સ્તરે વેગ મળી રહ્યો હોય તેવું દેખાય છે. મધ્યમ વર્ગ હવે પેટ્રોલના ખર્ચને બચાવવા EVને પ્રાધાન્ય આપી રહ્યો છે. 2025માં પણ 2,137 પ્યોર EV અને 782 હાઈબ્રિડ વાહનોની નોંધણી થઈ હતી, જે દર્શાવે છે કે હવે ઈંધણ સંચાલિત વાહનોનો જમાનો ધીમે ધીમે ઓસરી રહ્યો છે.

# જગતના તાતના પરિશ્રમને મળ્યું રાજ્ય સરકારનું પીઠબળ

પ્રગતિશીલ ખેડૂતને 'પાક સંગ્રહ સ્ટ્રક્ચર' બનાવવા માટે મળી રૂ.1 લાખની સહાય

પોરબંદર

ગુજરાત સરકાર હંમેશા ખેડૂતોના સર્વાંગી ઉત્કર્ષ અને તેમની આવક બમણી કરવા માટે મક્કમ નિર્ધાર સાથે કાર્યરત રહી છે. 'ખેડૂત સુખી, તો જગત સુખી' ના મંત્રને સાર્થક કરવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ખેતીમાં પડતી મુશ્કેલીઓ અને કુદરતી આફતો સામે ખેડૂતોને સુરક્ષા કવચ પૂરું પાડવા માટે સરકારની 'સાત પગલાં ખેડૂત કલ્યાણના' યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ખેડૂતોના પરિશ્રમને યોગ્ય વળતર મળે અને તેમનો પાક સુરક્ષિત રહે તેવા ઉમદા હેતુથી અમલી બનાવાયેલી આ યોજનાઓ આજે ગ્રામ્ય સ્તરે વટવૃક્ષ બનીને ખેડૂતોને આર્થિક અને માનસિક હૂંફ પૂરી પાડી રહી છે. આવો જ એક પ્રેરણાદાયી કિસ્સો પોરબંદર જિલ્લાના ચોલિયાણા ગામેથી પ્રકાશમાં આવ્યો છે. ચોલિયાણા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી ડાયાભાઈ ભોજાભાઈ ધોકિયા પાસે અંદાજે ૫ વીઘા જેટલી ખેતીલાયક જમીન છે. ખેતીમાં પાકની સુરક્ષા અને પશુ આહારના સંગ્રહ માટે તેઓ હંમેશા ચિંતિત રહેતા હતા. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે તેમણે ગુજરાત સરકારની સાત પગલાં ખેડૂત કલ્યાણના અંતર્ગત 'મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર' બનાવવા માટે અરજી કરી હતી. ગ્રામ સેવકના માર્ગદર્શન હેઠળ તેમની અરજી મંજૂર કરવામાં આવી અને નિયત લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈના માપદંડો સાથે તેમણે પોતાના ખેતરમાં ગોડાઉનનું નિર્માણ શરૂ કર્યું. આ પ્રક્રિયા દરમિયાન પારદર્શિતા જળવાય તે હેતુથી નેટ કેમેરા અને જીપીએસ (GPS) દ્વારા ફોટોગ્રાફી પણ કરવામાં આવી હતી. આ પાક સંગ્રહ સ્ટ્રક્ચર તૈયાર કરવામાં તેમને અંદાજે રૂ. ૨,૪૫,૦૦૦ નો ખર્ચ થયો હતો. જરૂરી દસ્તાવેજો અને ફાઈલ ગ્રામ સેવકને સુપરત કર્યાના માત્ર ૨૦-૨૧ દિવસના ટૂંકા ગાળામાં જ સરકાર દ્વારા રૂ. ૧,૦૦,૦૦૦ ની આર્થિક સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરી દેવામાં આવી હતી.

### બુટલેગરોના નેટવર્ક પર વધુ એક મોટો પ્રહાર

## લીમડી પોલીસની ફરી સુંદર કામગીરી : નંબર વગરની XUVમાંથી લાખોનો વિદેશી દારૂ ઝડપાયો

વરોડ ટોલનાકા પાસે એલ.સી.બી. અને લીમડી પોલીસની સંયુક્ત કાર્યવાહી

દાહોદ

દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકામાં દારૂની હેરાફેરી રોકવા માટે પોલીસ સતત સક્રિય બની છે. ત્યારે એલ. સી.બી. દાહોદ તથા લીમડી પોલીસ દ્વારા ફરી એકવાર અસરકારક કામગીરી હાથ ધરી નંબર વગરની મહિન્દ્રા XUV 7X0 કારમાંથી પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહીએ બુટલેગરોમાં ફફડાટ મચાવી દીધો છે.

મળતી માહિતી મુજબ, એલ.સી.બી. દાહોદના અ.હે.કો. અલ્કેશભાઈ મોગાભાઈ તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતા દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે એક સફેદ રંગની નંબર વગરની મહિન્દ્રા XUV 7X0




કારમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી ઝાલોદ તરફથી લીમડી તરફ લાવવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસ ટીમે પંચોને સાથે રાખી લીમડી નજીક વરોડ ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી.

દરમિયાન બાતમી મુજબની કાર આવતાં પોલીસે તેને અટકાવી તપાસ હાથ ધરી હતી. કારમાં તપાસ કરતાં ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂ મળી આવ્યો હતો. પોલીસે કારચાલકની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ રસીકલાલ ભગવાનભાઈ પુંજાભાઈ પ્રજાપતિ, રહેવાસી બાંસવાડા (રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે વધુ તપાસ કરતાં કારમાંથી "KINGFISHER Super Strong Premium Beer" ના કુલ ૨૮૮ ટીન મળી આવ્યા હતા, જેની અંદાજિત કિંમત રૂ. ૪૦,૩૨૦ ગણવામાં આવી હતી. ઉપરાંત દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી નંબર વગરની મહિન્દ્રા XUV 7X0 કારની કિંમત રૂ. ૨૫ લાખ ગણવામાં આવી હતી. આમ કુલ રૂ. ૨૫,૪૦,૩૨૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો.

### 25 વીજચોરી ઝડપાઈ, રૂ. 40 લાખનો દંડ ફટકારાયો

## નબીપુર, હિંગલ્લા અને પારખેત ગામોમાં DGVCLનું મેગા ચેકિંગ ઓપરેશન હાથ ધરાયું

ભરૂચ

ભરૂચ જિલ્લાના નબીપુર, હિંગલ્લા અને પારખેત ગામોમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા વીજચોરી અટકાવવા માટે વહેલી સવારે મેગા ચેકિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ સઘન કાર્યવાહીમાં કુલ 25 વીજચોરીના કિસ્સાઓ ઝડપાઈ આવ્યા હતા, જ્યારે અંદાજે રૂ. 40 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ, સવારે 6 વાગ્યાથી પોલીસ અને સિક્યુરિટી સ્ટાફના બંદોબસ્ત સાથે DGVCLની કુલ 31 ટીમોએ ત્રણેય ગામોમાં એકસાથે સઘન ચેકિંગ કામગીરી શરૂ કરી હતી. ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ રચાયેલી ટીમોએ અલગ અલગ વિસ્તારોમાં વીજ જોડાણોની વિગતવાર તપાસ હાથ ધરી હતી. સવારે 11 વાગ્યા સુધી ચાલેલી આ કામગીરી દરમિયાન કુલ 1080 જેટલા વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન 25 જેટલા વીજ જોડાણોમાં ગેરરીતિ




તથા વીજચોરીના કિસ્સાઓ સામે આવ્યા હતા. ઝડપાયેલી વીજચોરીમાં ડાયરેક્ટ લંગરિયા મારફતે વીજ ઉપયોગ, મીટરમાં ચેડાં તેમજ ગેરકાયદેસર કનેક્શન જેવા કિસ્સાઓનો સમાવેશ થાય છે. વિભાગ દ્વારા સંબંધિત ગ્રાહકો સામે નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરી અંદાજે રૂ. 40 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું અધિકૃત સૂત્રોએ જણાવ્યું હતું. DGVCLની આ અચાનક હાથ ધરાયેલી મેગા ચેકિંગ કામગીરીને કારણે વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો.

## તંત્રી લેખ...

# 'ખોટા ખર્ચ પર કાપ' કે જનતાની પરસેવાની કમાણી પર ધાડ?

તાજેતરમાં વહીવટી તંત્રો કે સત્તાધીશો દ્વારા અવારનવાર એક લલચામણું વાક્ય સાંભળવા મળે છે: 'ખોટા ખર્ચ પર કાપ મૂકવામાં આવશે.' પરંતુ, આ વાક્ય પોતે જ એક બહુ મોટો અને ગંભીર સ્વીકાર છે. આ શબ્દો સાબિત કરે છે કે શાસન વ્યવસ્થામાં 'ખોટા ખર્ચ' થતા જ હતા અને થઈ રહ્યા છે! સવાલ એ થાય કે, જે ખર્ચ ખોટો છે, તેને ચલાવી જ કેમ લેવાય? તણાવ, મંદી કે આર્થિક કટોકટી જેવી સ્થિતિ હોય ત્યારે જ જનતાના પૈસા બચાવવાની યાદ કેમ આવે? સામાન્ય દિવસોમાં જનતાની પરસેવાની કમાણીનો આંધળો ધુમાડો કરવાનો પરવાનો કોણે આપ્યો? ખોટો ખર્ચ એટલે શું? જનતાની તિજોરી પર સરકારી તાગડધિન્ના! પ્રજા જ્યારે દૂધ, તેલ, શિક્ષણ અને પેટ્રોલ પર આકરો ટેક્સ ચૂકવે છે, ત્યારે એ પૈસાથી હોસ્પિટલો, રસ્તા અને શાળાઓ બનવા જોઈએ. પરંતુ આ નાણાં ક્યાં વપરાય છે? * વીઆઈપી કલ્ચર અને લક્ઝરી: મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓના બંગલાઓના કરોડોના રીનોવેશન, મોંઘીદાટ લક્ઝુરિયસ ગાડીઓનો કાફલો. * ઉત્સવો અને વાહવાહના તાયફાઓ: કરોડો રૂપિયા માત્ર નેતાઓ પોતાના પ્રમોશન અને બ્રાન્ડિંગ પાછળ સરકારી કાર્યક્રમોના નામે ફૂંકી મારે છે. * કાગળ પરની યોજનાઓની જાહેરાતો: જે યોજનાઓનો લાભ જમીન સ્તર સુધી પહોંચતો નથી, તેની જાહેરાતો પાછળ કરોડોની નકામી હોર્ડિંગ્સબાજી થાય છે. * ઘાતક સવાલ: જે ખર્ચ જનતાના કોઈ કામનો નથી, જે માત્ર સત્તાધીશોની એશો-આરામ કે ચમક-દમક માટે થાય છે, તે કાયદેસરની લૂંટ સિવાય બીજું શું છે? કાપ અસ્થાયી કેમ? કાયમી પ્રતિબંધ કેમ નહીં? જ્યારે પણ કોઈ આપત્તિ આવે કે સરકારની તિજોરી ખાલી થવા આવે, ત્યારે તંત્ર 'ખોટા ખર્ચ પર કાપ'નું નાટક ભજવે છે. આ કોઈ મહેરબાની નથી. જો એ ખર્ચ ખોટો છે, તો તેના પર કાયમી અને આજીવન પ્રતિબંધ કેમ નથી મૂકાતો? સ્થિતિ સામાન્ય હોય કે અસામાન્ય, જનતાના લોહી-પરસેવાના એક-એક રૂપિયાનો હિસાબ હોવો જોઈએ. પ્રજા ટાંચા સાધનોમાં જીવીને ટેક્સ ભરે અને શાસકો પ્રજાના જ પૈસે રાજાશાહી ભોગવે, તે લોકશાહીનું સૌથી કદરૂપું ચિત્ર છે.




પાક્કો ગુજરાત વ્યુ: હવે નાટક બંધ કરો!

સરકારે હવે આ 'કાપ'ના નાતકમાંથી બહાર આવીને કાયમી નૈતિકતા બતાવવી પડશે.

1. ખોટા ખર્ચને ગુનો જાહેર કરો: જનતાના પૈસાનો બગાડ કરનારા અધિકારીઓ અને નેતાઓ પાસેથી વસૂલાત થવી જોઈએ.
2. શ્વેતપત્ર જાહેર થાય: કયા વિભાગે ક્યાં બિનજરૂરી ખર્ચ કર્યો તેનો હિસાબ જનતા સામે ખુલ્લો મૂકાવો જોઈએ.

અંતિમ વાત: જનતા હવે જાગૃત છે. 'ખોટા ખર્ચ પર કાપ'ની હેડલાઈનો બનાવીને વાહવાહ મેળવવાનું બંધ કરો. જે ખોટું છે, તે હંમેશા માટે બંધ થવું જ જોઈએ–પછી ભલે તિજોરી છલકાતી હોય કે ખાલી હોય!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# 16 મે :આંતરરાષ્ટ્રીય પ્રકાશ વર્ષ

- પ્રકાશ વિશે આપણે શું જાણીએછીએ,?
- પક્ષીઓ અલ્ટ્રાવાયોલેટ પ્રકાશમાં જોઈ શકે છે
- કેટલાક જંતુઓ અને માછલીઓ, ઇન્ફ્રારેડ પ્રકાશ જોઇ શકે છે, જે મનુષ્ય જોઈ શકતા નથી
- પ્રકાશ સાત રંગોનો બનેલો છે
- અવકાશમાં તારા ગ્રહોમાંથી લાખો કિમિનું અંતર પ્રકાશ વર્ષમાં મપાય છે

મનુષ્યના જીવનમા પ્રકાશનું મહત્વ સૌથી વિશેષ છે. જીવનમાં પ્રકાશ જ ન હોય તો બધું જ અંધકારમય બની જાય છે.પ્રકાશ પૃથ્વીનો ઉર્જા સ્ત્રોત છે. પ્રકાશ વિના, વનસ્પતિ પ્રકાશસંશ્લેષણ દ્વારા ઉર્જા બનાવી શકતી નહીં. સૂર્ય પ્રકાશની હાજરીમાં લીલી વનસ્પતિ પ્રકાશ સંશ્લેષણની ક્રિયા કરીને પોતાનો ખોરાક બનાવે છે.સરળ શબ્દોમાં કહીએ તો, પ્રકાશ પૃથ્વી પર જીવનનો પદાર્થ છે, ઉર્જાનો સ્ત્રોત છે.અને તેના વિના, જીવન કે અસ્તિત્વ નથી.પ્રકાશ વિના, છોડનું જીવન પ્રકાશસંશ્લેષણ દ્વારા ખીલી શકશે નહીં, એક પ્રક્રિયા જેમાં છોડ કાર્બન ડાયોક્સાઈડ અને પાણીમાંથી ખોરાકને સંશ્લેષણ કરવા માટે સૂર્યના પ્રકાશનો ઉપયોગ કરે છે. બધો જ પ્રકાશ સૂર્યમાંથી આવે છે એટલે સૂર્યને પ્રકાશનો સ્ત્રોત કહેવામાં આવે છે.

વિજ્ઞાનની ભાષામાં કહીએ તો પ્રકાશ એ ફોટોન નામના કણોથી બનેલું ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશનનો એક પ્રકાર છે.આંખમાં સંવેદના ઉપજાવતાં વિદ્યુતચુંબકીય વિકિરણને પ્રકાશ કહેવાય છે. પ્રકાશના તરંગો વિદ્યુતચુંબકીય તરંગો છે. તેને પ્રસરવા માટે માધ્યમની જરૂર નથી. તે બિનયાંત્રિક તરંગો છે. પ્રકાશ મૂળભૂત ફોટોન કણો નો બનેલો હોય છે.




પ્રકાશ તરંગોમાં રેડિયો તરંગોથી લઈને માઈક્રોવેવ્સ, ઈન્ફ્રારેડ, દશ્યમાન પ્રકાશ, અલ્ટ્રાવાયોલેટ, એક્સ-રે અને ગામા કિરણો, અન્ય વચ્ચે વિવિધ ફ્રીક્વન્સીઝ અને તરંગલંબાઈ હોઈ શકે છે. દશ્યમાન પ્રકાશ એ તરંગલંબાઈની શ્રેણી છે જે માનવ આંખો જોઈ શકે છે, જેમાં સાત રંગોનો સમાવેશ થાય છે: લાલ, નારંગી, પીળો, લીલો, વાદળી, ઈન્ડિગો અને વાયોલેટ.પ્રકાશ સાત રંગોનો બનેલો છે.આપણે દશ્યમાન પ્રકાશ તરંગોને 'મેઘધનુષ્યના રંગો' તરીકે જોઈએ છીએ , દરેક તેમની પોતાની તરંગલંબાઈ સાથે. સૌથી લાંબાથી ટૂંકા સુધી, આમાં શામેલ છે: લાલ, નારંગી, પીળો, લીલો, વાદળી અને વાયોલેટ.

આમ તો પ્રકાશ ઘણા પ્રકારના છે. અમુક પ્રકાશ એવા છે જે પ્રાણીઓ જોઈ શકે છે જે આપણે કરી શકતા નથી. દા. ત.તરીકે પક્ષીઓ અલ્ટ્રાવાયોલેટ પ્રકાશમાં જોઈ શકે છે, જેમાં તરંગો હોય છે જે દશ્યમાન પ્રકાશ કરતાં ટૂંકા હોય છે પરંતુ એક્સ-રે કરતાં લાંબા હોય છે. સાપ, તેમજ કેટલાક જંતુઓ અને માછલીઓ, ઈન્ફ્રારેડ પ્રકાશ જોઈ શકે છે, જે મનુષ્ય જોઈ શકતા નથી પરંતુ ગરમીના સ્વરૂપમાં અનુભવી શકે છે.આગિયા જે પ્રકાશનું ઉત્સર્જન કરે છે, તેને જૈવ સંદીપ્તિ કહે છે. આગિયાના શરીરમાં રાસાયણિક સંયોજન દરમિયાન પરમાણુઓ ઉત્તેજના-ઊર્જા મેળવે છે. આવા ઉત્તેજિત પરમાણુ-ઊર્જાનું પ્રકાશ સ્વરૂપે ઉત્સર્જન થાય છે.

**- લેખક :દીપક જગતાપ**

# વડવાઓનું વિજ્ઞાન

આપણા વડવાઓ ઘૈડિયા ગાંડા નહોતા, વિજ્ઞાન અને વિરાસતનો સંગમ

આજે આપણે 21મી સદીમાં જીવી રહ્યા છીએ, જ્યાં બટન દબાવતા જ કામ થઈ જાય છે. પણ ક્યારેક વિચાર્યું છે કે આ ઝડપ ની કિંમત આપણે આપણા શરીરથી ચૂકવી રહ્યા છીએ? આપણા વડવાઓ જે જીવનશૈલી જીવતા હતા, એ માત્ર પરંપરા નહોતી, પણ એક જીવંત વિજ્ઞાન હતું.

પહેલાના સમયમાં ઘરે-ઘરે પથ્થરની હાથઘંટીઓ હતી. બે પથ્થરો વચ્ચે જ્યારે અનાજ ધીમે-ધીમે દળાતું, ત્યારે તેના પૌષ્ટિક તત્વો અને કુદરતી તેલ જળવાઈ રહેતા. આજે ઓટોમેટિક ઘંટીઓમાં હાઈ-સ્પીડ કટરનો ઉપયોગ થાય છે. આ કટરની ગરમી લોટને બાળી નાખે છે, જેના કારણે લોટમાં રહેલા વિટામિન્સ અને મિનરલ્સ નષ્ટ થઈ જાય છે. આપણે લોટ નથી ખાતા, પણ મરેલું અનાજ ખાઈએ છીએ.




પહેલાં વલોણું હતા એ માત્ર પ્રક્રિયા નહીં, અમૃતનું સર્જન હતું, પહેલાના સમયમાં સવારના પહોરમાં વલોણાનો મધુર અવાજ સંભળાતો. પ્રભાતીયા ની સાથે, જ્યારે દહીંનું મંથન વલોણાથી થતું, ત્યારે તેમાં રહેલા તત્વો સક્રિય રહેતા અને માખણ કુદરતી રીતે અલગ પડતું. આજે ઈલેક્ટ્રિક બ્લેન્ડર અને મિક્સરના હાઈ આર.પી.એમ. (RPM) ને કારણે છાશ અને માખણના કુદરતી ગુણો નાશ પામે છે. જે અમૃત મળવું જોઈએ, તે માત્ર એક પ્રવાહી બનીને રહી જાય છે.

ખલ-દસ્તો અને સાંબેલું, કસરત સાથે કસ હતા

પહેલાં મસાલા હંમેશા પથ્થરના ખલમાં કે ખાંડણી-સાંબેલાથી ખાંડવામાં આવતા, પથ્થર સાથેના ઘર્ષણથી મસાલાની સુગંધ અને તેના ઔષધીય ગુણો ઉભરી આવતા. આજે મિક્સરની ગરમી મસાલાના તીખાશ અને ગુણને બાળી નાખે છે. એવી જ રીતે, સૂપડાથી અનાજ સાફ કરવાની પદ્ધતિમાં એક પ્રકારની શારીરિક કસરત પણ છુપાયેલી હતી. આજે રસોડામાં ગ્લાઈડર, બ્લેન્ડર, મિક્સર અને ફૂડ પ્રોસેસરનો ભરપૂર ઉપયોગ થાય છે. આપણે સમય બચાવ્યો પણ પોષણ ગુમાવ્યું છે મશીનોની ગરમી તત્વોને બાળી નાખે છે.

સ્વાદ ગુમાવ્યો

જે મજા પથ્થર પર વાટેલી ચટણીમાં હતી, તે મિક્સરમાં નથી.

આરોગ્ય ગુમાવ્યું

બેઠાડુ જીવન અને યંત્રો પરની નિર્ભરતાએ ડાયાબિટીસ અને બીપી જેવા રોગો આપ્યા છે.

આપણા વડવાઓ પાસે ડિગ્રીઓ નહોતી, પણ અનુભવનું ભાથું હતું. તેઓ જાણતા હતા કે જે ખોરાક ધીમેથી બને છે અને કુદરતી પદ્ધતિથી તૈયાર થાય છે, તે જ શરીરને પોષણ આપે છે. આજે આપણે મશીનોના ગુલામ બનીને ઝડપી તો બન્યા, પણ સ્વસ્થ નથી રહ્યા. ફરી એકવાર એ જૂની પદ્ધતિઓ તરફ વળવાની જરૂર છે, જેથી આવનારી પેઢીને આપણે માત્ર વારસો જ નહીં, પણ તંદુરસ્તી પણ આપી શકીએ.

**- ભરત પટેલ ઉમીયા**

# ભારતનું સંરક્ષણ, સર્વાંગી ઉન્નતિ અને લોકકલ્યાણ અર્થે શ્રી રાજમાતંગી મહાયજ્ઞ

યજ્ઞ એ સનાતન સંસ્કૃતિનું એક અત્યંત મહત્વનું અંગ છે. ધર્મગ્રંથોમાં વર્ણન કરેલા યજ્ઞોનો લાભ સમાજને મળે તે માટે કેટલાક સંતો સતત પ્રયત્નશીલ છે. સંતોના અથક પ્રયત્નોને કારણે જ આજે યજ્ઞ સંસ્કૃતિ ટકી રહી છે. વિશ્વ કલ્યાણ માટે યજ્ઞ-યાગ કરવાની આપણી પ્રાચીન પરંપરા છે. હાલમાં સમગ્ર વિશ્વ પર ત્રીજા વિશ્વયુદ્ધના વાદળો છવાયેલા છે. જોકે રાજકીય અને બૌદ્ધિક સ્તરે પ્રયત્નો થઈ રહ્યા છે, પરંતુ આધ્યાત્મિક પીઠબળ હોવું ખૂબ જ મહત્ત્વનું છે અને તેથી જ મુંબઈમાં સનાતન સંસ્થા દ્વારા 'શ્રી રાજમાતંગી મહાયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું છે.

સનાતન સંસ્થાના આશ્રમમાં અત્યાર સુધી રામરાજ્યની સ્થાપના અને સમાજ કલ્યાણ માટે ૩૦૦ થી વધુ યજ્ઞો અને ૧,૦૦૦ થી વધુ ધાર્મિક વિધિઓ કરવામાં આવી છે. જેમાં સાગ્નિચિત્ અશ્વમેધ મહાસોમયાગ, ઉચ્છિષ્ટ ગણપતિ યજ્ઞ, ચંડીયાગ, ધન્વંતરી યાગ, સંજીવની હોમ, પંચમહાભૂત યાગ ઈત્યાદિનો સમાવેશ થાય છે. આ યજ્ઞોનો સંકલ્પ ધર્મકાર્યમાં આવતા અવરોધો દૂર થાય અને રામરાજ્યરૂપી હિંદુ રાષ્ટ્રની સ્થાપના થાય તેવા સમષ્ટિ કલ્યાણનો હતો. મે ૨૦૨૫ માં ગોવા ખાતે યોજાયેલા 'સનાતન રાષ્ટ્ર શંખનાદ મહોત્સવ'માં ભારતના રક્ષણ અને વિજય માટે શતચંડી યજ્ઞ અને અખિલ માનવજાતના કલ્યાણ માટે 'શ્રી મહાધન્વંતરી યાગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દેશ-વિદેશના સંતો-મહંતો સહિત ૩૦ હજારથી વધુ ભક્તો અને ધર્મપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી રાજમાતંગી દેવીનું કાર્ય અને મહાયજ્ઞનું પ્રયોજન ! : આદિશક્તિ દેવી સતીના ક્રોધમાંથી નિર્માણ થયેલા શક્તિના દસ રૂપો એટલે 'દશમહાવિદ્યા'!શ્રી માતંગી દેવી આદિશક્તિના મુખ્ય સલાહકાર હોવાથી તેમને 'શ્રી રાજમાતંગી' કહેવામાં આવે છે. આ દેવીની ઉપાસનાથી શત્રુઓ પર નિયંત્રણ પ્રાપ્ત થતું હોવાથી, વર્તમાન યુદ્ધજન્ય પરિસ્થિતિમાં તપોભૂમિ ભારતનું રક્ષણ કરવા માટે શ્રી રાજમાતંગી દેવીનું સુરક્ષા કવચ અનિવાર્ય છે. શ્રીવિષ્ણુના વિવિધ દશાવતારો સમયે પણ દશમહાવિદ્યા કાર્યરત હોય છે. ત્રેતાયુગમાં શ્રી રામના અવતાર સમયે શ્રી રાજમાતંગી દેવીનું તત્વ કાર્યરત હતું, તેથી જ આદર્શ રામરાજ્યની સ્થાપના થઈ શકી ! વર્તમાન સમયમાં પણ રામરાજ્યના નિર્માણ માટે શ્રી રાજમાતંગી દેવીની કૃપા અત્યંત આવશ્યક છે.



રાજમાતંગી 'વિજયપ્રદા' છે. હાલના સમયમાં ભારતને સુરક્ષા કવચ મળે અને ભારતની સર્વાંગી ઉન્નતિ થાય તે હેતુથી સનાતન સંસ્થાએ 'શ્રી રાજમાતંગી મહાયજ્ઞ'નું આયોજન કર્યું છે. આ પ્રસંગે શ્રી રાજમાતંગી દેવીની સ્તુતિ કરીને ભારતના સર્વાંગી વિકાસ અને રક્ષણ માટે સામૂહિક પ્રાર્થના કરવામાં આવશે. સનાતન સંસ્થાના સંસ્થાપક સચ્ચિદાનંદ પરબ્રહ્મ ડૉ. જયંત આઠવલેજીએ જ્યાંથી ધર્મકાર્યનો આરંભ કર્યો હતો, તે મુંબાદેવીની નગરીમાં આયોજિત આ મહાયજ્ઞ એટલે 'રામરાજ્ય નિર્માણ'ની દિશામાં એક ઐતિહાસિક પગલું છે ! આ યજ્ઞનો આધ્યાત્મિક લાભ લેવા આપ સૌને પરિવાર સાથે ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**સ્થળ : નર્દુલ્લા ટેંક મેદાન, શ્રી સિદ્ધિવિનાયક મંદિરની પાછળ, પ્રભાદેવી, મુંબઈ.**

**દિનાંક : રવિવાર, 17 મે 2026**

**સમય : બપોરે 3.30 થી સાંજે 7.30 વાગ્યા સુધી.**

**સંપર્ક ક્રં. : 7208130830**

**સંકલક : શ્રી. અભય વર્તક, પ્રવક્તા, સનાતન સંસ્થા.**

# બેસહારા બાળપણ બેહાલીમાં ડૂબી ગયું અને ગંદકીમાં દટાઈ ગયું, એટીએમની રોશનીના અજવાળે પ્રગટેલું ભવિષ્ય

**અહીં પાઠયપુસ્તકો તો શીખવવાય છે, પણ એની સાથોસાથ સાચું જીવન જીવવાના પુસ્તકનાં પાઠો પણ શીખવવામાં આવે છે. તેઓ આ ગરીબ બાળકોને શીખવે છે કે, 'મહેનતથી કમાવ, ક્યારેય ચોરી કરવી નહીં, માતા-પિતાને આદર આપવો, દેશને પ્રેમ કરવો અને સાચો માણસ જ એ છે કે જે બીજાને મદદ કરે.' પ્રારંભમાં બિજેન્દ્રના પરિવારને આ સઘળું પસંદ નહોતું, પણ એક દિવસ એક ગરીબ બાળક આવીને બિજેન્દ્રની પત્નીના પગમાં પડયો અને કહ્યું, 'માતાજી, જો આ ગુરુજી ન હોત તો આજે હું ફાટેલા કપડાં પહેરીને, ચંપલ વિના ઠેર ઠેર ભીખ માગતો હોત...'**

જિંદગીની ખરી મોજ અને મસ્તી જ એ છે કે જ્યારે ઘોર નિરાશાના ગાઢ અંધકારમાં આંખોને અજવાળે એવું કોઈ આશાનું કિરણ જોવા મળે. આજે ધનની ઘેલછામાં ચોપાસ આંધળી દોડ લગાવતી આ દુનિયામાં ક્યાંક દિલની અમીરીનો અહેસાસ થાય. દહેરાદૂન શહેરના પટેલનગરના ગીચ વિસ્તારમાં આવેલી બેંકના એટીએમ સેન્ટરમાં આખો દિવસ ચહલપહલ ચાલ્યા કરતી હોય છે. બહાર ખુરશી પર સુરક્ષાગાર્ડ બિજેન્દ્ર આવનજાવન પર ચાંપતી નજર રાખતો હતો. એ એટીએમમાં પ્રવેશતા લોકોને સાવધાનીથી જોતો હતો. કોઈ મોબાઈલમાં વાત કરતા કરતા એટીએમમાં પ્રવેશ કરતા, તો કોઈ ઉતાવળે બાજુમાં કાર પાર્ક કરીને તરત એટીએમમાંથી પૈસા લઈને આગળ વધી જતા. બહાર બેઠેલો સુરક્ષા ગાર્ડ બિજેન્દ્ર સિંહ આ સઘળું ધ્યાનથી જોતો હતો અને સાંજે છ વાગે એટીએમ બંધ થયા બાદ આ સુરક્ષાગાર્ડ બ્રિજેન્દ્ર સિંહનું ખરું કામ શરૂ થતું. બરાબર છ વાગે બેંક બંધ થાય અને ધીરે ધીરે દહેરાદૂનનાં રસ્તાઓ પર અંધકાર પોતાની પછેડી પાથરતો હોય, ત્યારે બ્રિજેન્દ્ર સિંહ ફૂટપાથ પર બેસતા. થોડીક ક્ષણોમાં તો આસપાસની ઝૂંપડપટ્ટીઓમાંથી એકાએક નાનાં બાળકો દોડતાં દોડતાં બ્રિજેન્દ્ર સિંહ પાસે આવી જાય. કોઈ બાળકના હાથમાં જૂની નોટબૂક હોય, તો કોઈના ખભા પર ફાટેલો થેલો હોય, કેટલાકે ચંપલ જ પહેર્યા ન હોય! કેટલાંક બાળકો આખો દિવસ કચરો વીણીને આવ્યાં હોય અને કેટલાક હોટલમાં વાસણ ધોઈને આવ્યાં હોય. આકરી મજૂરી કરી હોવા છતાં બાળકોના ચહેરા પર થાક કે ગમગીનીને બદલે એક પ્રકારનો ઉત્સાહ નજરે પડે. ધસમસતા બાળકો બ્રિજેન્દ્ર સિંહ પાસે આવીને તરત બોલતા, 'ગુરુજી, અમે આવી ગયા.' અને બ્રિજેન્દ્ર સિંહ હસતા હસતા સહુને ફૂટપાથના પગથિયે બેસાડતા અને એટીએમની બહારની ફૂટપાથ થોડા જ સમયમાં શાળામાં ફેરવાઈ જતી. આમ તો બ્રિજેન્દ્ર સિંહ પહેલાં ભારતીય સેનામાં સુબેદાર તરીકે સેવા આપી ચૂક્યા હતા. સેનામાં હતા એટલે આપોઆપ શિસ્ત, કર્તવ્યપાલન અને દેશપ્રેમ એની રગરગમાં વહેતા હોય તે સ્વાભાવિક છે, પરંતુ સાથોસાથ મજબૂત દેહ ધરાવતો આ સૈનિક સંવેદનશીલ હૃદય પણ ધરાવે છે. એક વાર ૨૦૦૧માં સેનાના સૈનિક તરીકે અમૃતસરમાં ફરજ બજાવતા હતા, ત્યારે પવિત્ર સુવર્ણમંદિરની બહારથી પસાર થતા એમણે જોયું તો કેટલાંક ગરીબ બાળકો કચરામાંથી પ્લાસ્ટિક અને લોખંડના ટુકડા વીણતાં હતાં. એક બાળક સાવ મેલુઘેલું હતું, તો બીજા બાળકના પગમાં ચંપલ નહોતા, ત્રીજાનું ખમીસ ફાટેલું હતું અને એક નાની બાળકી દુર્ગંધ મારતા કચરાનાં ઢગલાની બાજુમાં બેસીને રડી રહી હતી. બિજેન્દ્ર એની પાસે ગયા અને એને સાંત્વના આપી. એમને પૂછયું, 'તમે શાળાએ નથી જતા?' એક બાળકે કહ્યું, 'સાહેબ, ઘરમાં ખાવાના પૈસા નથી, ત્યારે ભણવું એ તો ઘણી દૂરની વાત થઈ.' બીજાએ કહ્યું, 'આ પ્લાસ્ટિક અને લોખંડના



ટુકડા વીણીને જે કંઈ રકમ મળે છે તેમાંથી મારા ઘરનું ગુજરાન ચલાવું છું. જો આ કામ ન કરું તો મારા ભાઈ-બહેનો ભૂખે મરે.' બાળકોનાં આ વીતકોએ બિજેન્દ્ર પર ઊંડી અસર પાડી. એ મનોમન વિચારવા લાગ્યા કે, 'આવી ગરીબીમાં જીવતાં બાળકો કઈ રીતે શાળાએ જઈ શકે? કઈ રીતે અભ્યાસ કરવા માટે સમય ફાળવી શકે?' બિજેન્દ્ર આખી રાત સૂઈ શક્યા નહીં અને મનમાં વિચારવા લાગ્યા કે, 'આવી બેસહારા જિંદગી જીવવી પડે છે તેમાં આ બાળકોનો શો દોષ? એમનું બાળપણ તો ગંદકીમાં-બેહાલીમાં-દટાઈ ગયું છે અને ગરીબીમાં ડૂબી ગયું છે.' બિજેન્દ્ર માત્ર ઠાલી સહાનુભૂતિમાં નહોતા માનતા, પણ સક્રિય કાર્યમાં શ્રદ્ધા ધરાવતો હતો. આ બાળકોની ગરીબી દૂર કરવા માટે કશુંક કરવું જોઈએ. બીજા જ દિવસે એમણે પોતાના સિનિયર ઑફિસર પાસે જઈને કહ્યું, 'સર, હું ડ્યૂટી પછી ગરીબ બાળકોને ભણાવવા માગું છું.' અધિકારીએ બિજેન્દ્રના ચહેરા પર અંકાયેલી દઢતાની રેખાઓ જોઈ, પણ સાથોસાથ સવાલ કર્યો, 'સૈનિકની આવી આકરી નોકરી પછી તમે કઈ રીતે બાળકોને ભણાવી શકશો?' બિજેન્દ્રએ કહ્યું, 'સર, દેશસેવા કરવી એ મારો ધર્મ છે. માત્ર બંદૂકથી દેશસેવા થતી નથી, બલ્કે અજ્ઞાન સામે લડીને પણ દેશસેવા થાય છે. મારે આ બાળકોનાં જીવનમાંથી અજ્ઞાનનો અંધકાર દૂર કરવો છે અને એમને જ્ઞાનનો પ્રકાશ આપવો છે.' ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ બિજેન્દ્રનો પહેલો વર્ગ શરૂ થયો. વર્ગનો સમય તે એમની સૈનિક તરીકેની આકરી મહેનતભરી ડ્યૂટી પછીનો સમય. પાંચ બાળકો સાથે આ શાળાનો પ્રારંભ થયો. એ સમયે ન તો વર્ગખંડ હતો, ન કોઈ બૅન્ચ હતી કે ન સામે બ્લેકબોર્ડ હતું - બિજેન્દ્ર પાસે હતો માત્ર ભણાવવાનો જુસ્સો. ધીરે ધીરે આ માટેનાં સાધનો એકઠાં કર્યાં અને એ પછી મજૂરી કરતા આ બાળકોને બારાખડી શીખવતા, ગણિતના દાખલાઓ ગણાવતા, રસભરી વાર્તાઓ કહેતા અને સૈનિક હોવાથી દેશપ્રેમ તો એમને માટે સૌથી મહાન. એ બાળકોને દેશસેવાનું મહત્ત્વ પણ સમજાવતા. ધીરે ધીરે બાળકોની સંખ્યા વધવા લાગી, પણ એવામાં બિજેન્દ્રની અમૃતસરમાંથી જમ્મુ બદલી થઈ. જમ્મુમાં પણ એણે લશ્કરી સેવા બાદ ગરીબ બાળકોને ભણાવવાનું ચાલુ રાખ્યું. એ પછી એમનો નિવૃત્તિનો સમય આવ્યો. એ દહેરાદૂનમાં રહેવા આવ્યા અને આજીવિકા માટે એટીએમમાં ગાર્ડની નોકરી કરવા લાગ્યા. નોકરી એ એમની જરૂરિયાત હતી, તો બાળકોને ભણાવવા એ એમનું ધ્યેય હતું. પરિણામે દહેરાદૂનનાં પટેલનગર વિસ્તારમાં આવેલા બેંકના એટીએમની બહાર રોજ સાંજે એક અનોખું દશ્ય સર્જાતું. એટીએમની ભીતરમાં લોકો પોતાની જરૂરિયાત માટે નાણાં લેતા હતા, તો બીજી બાજુ એની બહાર બિજેન્દ્ર બાળકોનું ભવિષ્ય સર્જી રહ્યા હતા. એટીએમની અંદરની ઝળહળાટવાળી લાઈટનો પ્રકાશ બહાર સુધી આવતો હતો અને એ બહારના પ્રકાશમાં જમીન પર બેસીને બાળકો અભ્યાસ કરતા હતા.

બિજેન્દ્ર એકેએક બાળકને નામથી ઓળખતા અને એમણે હોમવર્ક કર્યું કે નહીં, ગણિતનો દાખલો બરાબર ગણ્યો કે નહીં, એ બધી બાબત એમને પૂછતા. એક દિવસ દહેરાદૂનમાં ભારે વરસાદ પડયો. પટેલનગર વિસ્તારમાં રસ્તા પર પાણી ભરાઈ ગયું, ચાલવાનું પણ મુશ્કેલ બની ગયું, લોકોને લાગ્યું કે આજે આ ફૂટપાથ પરનો વર્ગ નહીં ચાલે, પરંતુ થોડા જ સમયમાં બિજેન્દ્ર છત્રી લઈને આવ્યા અને બાળકો પણ આવી પહોંચ્યા અને એટીએમની છત નીચે વર્ગ શરૂ થયો. એક બાળકે નિર્દોષભાવે કહ્યું, 'ગુરુજી, આજે તો ભારે વરસાદ પડયો. જુઓને! ચારે બાજુ પાણી ભરાઈ ગયા છે, ચાલવું પણ મુશ્કેલ બની ગયું છે.' બિજેન્દ્રએ હસીને કહ્યું, 'મુશળધાર વરસાદ પણ આપણા મનનાં સ્વપ્નાંનાં માર્ગને રોકી શકતો નથી.' બિજેન્દ્ર આ સ્કૂલના શિક્ષક તો ખરા જ, પણ આને માટે કોઈની પાસે પૈસા માગતા નથી. પોતાના પગારનો મોટો ભાગ બાળકો માટે નોટબૂક, પુસ્તકો અને સ્કૂલબૅગ ખરીદવામાં વાપરે છે. એક વાર એક બાળક સાવ ફાટેલી બૅગ લઈને આવ્યો, આખી બેંગ દોરીથી બાંધેલી હતી, બીજે દિવસે બિજેન્દ્ર નવી બૅગ લઈને આવ્યા અને એ બાળકને આપતા કહ્યું કે, 'હવે તારા સપનાં પણ આ નવી બૅગની જેમ નવાં નવાં સર્જાશે.' છાતી સાથે એ બૅગ લગાવીને બાળક ધ્રૂસકેને ધ્રૂસકે રડી પડયો. વળી અહીં પાઠયપુસ્તકો તો શીખવવાય છે, પણ એની સાથોસાથ સાચું જીવન જીવવાના પુસ્તકનાં પાઠો પણ શીખવવામાં આવે છે. તેઓ આ ગરીબ બાળકોને શીખવે છે કે, 'મહેનતથી કમાવ, ક્યારેય ચોરી કરવી નહીં, માતા-પિતાને આદર આપવો, દેશને પ્રેમ કરવો અને સાચો માણસ જ એ છે કે જે બીજાને મદદ કરે.' પ્રારંભમાં બિજેન્દ્રના પરિવારને આ સઘળું પસંદ નહોતું, પણ એક દિવસ એક ગરીબ બાળક આવીને બિજેન્દ્રની પત્નીના પગમાં પડયો અને કહ્યું, 'માતાજી, જો આ ગુરુજી ન હોત તો આજે હું ફાટેલા કપડાં પહેરીને, ચંપલ વિના ઠેર ઠેર ભીખ માગતો હોત...' આ ઘટના પછી પરિવારે પણ બિજેન્દ્રને સાથ આપવાનું શરૂ કર્યું અને આજે તો કચરો વીણતાં એ બાળકો વધુ અભ્યાસ કરવા લાગ્યા. કોઈ સ્કૂલમાં ગયા, તો કોઈ કૉલેજમાં. એક ગરીબ બાળકી કહે છે કે, 'ગુરુજી, હું ડૉક્ટર બનીને ગરીબોની સેવા કરીશ.' તો બીજો કહે છે કે, 'હું તમારી માફક સેનામાં જઈશ અને સાથોસાથ જરૂરિયાતમંદ બાળકોને ભણાવીશ.'બિજેન્દ્રની આંખમાં આંસુ આવી જાય છે! કદાચ આ જ એની સાચી કમાણી બની રહી.

### લાખોના ખર્ચે બનેલી પરબો બિસ્માર, તરસ્યા વટેમાર્ગુઓ પરેશાન

# ડભોઈમાં દાતાઓનું પુણ્ય પાલિકાએ પાણીમાં હોમ્યું!

## ચાલુ પરબોમાં ગંદકીનું સામ્રાજ્ય : ઠંડા પાણીના કુલરો બંધ, નળો તૂટેલા અને રેકડીવાળાઓનો ગેરકાયદે કબ્જો

ડભોઈ

તરસ્યાને પાણી પીવડાવવું એ આપણા સમાજમાં સૌથી મોટું પુણ્યનું કામ ગણાય છે. આ જ ઉમદા હેતુ સાથે ડભોઈ નગરના જીવદયા પ્રેમી અને ખમતીધર દાતાઓએ લાખો રૂપિયાના ખર્ચે ગરીબ પ્રજા અને વટેમાર્ગુઓ માટે પીવાના પાણીની પરબો અને વોટર કુલરો બનાવડાવ્યા હતા. પરંતુ ડભોઈ નગરપાલિકાની ઘોર આળસ, નબળા વહીવટ અને બેદરકારીને કારણે આજે દાતાઓનું દાન એળે ગયું છે. નગરમાં પીવાના પાણીની પરબો અત્યારે અત્યંત બિસ્માર અને કોન્ડમ હાલતમાં ફેરવાઈ ગઈ છે. ૬ માંથી ૨ પરબો તો ગાયબ! બાકીની ૪ પરબોના હાલ બેહાલ મળતી માહિતી મુજબ, ડભોઈ નગરપાલિકાના હાથ વિસ્તારમાં દાતાઓ દ્વારા કુલ ૬ પીવાની પરબો બનાવવામાં આવી હતી. જેનો વહીવટ પાલિકાને સોંપાયો હતો. પરંતુ તંત્રની લાપરવાહી જુઓ: ભારત ટોકીઝ પાસે શાળા બનતા ત્યાં આવેલી પરબ ગાયબ થઈ ગઈ છે! એસ.ટી. ડેપો રોડ પર સરદારબાગ બનાવવામાં આવ્યું ત્યારે ત્યાંથી પણ એક પરબ ગાયબ કરી દેવાઈ! હવે માત્ર ૪ પરબો બચી છે, જેની હાલત પણ જોવા જેવી નથી. કાઠિયાવાડી પરિવારે એસ.ટી. ડેપો પાસે વટેમાર્ગુઓ માટે ઠંડા પાણીના કુલર સાથેની આધુનિક પરબ નગરજનોને સુપ્રત કરી હતી. આજે આ પરબની નિયમિત સફાઈ સુધ્ધાં થતી નથી, જેથી પાણી દુષિત અને રોગચાળો ફેલાવે તેવું બની ગયું છે. આશ્ચર્યની વાત તો એ છે કે, જનતા માટે બનેલી આ પરબના પાણીનો ઉપયોગ આજુબાજુના સેવઉસળ, ભજીયાવાળા અને ચાની રેકડીવાળાઓ નળમાં પાઈપો ભરાવીને કે કેનો ભરીને પોતાના ધંધા માટે કરી રહ્યા છે! આ જ દુષિત અને એઠું પાણી પીવા માટે આમ જનતા મજબૂર બની છે. પાઉચ વેચનારાઓની દાદાગીરી: ટાવર પાસે મહાલક્ષ્મી બેંકના સહયોગથી તેમજ હીરાભાગોળ અને નાંદોદી ભાગોળ બહાર ગ્રામ્ય દાતાઓએ વોટરકુલર સાથે પરબો બનાવી આપી છે. પરંતુ અહીં ઠંડા પાણીના પાઉચ વેચનારા કેટલાક અસામાજિક તત્વો પોતાના પાઉચ વેચાય તે માટે પરબોના નળ તોડી નાખતા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. ડભોઈ નગર એ આજુબાજુના ત્રણ તાલુકાના ૪૦૦ જેટલા નાના-મોટા ગામોના રોજિંદા વહીવટ અને વેપારનું મુખ્ય કેન્દ્ર છે. રોજ હજારો ગ્રામજનો અહીં ખરીદી કે સરકારી કામે આવે છે.



### કાળઝાળ ગરમી વચ્ચે ઝાલોદ વિધાનસભાના

# પાણી સંકટગ્રસ્ત ગામોને ટેન્કરથી પાણી આપવા માંગ

ઝાલોદ

ઝાલોદ તાલુકા સહિત સમગ્ર વિસ્તારમાં હાલ કાળઝાળ ગરમીનો પ્રકોપ વધતા અનેક ગામોમાં પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે. ઉનાળાની ઋતુના અંતિમ તબક્કામાં કૂવા અને બોરવેલોના પાણીના સ્તર નીચે ઊતરી જતા ગ્રામ્ય વિસ્તારોના લોકોને પીવાના તેમજ દૈનિક ઉપયોગ માટે પાણી મેળવવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સાથે જ પશુપાલકો માટે પણ પશુઓના ઉછેર માટે પાણીની તાતી જરૂરિયાત ઉભી થઈ છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ઝાલોદ વિધાનસભા પ્રમુખ આમ આદમી પાર્ટીના અનિલ ગરાસિયાએ ઝાલોદ મામલતદારને આવેદનપત્ર પાઠવી ઝાલોદ વિધાનસભામાં આવતા પાણીથી અસરગ્રસ્ત તમામ ગામોનું તાત્કાલિક સર્વે કરાવી પંચાયત મારફતે ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવાની



માંગ કરી છે. આવેદનમાં જણાવાયું છે કે ગ્રામ્ય વિસ્તારોમાં ઘણા લોકો આર્થિક રીતે સક્ષમ ન હોવાથી પાણી ખરીદી લાવવું પણ મુશ્કેલ બની રહ્યું છે.

### રાજપીપળામાં પેટ્રોલ ડીઝલની તંગી

# રાજપીપળા અને આજુબાજુ 20 કિમી ના વિસ્તારમાં પોઇચા સુધીના તમામ પેટ્રોલ પંપ બંધ થતા વાહન ચાલકો અટવાયા

રાજપીપળા, વાવડી, કુંવર પરા, તોરણા, પોઇચા, કુંવર પરા તમામ પેટ્રોલ પંપ બંધ સ્ટેચ્યુ ઑફ યુનિટી પર વેકેશન હોવાથી પ્રવાસીઓ ઉમટી રહ્યાં છે ત્યારે પેટ્રોલ ડીઝલ મળતું ન હોવાથી પ્રવાસીઑ પણ પરેશાન..

રાજપીપળા

રાજપીપળા સહીત નર્મદામાં પેટ્રોલ ડીઝલની તંગી વર્તાતા આજે લાંબી લાંબી કતારો જોવા મળી હતી. રાજપીપળા અને આજુબાજુ 20 કિમી ના વિસ્તારમાં પોઈચા સુધી ના તમામ પેટ્રોલ પંપ બંધ થતા વાહન ચાલકો અટવાયા હતા.રાજપીપળા, વાવડી, કુંવર પરા, તોરણા, પોઈચા, કુંવર પરા તમામ પેટ્રોલ પંપ બંધ જણાયા હતાં ક્યાંક માત્ર પેટ્રોલ મળતું હતું તો ક્યાક બન્ને નહોતા મળતા મોટા ભાગના પેટ્રોલ પમ્પ પર ડીઝલ મળતું નહોતું. લોકો પેટ્રોલ ડીઝલ નહી મળે એવી ભીતિથી ટાંકી ફૂલ કરી દેતા હોવાથી પેટ્રોલ ડીઝલ ની તંગી વરતાતી હતી. રાજપીપળા વિસ્તાર માં ડીઝલ ખુટ્યું હોવાથી ડીઝલ વિના ફોર વહીલર વાહન ચાલકો અટવાયા હતાં

પેટ્રોલ પંપ માલિકોનું કહેવું છે કે ગઈ કાલે ડીઝલ ખૂટી જતા આજે ડીઝલ ની ગાડી મંગાવી છે આવશે એટલે ડીઝલ પણ મળશે ફૂલ સ્ટોક છે. બીજી તરફ સ્ટેચ્યુ ઑફ યુનિટી પર વેકેશન હોવાથી પ્રવાસીઓ ઉમટી રહ્યાં છે ત્યારે વાહન ચાલકો પેટ્રોલ ડીઝલ મળતું ન હોવાથી પ્રવાસીઑ પણ પરેશાન થતા જોવા મળતા હતાં.

બીજી તરફ પેટ્રોલ પંપ ના માલિકો તરફથી લોકોને જરૂર પૂરતું પેટ્રોલ ડીઝલ પુરવા અપીલ કરાઈ હતી.પણ લોકો પેટ્રોલ ડીઝલ નહીં મળે એવી ભીતિથી ફૂલ ટેન્ક કરી કૃત્રિમ તંગી ઊભી કરી રહ્યાં હતાં

### માંગરોળમાં રખડતા ખૂંટિયાઓનો આતંક

# પાલિકાની ઘોર ઉદાસીનતા સામે જનતાનો ઉગ્ર આક્રોશ!

**તંત્રની આંખ આડા કાન : મૌખિક રજૂઆતો નકામી નીવડી**

માંગરોળ

માંગરોળ શહેરમાં રખડતા ઢોર અને માતેલા સાંઢનો ત્રાસ હવે હદ વટાવી ચૂક્યો છે. શહેરના મુખ્ય માર્ગો પર જાણે આખલાઓનું રાજ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે, જેને કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોના જીવ સતત જોખમમાં મુકાયા છે. પાલિકા તંત્રની ઘોર બેદરકારીથી કંટાળીને આજે રોષે ભરાયેલા શહેરીજનોએ પાલિકા કચેરી ખાતે હલ્લાબોલ કર્યો હતો અને ઉગ્ર રજૂઆત સાથે મોરચો માંડ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, શહેરના ભરચક વિસ્તારો અને મુખ્ય રસ્તાઓ વચ્ચે જ લડતા ખૂંટિયાઓને કારણે રોજબરોજ નાના-મોટા અકસ્માતો સર્જાય છે. રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ, મહિલાઓ અને નિર્દોષ બાળકો અવારનવાર આ રખડતા પશુઓની અડફેટે આવીને ઈજાગ્રસ્ત બને છે. વેપારીઓ પણ પોતાની દુકાનો બહાર આ પશુઓના જમાવડાથી પરેશાન થઈ ગયા છે.

નાગરિકોનો આરોપ છે કે આ ગંભીર સમસ્યા અંગે પાલિકા તંત્રને અગાઉ અસંખ્ય વખત મૌખિક અને લેખિત રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, કુંભકર્ણની નિદ્રામાં પોઢેલા વહીવટી તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કે સંગીન કામગીરી કરવામાં આવી નથી. તંત્રની આ ઉદાસીનતા જ આજે લોક-આક્રોશનું કારણ બની છે.

તાત્કાલિક ડબ્બે પૂરો: રસ્તા પર આતંક મચાવતા આખલાઓને તાત્કાલિક યુદ્ધના ધોરણે પકડીને પાંજરાપોળ કે ઢોર ડબ્બે પૂરવામાં આવે.

ભયમુક્ત વાતાવરણ: શહેરના માર્ગોને રખડતા પશુઓથી મુક્ત કરી નાગરિકો અને વાહનચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે.

કાયમી ઉકેલ: માત્ર દેખાડા ખાતરની કામગીરી બંધ કરી, આ સમસ્યાનો કાયમી નિકાલ લાવવામાં આવે.

પાલિકા કચેરી ખાતે એકઠા થયેલા સ્થાનિક રહીશોએ તંત્રને ખુલ્લી ચેતવણી આપતા જણાવ્યું હતું કે: 'જો પાલિકા તંત્ર દ્વારા આગામી દિવસોમાં આ સમસ્યાનો કોઈ કાયમી અને સંતોષકારક ઉકેલ લાવવામાં નહીં આવે, તો આગામી સમયમાં જનતા દ્વારા પાલિકાને તાળાબંધી સહિતના વધુ ઉગ્ર આંદોલનાત્મક પગલાં ભરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.'

# ઓલપાડના સરસ મુકામેના પ્રાચીન શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિરે નિર્માણ થનાર બે ભવ્ય દ્વારનું ખાતમુહૂર્ત

## સુરત ડિસ્ટ્રિક્ટ પ્રિન્સિપાલ જજ રાહુલ ત્રિવેદી સાહેબના વરદ હસ્તે શિલાન્યાસ અને પૂજનવિધિ

ઓલપાડ

ઓલપાડ તાલુકાના સરસ મુકામે શિવભક્તો ની આસ્થાનું પ્રતિક સમાન શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિરમાં નિર્માણ થનાર બે ભવ્ય ગેટનું ખાતમુહૂર્ત સાથે શિલાન્યાસ અને પૂજનવિધિ સુરત ડિસ્ટ્રિક્ટ પ્રિન્સિપાલ જજ શ્રી રાહુલભાઈ ત્રિવેદી સાહેબના વરદહસ્તે સંપન્ન કરવામાં આવી હતી. ઓલપાડ તાલુકાના દરિયાઈ કાંઠા વિસ્તારના સરસ ગામે રામાયણ અને મહાભારતના ઈતિહાસ સાથે જોડાયેલ શિવભક્તોની આસ્થાનું પ્રાચીન અને ઐતિહાસિક શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિર આવેલું છે.દરરોજ સહિત દર સોમવારે અને ખાસ તો શ્રાવણ માસ દરમ્યાન દર્શનાર્થે આવતા લાખો શિવભક્તોની આસ્થા સાથે જોડાયેલ આ મંદિરનો વહીવટ અંગ્રેજોના શાસનકાળથી નામદાર ઓલપાડ કોર્ટના તાબા હેઠળનું શ્રી સિદ્ધનાથ ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા પારદર્શક સંચાલન થઈ રહ્યું છે.આ શિવમંદિરનું પ્રવેશદ્વાર ખુબ જ જર્જરિત હોવાથી ટ્રસ્ટ દ્વારા નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી આ બંન્ને ગેટ ઉપર શિવ પરિવારને બિરાજમાન સાથે



જેસલમેરના યલો સંગેમરમર પથ્થર થી બનાવવા બાંધકામ કોન્ટ્રાકટર પાસે ટેન્ડરો મંગાવ્યા હતાં.જે ટેન્ડરિંગ પ્રક્રિયા પૂર્ણ તથા મંદિરના પ્રવેશદ્વાર સહિત અન્ય ગેટના નિર્માણ માટે શુક્રવાર,તા.૧૫ ના રોજ ભૂમિપૂજન વિધિ સમારોહ યોજાયો હતો. આ અવસરે સુરત ડિસ્ટ્રિક્ટ પ્રિન્સિપાલ જજ શ્રી રાહુલભાઈ ત્રિવેદી સાહેબે બંન્ને ગેટના ખાતમુહૂર્ત પ્રસંગે ભૂમિપૂજન બાદ શિલાન્યાસ કરતા જણાવ્યું હતું કે, લાખો રૂપિયાના ખર્ચે નિર્માણ થનાર ભવ્ય પ્રવેશદ્વાર અને એકઝીટ ગેટ માટે સૌ શિવભક્તોને તન-મન અને ધનથી યથાશક્તિ યોગદાન આપવા અનુરોધ કરૂં છું.

### પંપો પર વાહનોની કિલોમીટર લાંબી કતારો

# ડભોઇ પંથકમાં પેટ્રોલ-ડીઝલ ખૂટી જવાની અફવાએ મચાવી દોડધામ

■ વડાપ્રધાનની અપીલની વિપરીત અસર: ક્યાંક લાંબી કતારો તો ક્યાંક 'નો સ્ટોક'ના પાટિયા

ડભોઇ

વૈશ્વિક સ્તરે ઇઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની પરિસ્થિતિની સીધી અસર હવે ડભોઇ પંથકના સ્થાનિક બજારોમાં અફવા સ્વરૂપે જોવા મળી રહી છે. ડભોઇ પંથકમાં પેટ્રોલ અને ડીઝલની ભારે અછત સર્જાશે અને આગામી દિવસોમાં અસહ્ય ભાવવધારો ઝીંકાશે તેવી ફેલાયેલી અફવાને પગલે સમગ્ર પંથકમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. વાહનચાલકો પોતાના વાહનોની ટાંકીઓ ફૂલ કરાવવા માટે પેટ્રોલ પંપો પર ઉમટી પડતાં ભારે અરાજકતા દ્રશ્યમાન થઈ રહી છે. યુદ્ધની સ્થિતિને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ દ્વારા દેશવાસીઓને 'ઇંધણ બચાવો'ની અપીલ કરવામાં આવી છે. પરંતુ, ડભોઇમાં



આ અપીલની તદ્દન વિપરીત અસર જોવા મળી રહી છે. ભયભીત બનેલી જનતા ઇંધણ બચાવવાના બદલે સંગ્રહ કરવા તરફ વળી છે. ડભોઇ પંથકમાં આવેલા અંદાજિત ૧૫ જેટલા પેટ્રોલ પંપો પર સવારથી જ વાહનોની કિલોમીટર લાંબી લાઈનો જોવા મળી રહી છે. પુરવઠો ઓછો અને મર્યાદિત હોવાને કારણે, પંપ પર ઇંધણનો જથ્થો આવતાંની સાથે જ ગણતરીના કલાકોમાં ખાલી થઈ જાય છે. જેને પગલે કેટલાક પેટ્રોલ પંપ સંચાલકોને 'વેચાણ બંધ છે' અથવા 'નો સ્ટોક' ના પાટિયા ઝૂલતા કરી દેવાની ફરજ પડી છે. સ્થાનિક વાહનચાલકોના જણાવ્યા મુજબ, આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય કટોકટીને કારણે પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચી શકે છે. આ ભાવવધારાના ડામથી બચવા માટે લોકો કલાકો સુધી કતારોમાં ઊભા રહીને પણ ઇંધણ ભરાવી રહ્યા છે. નવો પુરવઠો સમયસર ન પહોંચવાના કારણે ડીલરો પણ લાચાર બન્યા છે, જેના કારણે જ્યાં સુધી નવો સ્ટોક ન આવે ત્યાં સુધી પંપ બંધ રાખવા સિવાય તેમની પાસે કોઈ વિકલ્પ બચ્યો નથી.

# થરાદમાં કાળા કાચ અને નંબર પ્લેટ વગરની ગાડીઓનો આતંક

## ટ્રાફિક નિયમોના ખુલ્લેઆમ ભંગથી લોકોમાં ભયનો માહોલ

થરાદ

થરાદ શહેર તેમજ હાઈવે માર્ગો પર છેલ્લા કેટલાક સમયથી કાળા કાચ લગાવેલી તેમજ નંબર પ્લેટ વગરની ગાડીઓ બેફામ ફરી રહી હોવાના દ્રશ્યો સામે આવી રહ્યા છે. ટ્રાફિક નિયમોના ખુલ્લેઆમ ભંગ છતાં આવી ગાડીઓ સામે યોગ્ય કાર્યવાહી ન થતી હોવાના આક્ષેપો લોકો દ્વારા કરવામાં આવી રહ્યા છે. શહેરના મુખ્ય માર્ગો, બજાર વિસ્તારો તેમજ જાહેર સ્થળોએ નંબર પ્લેટ વગરની કારો અને બાઈકોથી સામાન્ય વાહન ચાલકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. કેટલાક વાહનોમાં કાળા ફિલ્મવાળા કાચ લગાવવામાં આવ્યા હોવાના કારણે અંદર કોણ બેઠું છે તે પણ સ્પષ્ટ દેખાતું નથી, જેના કારણે ગુનાખોરી જેવી ઘટનાઓ સર્જાય તેવી શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ઘણી



વખત રાત્રિના સમયે આવી ગાડીઓ બેફામ ઝડપે દોડતી જોવા મળે છે, જેના કારણે અકસ્માતની સંભાવનાઓ પણ વધી રહી છે. નિયમો મુજબ વાહનો પર સ્પષ્ટ નંબર પ્લેટ હોવી જરૂરી છે તેમજ કાળા કાચ પર પ્રતિબંધ હોવા છતાં નિયમોનું પાલન ન થતું હોવાનું જોવા મળી રહ્યું છે. લોકોમાંથી માંગ ઉઠી રહી છે કે તંત્ર દ્વારા કાળા કાચ અને નંબર પ્લેટ વગરની ગાડીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે જેથી ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે અને સામાન્ય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત બની રહે. છેલ્લા થોડા દિવસથી થરાદ પોલીસનો ડર જાણે ભાગી જ ગયો હોય એમ ફરી કાળા કાચ ની નંબર પ્લેટ વગરની ગાડીઓ થરાદમાં દોડતી થઈ ગઈ છે જોકે અગાઉ ના પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા વારંવાર ડ્રાઈવ હાથ ધરવામાં આવતી હતી.

# મહેસાણા પોલીસનો સપાટો : સાયબર ફ્રોડ માટે બેંક એકાઉન્ટ વેચતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ

## ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી: કમિશનથી દિલ્હી સુધી પહોંચતી હતી 'બેંક કીટ' : ડાયરીમાંથી ખૂલ્યા 29 નામો

મહેસાણા

દેશભરમાં ડિજિટલ છેતરપિંડી અને સાયબર ક્રાઈમના વધતા ગ્રાફ વચ્ચે મહેસાણાની સાંથલ પોલીસે એક ખૂબ જ મોટા આંતરરાજ્ય રેકેટનો પર્દાફાશ કરવામાં સફળતા મેળવી છે. ગરીબ અને મધ્યમ વર્ગના ભોળા લોકોને પૈસાની લાલચ આપી તેમના નામે બેંક ખાતા ખોલાવી, તેની આખી કીટ દિલ્હીના સાયબર ગુનેગારોને વેચી મારતી ગેંગના બે સાગરીતોને પોલીસે દબોચી લીધા છે. પ્રાથમિક તપાસમાં જ આ કૌભાંડમાં અત્યાર સુધીમાં અંદાજે રૂા. ૧.૩૮ કરોડના શંકાસ્પદ આર્થિક વ્યવહારો સામે આવતાં પોલીસ બેડા સહિત સાયબર સેલમાં ભારે દોડધામ મચી ગઈ છે.

સાંથલ પોલીસને સચોટ અને ખાનગી રાહે બાતમી મળી હતી કે, જોટાણાના ઈજપુરા ગામનો એક શખ્સ સ્થાનિક લોકોને નાણાંની મોટી લાલચ આપીને



અલગ-અલગ બેંકોમાં ખાતા ખોલાવવાનું નેટવર્ક ચલાવી રહ્યો છે. આ બાતમીના આધારે સાંથલ પોલીસે જોટાણા બસ સ્ટેન્ડ પાસે ફિલ્ડિંગ ગોઠવી હતી અને શંકાસ્પદ હાલતમાં હિલચાલ કરતા બે શખ્સોને આબાદ ઝડપી પાડ્યા હતા: ૧. સાવનજી પારખાજી ઠાકોર (રહે. ઈજપુરા, જોટાણા, મહેસાણા) ૨. નિકુલકુમાર બાબુલાલ વાળંદ (રહે. બહુચરાજી, મહેસાણા) પોલીસે આ બંને આરોપીઓની તલાશી લેતા તેમની પાસેથી વિવિધ બેંકોની પાસબુક, ડેબિટ કાર્ડ (ATM), ૩ નંગ મોબાઈલ ફોન અને ૪ નંગ એક્ટિવ સિમકાર્ડ સહિત કુલ રૂા. ૫૫,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસની કડક પૂછપરછમાં આરોપીઓએ જે કબૂલાત કરી છે તે સાયબર જગતની કાળી કમાણીનો પર્દાફાશ કરે છે. મુખ્ય આરોપી સાવનજી ઠાકોર ગ્રામ્ય વિસ્તારના આર્થિક રીતે નબળા લોકોને પકડીને થોડા રૂપિયાની લાલચ આપતો અને તેમના નામે ઓફિશિયલ બેંક એકાઉન્ટ ખોલાવતો હતો. ખાતું ખૂલી ગયા બાદ તે એકાઉન્ટની કીટ (જેવી કે પાસબુક, એટીએમ કાર્ડ અને પિન) બહુચરાજીના નિકુલ વાળંદને સોંપતો હતો. નિકુલ આ તમામ કીટો દિલ્હી ખાતે બેઠેલા 'હેરી' નામના સાયબર માફિયાને ઊંચા કમિશનથી પાર્સલ કરી દેતો હતો. દિલ્હીની આ ગેંગ આ એકાઉન્ટ્સનો ઉપયોગ ઓનલાઈન ગેમિંગ, ટાસ્ક ફ્રોડ અને સાયબર છેતરપિંડીના કાળા નાણાં ફેરવવા (મની લોન્ડરિંગ) માટે કરતી હતી. દરમિયાન જ્યારે પોલીસ દ્વારા આરોપીઓના પર્સનલ બેંક એકાઉન્ટ્સની વિગતો ચકાસવામાં આવી ત્યારે ચોંકાવનારો ખુલાસો થયો હતો: સાવનજી ઠાકોર: બિહારના પટનામાં થયેલી એક મોટી સાયબર છેતરપિંડીના રૂા. ૬૬.૪૯ લાખ સીધા તેના બેંક ઓફ બરોડાના ખાતામાં જમા થયા હતા.

નિકુલ વાળંદ: તેના HDFC અને ઈન્ડિયન ઓવરસીઝ બેંકના ખાતાઓમાં તેલંગાણા અને મહારાષ્ટ્ર રાજ્યમાં આચરેલા સાયબર ફ્રોડના નાણાં ટ્રાન્સફર થયા હતા.

### પાદરા પોલીસનું 'ઓપરેશન પરાક્રમ'

# દાગીનાની ચોરીનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલાયો : મિત્ર જ નીકળ્યો ગદ્દાર..!

- તાળું વાસેલું જોઈને મિત્રએ જ કર્યો હાથફેરો
- CCTV અને હ્યુમન સોર્સની મદદથી ફૂટ્યો ચોરીનો ભેદ
- અમરેલીનો શખ્સ પાદરામાં ચોરી કરી ઝડપાયો

પાદરા

વડોદરા ગ્રામ્ય પોલીસના 'ઓપરેશન પરાક્રમ' (Operation Parakram) હેઠળ પાદરા ટાઉન પોલીસે એક મોટી સફળતા મેળવી છે. પાદરા ટાઉનમાં આવેલા એક મકાનમાંથી લાખો રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ચોરીની ઘટનાનો પોલીસે ગણતરીના કલાકોમાં પર્દાફાશ કરી દીધો છે. ચોંકાવનારી વાત એ છે કે, આ ચોરી કોઈ અજાણ્યા તસ્કરે નહીં, પરંતુ ફરિયાદીના જ એક પરમ મિત્રએ અંજામ આપીને વિશ્વાસઘાત કર્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને દબોચીને તેની પાસેથી રૂા. ૩.૬૨ લાખનો તમામ મુદ્દામાલ રિકવર કરી લીધો છે.

મળતી વિગતો મુજબ, પાદરાના પધરાઈ ચોક



વિસ્તારમાં રહેતા ફરિયાદીના ઘરમાં ગત તા. ૬ મે થી ૧૧ મે દરમિયાન ચોરીની ઘટના બની હતી. ફરિયાદીના બંધ ઘરનો લાભ ઉઠાવીને કોઈ ચોર ઘરમાંથી અંદાજે રૂા. ૩,૬૨,૫૯૦ ની કિંમતના સોના અને ચાંદીના કિંમતી દાગીના ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ મામલે પાદરા પોલીસ સ્ટેશનમાં વિધિવત ગુનો નોંધાતા જ પોલીસ ઈન્સ્પેક્ટર (PI) પી.વી. ગોહિલના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવી તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. પાદરા પોલીસે ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી (CCTV) ફૂટેજ ફંફોસવાનું શરૂ કર્યું હતું. આ સાથે જ ટેક્નિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સ (બાતમીદારો) ની મદદ લેવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને ફરિયાદીના જ એક મિત્ર પર શંકા ગઈ હતી. પોલીસે જ્યારે કડક હાથે પૂછપરછ કરી ત્યારે ફરિયાદીના મિત્ર હિતેશભાઈ ઉર્ફે ગઢવી ભુપતભાઈ દરજી (પરમાર) ની સંડોવણી છતી થઈ ગઈ હતી અને ચોરીનો આખો ભેદ ઉકેલાઈ ગયો હતો. પકડાયેલો આરોપી હિતેશ દરજી મૂળ અમરેલી જિલ્લાના મુંજીયાસર ગામનો વતની છે અને હાલ પાદરાના તાજપુરા રોડ પર આવેલી અક્ષર હાઈટ્સ સોસાયટીમાં રહે છે. મિત્રતાનો ઓથ લઈને તેણે જ મિત્રના ઘર સાફ કરી નાખ્યું હતું. પાદરા પોલીસે આરોપીની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે અને ચોરીનો તમામ મુદ્દામાલ કબજે કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. ગણતરીના કલાકોમાં ગુનાનો ભેદ ઉકેલાતા સ્થાનિક રજવાડા અને રહીશોએ પાદરા પોલીસની કામગીરીને બિરદાવી છે.



## યામી અને જેક્લિનનું આ બીજું કોલબરેશન છે

# યામીની ફિલ્મમાં જેક્લિનનો કેમિયો હશે

મુંબઈ

યામી ગૌતમની મુખ્ય ભૂમિકા ધરાવતી ફિલ્મ 'નઈ નવેલી'માં જેક્લિન ફર્નાન્ડિઝ પણ કેમિયો કરી રહી છે. જેક્લિને તાજેતરમાં જ આ કેમિયો માટે પોતાનું શૂટિંગ પૂર્ણ કર્યું હતું. યામી અને જેક્લિનનું આ બીજું કોલબરેશન છે. અગાઉ તેમણે ૨૦૨૧ની ફિલ્મ 'ભૂતપોલીસ'માં સ્ક્રીન શેર કરી હતી. 'નઈ નવેલી' ફિલ્મ આનંદ એલ રાય બનાવી રહ્યા છે.

જોકે, તેનું દિગ્દર્શન બાલાજી મોહન કરી રહ્યા છે. આ ફિલ્મ એક હોરર કોમેડી હોવાનું કહેવાય છે. ઉલ્લેખનીય છે કે જેક્લિન હાલ સુકેશ ચન્દ્રશેખર કેસને કારણે મુશ્કેલીમાં છે. તેણે આ ઠગાઈ કેસમાં પોતે સાક્ષી બનવા માગે છે તેવી અરજી કરી છે. જોકે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે જેક્લિનને સાક્ષી બનવા દેવાનો વિરોધ કર્યો છે. અહીં અભિનય ઉપરાંત તેની સુંદરતાના પણ વખાણ થયા. ત્યાર પછી 2009 - 2010 સુધી 'કલર્સ' પર આવનારી સિરિયલ 'યે પ્યાર ના હોગા કમ'માં તેને લોકપ્રિયતા મળી. 2010માં તેણે લોકપ્રિય સિરિયલ 'સીઆઈડીના કેટલાક એપિસોડ કર્યા અને પછી 'મીઠી છૂરી નંબર-વન' અને 'કિચન ચેમ્પિયન' જેવાં રિયાલિટી શોમાં પણ તે દેખાઈ. 2010નું વર્ષ યામી માટે ખૂબ જ મહત્ત્વનું સાબિત થયું. 2010માં તેની પહેલી કન્નડ ફિલ્મ રજૂ થઈ. આમ ટી.વી.ના ટચૂકડા પડદા પરથી તે રૂપેરી પડદે આવી ગઈ અને શરૂઆત સાઉથની ફિલ્મથી કર્યા પછી તેણે પંજાબી, તમિળ, તેલુગુ ફિલ્મોમાં અભિનય કર્યો. 2012માં આયુષમાન ખુરાના સાથેની ફિલ્મ 'વિકી ડોનર' આવી. આ ફિલ્મે બોકસ ઓફિસ ગજાવતા યામીને પણ ફાયદો થયો અને હિન્દી ફિલ્મોમાં તેની સારી શરૂઆત થઈ. 'વિકી ડોનર' માટે યામીને નવોદિત અભિનેત્રી તરીકેના અનેક એવોર્ડ્સ પણ મળ્યા. 'વિકી ડોનર' પછી યામીની 'ટોટલ સિયપ્પા', 'એકશન જેકશન' જેવી ફિલ્મો રિલીઝ થઈ, પણ 2015માં આવેલી 'બદલાપુર' ફિલ્મે તેને ઉત્કૃષ્ટ અભિનેત્રી તરીકે સ્થાપિત કરી દીધી. એક બાજુ સાઉથની તમિળ, તેલુગુ ફિલ્મો અને બીજી બાજુ બોલિવૂડની હિન્દી ફિલ્મો કરતાં - કરતાં યામી આગળ વધતી ગઈ. 2016માં 'સનમ રે', 'જુનુનિયત', 2017માં 'કાબિલ' અને 'સરકાર-થ્રી', 2018માં 'બત્તી ગુલ મીટર ચાલુ' જેવી ફિલ્મો આવી. તેમાંથી હૃતિક સાથેની 'કાબિલ'માં તેની ખૂબ ભૂમિકા વખણાઈ. 2019માં આદિત્ય ધરની પહેલી ફિલ્મ 'ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઈક' આવી. આ ફિલ્મમાં વિકી કૌશલ અને યામીની મુખ્ય ભૂમિકા હતી. ફિલ્મમાં વિકી સાથે તેના ઓછાં પ્રણય દૃશ્યો હતા, પણ પડદા પાછળ એટલે કે ફિલ્મના શૂટિંગ દરમિયાન યામી અને આદિત્ય ધર વચ્ચે પ્રેમ પાંગર્યો અને 2021માં તો બન્ને પરણી પણ ગયા. 'ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઈક' ફિલ્મની સફળતાએ યામીને બોલિવૂડમાં ટોચની અભિનેત્રી બનાવી અને આદિત્ય ધર પહેલી જ ફિલ્મથી બોલિવૂડમાં છવાઈ ગયો. લગ્ન પછી પણ યામી ગૌતમે પોતાની અભિનય કારકિર્દીને આગળ ધપાવી. 2019માં તે 'બાલા', 2020માં 'ગિની વેડ્સ સન્ની', 2021માં 'ભૂત પોલીસ', 2022માં 'અ થર્સ્ડે', 'દસવી', 2023માં 'ચોર નીકલ કે ભાગા', 'ઓહ માય ગોડ-ટુ', 2024માં 'આર્ટિકલ 370', 2025માં આપણા ગુજરાતી અભિનેતા પ્રતીક ગાંધી સાથે 'ધૂમધામ' આવી. ત્યાર બાદ 'હક' જેવી ફિલ્મોમાં તેણે વિવિધ પ્રકારની ભૂમિકાઓ કરી. આમાંથી 'આર્ટિકલ-370' અને 'ઓહ માય ગોડ' તેમજ 'હક' જેવી ફિલ્મોમાં તેનાં અભિનયના ખૂબ જ વખાણ થયા. 'આર્ટિકલ 370'માં તો તેણે પહેલી જ વાર એકશન દૃશ્યો પર હાથ અજમાવ્યો હતો. (એ વખતે યામી સગર્ભા હતી!) 'હક'માં તેણે અભિનયની અમીટ છાપ છોડી છે. તો લો બજેટની કહેવાય એવી અને ઓટીટી પર રિલીઝ થયેલી તેની 'ધૂમધામ' અને 'ચોર નીકલ કે ભાગા'માં પણ તેનાં અભિનયના ખૂબ જ વખાણ થયા.

**અગાઉ તેમણે 2021ની ફિલ્મ 'ભૂતપોલીસ'માં સ્ક્રીન શેર કરી હતી. 'નઈ નવેલી' ફિલ્મ આનંદ એલ રાય બનાવી રહ્યા છે**

# ઓટીટી પર 'Dhurandhar2'નું અનકટ વર્ઝન રિલીઝ થશે

## આદિત્ય ધરના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મ ભારતમાં અને વિદેશોમાં અલગ-અલગ પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવશે

મુંબઈ

Dhurandhar 2 હવે સિનેમાઘરોમાં ધમાકેદાર સફળતા બાદ OTT પ્લેટફોર્મ પર રિલીઝ થવા જઈ રહી છે. રણવીર સિંહની આ સ્પાય એક્શન-થ્રિલર ફિલ્મને લઈને સોશિયલ મીડિયા પર ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. ફેન્સ લાંબા સમયથી ફિલ્મની OTT રિલીઝની રાહ જોઈ રહ્યા હતા અને હવે આખરે 15 મેના રોજ ફિલ્મ બે અલગ-અલગ OTT પ્લેટફોર્મ્સ પર સ્ટ્રીમ થશે. આદિત્ય ધરના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મ ભારતમાં અને વિદેશોમાં અલગ-અલગ પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવશે. ભારતમાં ફિલ્મ JioHotstar પર ઉપલબ્ધ રહેશે, જ્યારે વિદેશોમાં ફિલ્મ Netflix પર સ્ટ્રીમ થશે. ખાસ વાત એ છે કે વિદેશોમાં ફેન્સને ફિલ્મનું અનકટ વર્ઝન પણ જોવા મળશે. અનકટ વર્ઝનમાં એવા અનેક સીન સામેલ કરવામાં આવ્યા છે, જેને સેન્સર બોર્ડ દ્વારા થિયેટર રિલીઝ દરમિયાન કાપી નાખવામાં આવ્યા હતા. સાથે જ કેટલાક એવા દશ્યો પણ ઉમેરવામાં આવ્યા છે, જે સિનેમાઘરોમાં દર્શાવવામાં આવ્યા નહોતા. જોકે ભારતીય દર્શકો માટે આ અનકટ વર્ઝન ઉપલબ્ધ નહીં હોય, કારણ કે ભારતમાં ફિલ્મ માત્ર જિયો હોટસ્ટાર પર જ સ્ટ્રીમ થશે. ફિલ્મના બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો 'ધુરંધર 2'એ વિશ્વભરમાં લગભગ 1,796 કરોડ રૂપિયાનું જબરદસ્ત કલેક્શન કર્યું છે. આ ફિલ્મે 2026ની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. ફિલ્મમાં રણવીર સિંહ ઉપરાંત સંજય દત્ત, આર માધવન, રાકેશ બેદી, સારા અર્જુન અને અર્જુન રામપાલ જેવા કલાકારોના અભિનયની પણ ભારે પ્રશંસા થઈ રહી છે.રણવીર સિંહની આ સ્પાય એક્શન-થ્રિલર ફિલ્મને લઈને સોશિયલ મીડિયા પર ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. ફેન્સ લાંબા સમયથી ફિલ્મની OTT રિલીઝની રાહ જોઈ રહ્યા હતા અને હવે આખરે 15 મેના રોજ ફિલ્મ બે અલગ-અલગ OTT પ્લેટફોર્મ્સ પર સ્ટ્રીમ થશે. આદિત્ય ધરના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મ ભારતમાં અને વિદેશોમાં અલગ-અલગ પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવશે.



# કાનમાં આલિયાની અવગણના થઈ? યુઝરે લખ્યું- કેટલી દુ:ખની વાત છે

## બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટ તાજેતરમાં કાન ફિલ્મ ફેસ્ટિવલ 2026ના રેડ કાર્પેટ પર જોવા મળી હતી, અહીં તેના લુક્સની ઘણી ચર્ચા થઈ હતી

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટ તાજેતરમાં કાન ફિલ્મ ફેસ્ટિવલ 2026ના રેડ કાર્પેટ પર જોવા મળી હતી. અહીં તેના લુક્સની ઘણી ચર્ચા થઈ હતી, પરંતુ સાથે જ તેને સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો પણ સામનો કરવો પડ્યો હતો. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થયા બાદ કેટલાક લોકોએ દાવો કર્યો હતો કે આંતરરાષ્ટ્રીય પાપારાઝીએ આલિયાને અવગણી હતી.

હવે આલિયાએ પોતે એક ટ્રોલને ખૂબ જ નમ્રતાથી જવાબ આપ્યો છે. બુધવારે આલિયાએ ઈન્સ્ટાગ્રામ પર એક રીલ શેર કરી હતી. તેમાં તે આઈવરી સિલ્ક સાડી-ગાઉનમાં રોયલ લુકમાં જોવા મળી રહી હતી. આ પોસ્ટ પર એક યુઝરે કટાક્ષ કરતા કોમેન્ટ કરી હતી, 'કેટલી દુ:ખની વાત છે, કોઈએ તમને નોટિસ જ ન કર્યા.'

આલિયાએ આ કોમેન્ટને અવગણવાને બદલે જવાબ આપવાનું વધુ સારું સમજ્યું. તેણે લખ્યું, "દુ:ખ કેવું જાન? તમે તો મને નોટિસ કરી".' આલિયાના સમર્થનમાં ટીવી એક્ટર અલી ગોની અને સિંગર રાહુલ વૈદ્ય પણ આગળ આવ્યા. અલી ગોનીએ સોશિયલ મીડિયા પર લખ્યું, 'આ જોઈને દુ:ખ થાય છે કે જ્યારે કોઈ આપણા દેશનું નામ ગ્લોબલ લેવલ પર રોશન કરવા માટે આટલી મહેનત કરે છે, ત્યારે આપણા પોતાના જ લોકો તેને નીચે ખેંચવાનો પ્રયાસ કરે છે. તેણે આગળ કહ્યું કે આલિયાએ ત્યાં પહોંચીને તે મુકામ હાંસલ કર્યો છે જેનું સપનું ઘણા લોકો જુએ છે. આપણે મજાક ઉડાવવાને બદલે તે લોકોનો સાથ આપવો જોઈએ જેઓ વિદેશોમાં ભારતનું માન વધારી રહ્યા છે. જ્યારે રાહુલ વૈદ્યે લખ્યું કે આલિયાને કોઈના અટેન્શનની જરૂર નથી. બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટ તાજેતરમાં કાન ફિલ્મ ફેસ્ટિવલ 2026ના રેડ કાર્પેટ પર જોવા મળી હતી. અહીં તેના લુક્સની ઘણી ચર્ચા થઈ હતી, પરંતુ સાથે જ તેને સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો પણ સામનો કરવો પડ્યો હતો. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થયા બાદ કેટલાક લોકોએ દાવો કર્યો હતો કે આંતરરાષ્ટ્રીય પાપારાઝીએ આલિયાને અવગણી હતી. હવે આલિયાએ પોતે એક ટ્રોલને ખૂબ જ નમ્રતાથી જવાબ આપ્યો છે. બુધવારે આલિયાએ ઈન્સ્ટાગ્રામ પર એક રીલ શેર કરી હતી. તેમાં તે આઈવરી સિલ્ક સાડી-ગાઉનમાં રોયલ લુકમાં જોવા મળી રહી હતી. આ પોસ્ટ પર એક યુઝરે કટાક્ષ કરતા કોમેન્ટ કરી હતી.





# 'કિંગ'ના સેટ પરથી અભિષેકનો લુક લીક: હાથમાં બંદૂક અને લોન્ગ કોટમાં જોવા મળ્યો

## હાલમાં આ ફિલ્મનું શૂટિંગ પૂરજોશમાં ચાલી રહ્યું છે, પરંતુ સેટ પરથી સતત લીક થઈ રહેલા ફોટા અને વીડિયોએ નિર્માતાઓની ચિંતા વધારી દીધી છે. તાજેતરમાં જ ફિલ્મમાંથી મુખ્ય ખલનાયકની ભૂમિકા ભજવી રહેલા અભિષેક બચ્ચનનો 'રો એન્ડ રિયલ' લુક લીક થયો છે

મુંબઈ

વર્ષ 2023માં સતત ત્રણ બ્લોકબસ્ટર ફિલ્મો આપ્યા બાદ, કિંગ ખાન એટલે કે શાહરૂખ ખાન હવે પોતાની આગામી એક્શન થ્રિલર ફિલ્મ 'કિંગ' (King) ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મ શાહરૂખની પુત્રી સુહાના ખાનના મોટા પડદા પરના ડેબ્યૂ માટે અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે. હાલમાં આ ફિલ્મનું શૂટિંગ પૂરજોશમાં ચાલી રહ્યું છે, પરંતુ સેટ પરથી સતત લીક થઈ રહેલા ફોટા અને વીડિયોએ નિર્માતાઓની ચિંતા વધારી દીધી છે. તાજેતરમાં જ ફિલ્મમાંથી મુખ્ય ખલનાયકની ભૂમિકા ભજવી રહેલા અભિષેક બચ્ચનનો 'રો એન્ડ રિયલ' લુક લીક થયો છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વાયરલ થયેલી તસવીરો ફિલ્મના કોઈ કાર ક્રેશ અથવા ક્લાઈમેક્સ સિક્વન્સની હોવાનું મનાય છે. આ ફોટામાં જુનિયર બચ્ચન એક કારની ઉપર ઊભો છે, તેના હાથમાં મોટી બંદૂક છે અને તેણે બ્લેક ચશ્મા પહેર્યા છે. કાળી દાઢી અને લાંબા ગ્રે કલરના કોટમાં તે અગાઉ ક્યારેય ન જોયો હોય તેવા આક્રમક અવતારમાં નજરે પડે છે. ફિલ્મમાં તે એક ક્રૂર વિલનની ભૂમિકામાં છે, જે શાહરૂખ ખાનના પાત્ર સામે ટકરાશે. ચાહકો અભિષેકના આ લુકથી આશ્ચર્યચકિત છે અને તેને બોલિવૂડનો નવો ખતરનાક વિલન ગણાવી રહ્યા છે. સેટ પરથી તસવીરો લીક થવાને કારણે ફિલ્મના રહસ્યને જાળવી રાખવા માંગતા નિર્માતાઓ મુશ્કેલીમાં મુકાયા છે. અગાઉ શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણ પણ સેટ પર શૂટિંગ કરતા જોવા મળ્યા હતા. ફિલ્મના નિર્માતા સિદ્ધાર્થ આનંદે અગાઉ ચાહકોને સોશિયલ મીડિયા પર સેટની વિગતો શેર ન કરવા માટે ખાસ વિનંતી કરી હતી, પરંતુ તે છતાં લીકેજ યથાવત રહ્યું છે. 'કિંગ' ફિલ્મમાં શાહરૂખ ખાન એક 'ડોન' જેવા પાત્રમાં હોવાની ચર્ચા છે, જે સુહાનાના પાત્રને માર્ગદર્શન આપતો જોવા મળશે.

# કોમેડી, કન્ફ્યુઝન અને સ્ટાર્સનો મહાધમાલ! 'વેલકમ ટુ ધ જંગલ'નો ટીઝર રિલીઝ

મુંબઈ

ઈંતજાર આખરે પૂર્ણ થયો છે! બહુચર્ચિત કોમેડી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'નો ઓફિશિયલ ટીઝર રિલીઝ થઈ ગયો છે, જે ફરી એકવાર મોટા પડદા પર એ જ પાગલપણું, કન્ફ્યુઝન અને ઠહાકાઓથી ભરેલી દુનિયા લઈને આવ્યું છે, જેને દર્શકો લાંબા સમયથી મિસ કરી રહ્યા હતા. નોસ્ટેલ્જિયા, ઓળખાતા ચહેરાઓ અને સિગ્નેચર કોમિક અંદાજથી ભરપૂર આ ટીઝર એક શાનદાર ફેમિલી એન્ટરટેનર બનવાનું વચન આપે છે. અક્ષય કુમારના અલ્ટ્રા-સ્ટાઈલિશ પોસ્ટર પછી હવે ટીઝરે પણ ફિલ્મના મજેદાર માહોલની ઝલક આપી દીધી છે, જેને જોઈને ફેન્સ અક્ષય




કુમારને ફરી એકવાર તેમના સૌથી પસંદીદા કોમેડી અવતારમાં જોવા માટે ખૂબ ઉત્સાહિત છે. 'વેલકમ ટુ ધ જંગલ' સંપૂર્ણ રીતે કોમેડી અને અફરાતફરીથી ભરેલી એવી દુનિયા છે, જ્યાં દરેક વળાંક પર હાસ્યનો ધમાકો થવાનો છે. વધુ સ્ટાર્સ, વધુ કન્ફ્યુઝન, વધુ કોમેડી અને નોન-સ્ટોપ એન્ટરટેનમેન્ટ સાથે આ ફિલ્મ દર્શકોને ઈન્ટેન્સ સિનેમાથી એક મજેદાર બ્રેક આપવાનું વચન આપે છે. ક્લાસિક કોમિક ટાઈમિંગ અને શુદ્ધ પારિવારિક મનોરંજનનો એ જ જૂનો ચાર્મ આ ફિલ્મમાં ફરી જોવા મળશે. ફિલ્મને એક એવા મનોરંજન મહોત્સવ તરીકે રજૂ કરવામાં આવી છે, જ્યાં દરેક પાત્ર ક્યારેક શિકારી છે, ક્યારેક દર્શક તો ક્યારેક પોતે જ શિકાર. ફિલ્મની દરેક ઝલક એક એવી પાગલ અને મસ્તીભરી સફરની અનુભૂતિ કરાવે છે, જેમાં કન્ફ્યુઝન, કોમેડી અને ભરપૂર મજા જોવા મળશે. અક્ષય કુમાર ફરી એકવાર એ જ જોનરમાં પરત ફરી રહ્યા છે, જેમાં દર્શકો તેમને સૌથી વધુ પસંદ કરે છે, અને એ જ ફિલ્મની સૌથી મોટી ખાસિયત બનીને સામે આવી રહી છે. ફિલ્મમાં કલાકારોની એક શાનદાર ટીમ જોવા મળશે, જેમાં સામેલ છે – અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી, દિશા પટણી, જેકલીન ફર્નાન્ડિઝ, અરશદ વારસી, જેકી શ્રોફ, પરેશ રાવલ, રવીના ટંડન, લારા દત્તા, ફરીદા જલાલ, જોની લિવર, શ્રેયસ તલપડે, તુષાર કપૂર, રાજપાલ યાદવ, કૃષ્ણા અભિષેક, કીકૂ શારદા, દલેર મહેંદી, આફતાબ શિવદાસાની, મુકેશ તિવારી, યશપાલ શર્મા, કિરણ કુમાર, ઝાકિર હુસૈન, વિંદૂ દારા સિંહ, ઉર્વશી રૌતેલા, હેમંત પાંડે, બૃજેન્દ્ર કાલા, ફિરોઝ ખાન (અર્જુન), સ્વર્ગસ્થ પંકજ ધીરજી, પુનીત ઈસ્સર, સુદેશ બેરી, જીતૂ વર્મા, વૃહિ કોડવારા, આદિત્ય સિંહ અને ભાગ્ય ભાનુશાળી.

પાક્કો ગુજરાત
શનિવાર | 16 મે 2026 | અમદાવાદ

## વિરાટનું નિવેદન એવી અટકળોને વેગ આપી રહ્યું છે કે ટીમ ઈન્ડિયામાં બધું બરાબર નથી

# વર્લ્ડ કપ 2027 પર વિરાટે કહ્યું – "હું મારી જાતને વારંવાર સાબિત નહીં કરું"

નવી દિલ્હી

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર પોડકાસ્ટ પર બોલતા, વિરાટ કોહલીએ પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દી અને 2027 ODI વર્લ્ડ કપ વિશે સ્પષ્ટતાથી વાત કરી હતી. વિરાટે કહ્યું કે, "મારું વિઝન ખૂબ જ સ્પષ્ટ છે. જો હું જે વાતાવરણમાં છું તેમાં મૂલ્ય ઉમેરી શકું, અને તે વાતાવરણ પણ માને છે કે હું યોગદાન આપી શકું છું, તો હું રમવાનું ચાલુ રાખીશ. પરંતુ જો મને એવું લાગશે કે મારે મારી યોગ્યતા અને મહત્વ સાબિત કરવું પડશે, તો હું તે સ્થિતિમાં રહેવા માંગતો નથી." તેમણે વધુમાં ઉમેર્યું, "હું મારી તૈયારી પ્રત્યે સંપૂર્ણપણે પ્રામાણિક છું. હું રમત પ્રત્યે જે રીતે અભિગમ અપનાવું છું તેમાં હું સખત મહેનત કરું છું. ભગવાને મને મારા ક્રિકેટ કારકિર્દીમાં ઘણું આપ્યું છે, અને હું હંમેશા તેના માટે આભારી રહીશ." વિરાટનું નિવેદન એવી અટકળોને વેગ આપી રહ્યું છે કે ટીમ ઈન્ડિયામાં બધું બરાબર નથી. ગત વર્ષે, રોહિત શર્મા અને પછી વિરાટ કોહલીએ અચાનક ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી. બંને હવે ફક્ત ODI રમે છે, અને ઘણી વખત એવું સૂચન કરવામાં આવ્યું છે કે, 2027 ODI વર્લ્ડ કપમાં તેમનો ભાગ લેવાનું અનિશ્ચિત છે. એવું કહેવાયું હતું કે, બંનેએ BCCIને કહ્યું કે, તેઓ રમવા માટે પ્રતિબદ્ધ નથી. પછી, કોચ ગૌતમ ગંભીર, વિરાટ કોહલી અને રોહિત શર્મા વચ્ચે મતભેદ હોવાના અહેવાલો સામે આવ્યા. જો કે, ત્રણેયે ક્યારેય આ વિશે ખુલ્લેઆમ વાત કરી ન હતી, પરંતુ વિવાદે જોર પકડ્યું. 2025 ચેમ્પિયન્સ ટ્રોફી પછી રોહિતને અચાનક કેપ્ટનશીપ પરથી હટાવી દેવામાં આવ્યો હતો. "હું 40 ઓવર સુધી દોડવા માટે તૈયાર છું" વિરાટે કહ્યું કે, તે ટીમ માટે કોઈપણ હદ સુધી જવા તૈયાર છે. તેમને કહ્યું કે, "જો તમે ઈચ્છો છો કે હું ODIમાં 40 ઓવર માટે બાઉન્ડ્રીથી બાઉન્ડ્રી સુધી દોડું, તો હું ફરિયાદ વિના તે કરીશ. કારણ કે હું તે મુજબ તૈયારી કરું છું. હું દરેક બોલને એવી રીતે રમું છું જાણે તે મારી કારકિર્દીનો છેલ્લો બોલ હોય. હું તે રીતે બેટિંગ કરું છું, વિકેટો વચ્ચે દોડું છું અને ટીમ માટે શક્ય તેટલું બધું કરું છું." કોહલીએ સ્પષ્ટપણે કહ્યું કે ખૂબ મહેનત અને સમર્પણ પછી, જો તેણે પોતાને સાબિત કરવું હોય, તો તે વાતાવરણ તેના માટે નથી. વિરાટે દિલ્હી માટે વિજય હજારે ટ્રોફી રમવાનો પોતાનો અનુભવ પણ યાદ કર્યો. લગભગ બે દાયકા પછી ઘરેલુ ODI ટુર્નામેન્ટમાં રમવા પરત ફરેલા વિરાટે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેમને કહ્યું કે, "હું ત્યાં રમવા માંગતો હતો કારણ કે મને ક્રિકેટ ગમે છે. મને બેટિંગ ખૂબ ગમે છે. તે સમયે, મારી પાસે કોઈને સાબિત કરવા માટે કંઈ નહોતું. હું ફરીથી બાળક જેવો અનુભવ કરતો હતો." વિરાટે કહ્યું કે, રમતનો આનંદ માણવાનું શરૂ કરતાં જ તેની અંદરનું દબાણ ઓસરી ગયું. કોહલીએ ટીમમાં તેના સ્થાન વિશે સતત પ્રશ્નો પર પણ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. તેમને કહ્યું કે, "કાં તો પહેલા દિવસે સ્પષ્ટપણે કહો કે હું પૂરતો સારો નથી, અથવા મારી જરૂર નથી. પરંતુ જો તમે કહ્યું છે કે હું ટીમ માટે મહત્વપૂર્ણ છું, તો ફરીથી મને પ્રશ્નો પૂછતા નહીં." તેને નિયમિત નોકરી સાથે સરખાવતા, તેણે કહ્યું કે એક દિવસ કોઈના પર વિશ્વાસ કરવો અને પછી બીજા દિવસે તેમની ક્ષમતાઓ પર પ્રશ્ન ઉઠાવવો યોગ્ય નથી.



## પંજાબની સતત પાંચમી મેચમાં કારમી હાર

મુંબઈ

મુંબઈ ઈન્ડિયન્સે રોમાંચક મેચમાં પંજાબ કિંગ્સને 6 વિકેટથી હરાવ્યું છે. મુંબઈને છેલ્લી ઓવરમાં જીતવા માટે 15 રન જોઈતા હતા, જે ટીમે ચેઝ કરી લીધા. જીતના હીરો તિલક વર્મા રહ્યો, જેણે અણનમ 75 રનની મેચ વિનિંગ ઈનિંગ રમી. બીજી તરફ પંજાબની આ સતત પાંચમી હાર રહી છે. ધર્મશાલાના HPCA સ્ટેડિયમમાં ટૉસ હારતા પહેલી બેટિંગ કરવા ઉતરેલી પંજાબની ટીમે 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 200 રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈએ 19.5 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો. મુંબઈ માટે તિલક-જેક્સ વચ્ચે ફિફ્ટીની પાર્ટનરશીપ મુંબઈ માટે તિલક વર્માએ માત્ર 33 બોલમાં અણનમ 75 રનની વિસ્ફોટક ઈનિંગ રમી. તેના સિવાય રાયન રિકલ્ટને 48 રન બનાવ્યા હતા. અંતમાં વિલ જેક્સે 10 બોલમાં અણનમ 25 રન બનાવીને મેચ ફિનિશ કરી અને તિલક તથા જેક્સ વચ્ચે માત્ર 20 બોલમાં 56 રનની ભાગીદારી નોંધાઈ. પંજાબ માટે પ્રભસિમરન સિંહે સૌથી વધુ 57 રન બનાવ્યા, જ્યારે અઝમતુલ્લા ઓમરઝઈએ 17 બોલમાં 38 રનની વિસ્ફોટક ઈનિંગ રમી. અંતમાં જેવિયર બાર્ટલેટે 7 બોલમાં અણનમ 18 રન ઉમેરીને ટીમને 200 રનને પાર પહોંચાડી.

મુંબઈ માટે શાર્દૂલ ઠાકુર સૌથી સફળ બોલર રહ્યો. તેણે 4 વિકેટ ઝડપી. જ્યારે દીપક ચહરને 2 વિકેટ મળી. શરૂઆતમાં પંજાબે ઝડપી રન બનાવ્યા હતા, પરંતુ મિડલ ઓવર્સમાં સતત વિકેટ પડવાને કારણે ટીમ દબાણમાં આવી ગઈ હતી. તેમ છતાં, ઓમરઝઈ અને બાર્ટલેટની ઝડપી ઈનિંગ્સથી ટીમ મજબૂત સ્કોર સુધી પહોંચી ગઈ હતી. 18મી ઓવરમાં તિલકે યાનસનના પહેલા જ બોલ પર શાનદાર છગ્ગો ફટકારીને પોતાની અડધી સદી પૂરી કરી. યાન્સેનના ધીમા ફુલ બોલ પર તિલકે શાનદાર શોટ રમતા ડીપ બેકવર્ડ સ્ક્વેર લેગની ઉપરથી બોલ મોકલ્યો.

### યુવરાજ સિંહ લીગનો એમ્બેસેડર બન્યો

## સાઉદી અરેબિયામાં T20 લીગ રમાશે:ઓક્ટોબરમાં શરૂ થશે

મુંબઈ

સાઉદી અરેબિયા આ વર્ષે ઓક્ટોબરમાં તેની પ્રથમ ફ્રેન્ચાઈઝી ક્રિકેટ લીગ શરૂ કરવા જઈ રહ્યું છે. ક્યુન્સ લીગ T20 નામની આ લીગ 6 ટીમ સાથે રમાશે. ESPNcricinfoના રિપોર્ટ અનુસાર, તેમાં એવા ખેલાડીઓ ભાગ લઈ શકે છે, જેણે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે, પરંતુ હજુ પણ વિશ્વભરની ફ્રેન્ચાઈઝી લીગ્સમાં રમી રહ્યો છે. SACFએ મંજૂરી આપી લીગને સાઉદી અરૈબિયા ક્રિકેટ ફેડરેશન (SACF)ની મંજૂરી મળી ચૂકી છે. મેચ જેદ્દાહ પાસેના તાઈફ શહેરમાં રમાશે. આ લીગને સ્પોર્ટ્સ એશિયન નેટવર્ક અને બે ટેલેન્ટ એજન્સીઓ સાથે મળીને તૈયાર કરવામાં આવી છે. જેમાં યુનિક સ્પોર્ટ્સ




ક્લબ અને પ્રોલિથિકનો સમાવેશ થાય છે. યુનિક સ્પોર્ટ્સ ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર જેવા ખેલાડીઓને મેનેજ કરે છે, જ્યારે પ્રોલિથિક ભારતીય બેટર અભિષેક શર્મા સાથે કામ કરે છે. યુવરાજ એમ્બેસેડર બન્યો પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર યુવરાજ સિંહને લીગના એમ્બેસેડર બનાવ્યો છે. SACF એ ગયા વર્ષે આ લીગની પ્રારંભિક યોજનાની જાહેરાત કરી હતી. બોર્ડે કહ્યું હતું કે તેનો હેતુ સાઉદી અરેબિયાને ગ્લોબલ ક્રિકેટ મેપ પર લાવવાનો અને સ્થાનિક ખેલાડીઓને આગળ વધારવાનો છે. રિપોર્ટ અનુસાર, લીગમાં વધુમાં વધુ ચાર એવા ખેલાડીઓ રમી શકશે, જેમણે છેલ્લા બે વર્ષમાં કોઈ ફૂલ-મેમ્બર દેશ માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમ્યું હોય. આનાથી લીગ ICCની તે મર્યાદામાં રહેશે, જ્યાં અલગથી મંજૂરીની જરૂર પડતી નથી.

## વાંધાજનક શબ્દો વાપરવા પોલાર્ડને ભારે પડ્યા

### IPLના નિયમ ભંગ બદલ થઈ મોટી સજા

મુંબઈ

મુંબઈ ઈન્ડિયન્સ (MI) અને પંજાબ કિંગ્સ (PBKS) વચ્ચે રમાયેલી રોમાંચક મેચ બાદ મુંબઈના બેટિંગ કોચ કીરોન પોલાર્ડ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. મેચ દરમિયાન ફોર્થ અમ્પાયર સાથે અભદ્ર ભાષાનો પ્રયોગ કરવા બદલ આઈપીએલ કમિટીએ પોલાર્ડને દંડ ફટકાર્યો છે.

ગુરુવારે રમાયેલી મેચમાં જ્યારે મુંબઈની ટીમ લક્ષ્યાંકનો પીછો કરી રહી હતી, ત્યારે બીજી ઈનિંગની 19મી ઓવરમાં આ ઘટના બની હતી. મેદાન પર ચાલી રહેલી રમત દરમિયાન પોલાર્ડ અને ફોર્થ અમ્પાયર વચ્ચે કોઈ બાબતે ઉગ્ર દલીલ થઈ હતી. આ દરમિયાન પોલાર્ડે અમ્પાયર માટે અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો. જે આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણાય છે.

બોર્ડ દ્વારા કાર્યવાહી આઈપીએલે પોલાર્ડને આચાર સંહિતાના લેવલ-1 ના ઉલ્લંઘનનો દોષી માનતા તેમની મેચ ફીના ૧૫ ટકા દંડ ફટકાર્યો છે. આર્થિક દંડની સાથે પોલાર્ડના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. લીગના જણાવ્યા અનુસાર, પોલાર્ડે અનુચ્છેદ 2.3નું ઉલ્લંઘન કર્યું છે, જે મેચ દરમિયાન અભદ્ર ભાષાના ઉપયોગ સાથે જોડાયેલું છે. પોલાર્ડે ભૂલ સ્વીકારી મેચ બાદ મેચ રેફરી પંકજ ધરમાણી દ્વારા પોલાર્ડને સજા સંભળાવવામાં આવી હતી. કીરોન પોલાર્ડે પોતાની ભૂલ સ્વીકારી લીધી છે અને સજાનો સ્વીકાર કર્યો છે. જેના કારણે હવે આ મામલે આગળ કોઈ સુનાવણી હાથ ધરવામાં આવશે નહીં. આ સજાને પોલાર્ડે મંજૂર રાખી છે. જેથી હવે કોઈ અન્ય કાર્યવાહીનો પ્રશ્ન રહેતો નથી. પોલાર્ડ અનેકવાર કરી ચુક્યો છે ભુલ નોંધનીય છે કે, કીરોન પોલાર્ડ અગાઉ પણ અનેકવાર આઈપીએલની આચાર સંહિતાના દાયરામાં આવી ચૂક્યા છે. જોકે, મેદાન પર મુંબઈ ઈન્ડિયન્સે પંજાબને 6 વિકેટે હરાવીને શાનદાર જીત નોંધાવી હતી, પરંતુ કોચની આ હરકતે જીતની ખુશીમાં થોડો ભંગ પાડ્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સ (MI) અને પંજાબ કિંગ્સ (PBKS) વચ્ચે રમાયેલી રોમાંચક મેચ બાદ મુંબઈના બેટિંગ કોચ કીરોન પોલાર્ડ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. મેચ દરમિયાન ફોર્થ અમ્પાયર સાથે અભદ્ર ભાષાનો પ્રયોગ કરવા બદલ આઈપીએલ કમિટીએ પોલાર્ડને દંડ ફટકાર્યો છે.

ગુરુવારે રમાયેલી મેચમાં જ્યારે મુંબઈની ટીમ લક્ષ્યાંકનો પીછો કરી રહી હતી, ત્યારે બીજી ઈનિંગની 19મી ઓવરમાં આ ઘટના બની હતી. મેદાન પર ચાલી રહેલી રમત દરમિયાન પોલાર્ડ અને ફોર્થ અમ્પાયર વચ્ચે કોઈ બાબતે ઉગ્ર દલીલ થઈ હતી. આ દરમિયાન પોલાર્ડે અમ્પાયર માટે અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો. જે આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણાય છે.

બોર્ડ દ્વારા કાર્યવાહી આઈપીએલે પોલાર્ડને આચાર સંહિતાના લેવલ-1 ના ઉલ્લંઘનનો દોષી માનતા તેમની મેચ ફીના ૧૫ ટકા દંડ ફટકાર્યો છે. આર્થિક દંડની સાથે પોલાર્ડના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. લીગના જણાવ્યા અનુસાર, પોલાર્ડે અનુચ્છેદ 2.3નું ઉલ્લંઘન કર્યું છે.





### સોનું એક મહિનામાં 3,000 રૂપિયા ઘટ્યું

# ચાંદી એક જ દિવસમાં રૂ. 19 હજાર તૂટી

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે 15 મેના રોજ મોટો ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, એક કિલો ચાંદી 19,693 રૂપિયા ઘટીને 2.68 લાખ રૂપિયા પર આવી ગઈ છે, જે ગુરુવારે 2.87 લાખ રૂપિયા પર હતી. બીજી તરફ 10 ગ્રામ 24 કેરેટ સોનું 3,000 રૂપિયા ઘટીને 1.58 લાખ રૂપિયા પર આવી ગયું છે. આ અગાઉ ગત મહિનાની 16 એપ્રિલે તે 1.61 લાખ પર હતું. સોનું ઓલ ટાઈમ હાઈથી 106 દિવસમાં 17,962 અને ચાંદી 1,18,433 સસ્તી થઈ છે. 29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ/10 ગ્રામ અને ચાંદી 3.86 લાખ/કિલો હતી. મહત્વનું છે કે રવિવારે કર્ણાટક અને




તેલંગાણાની સભા તેમજ સોમવારે ગુજરાતની સભામાં વડાપ્રધાન મોદીએ પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઘટાડવા અને એક વર્ષ સુધી સોનું ન ખરીદવા અપીલ કરી હતી. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાને કહ્યું કે, 'એક સમય હતો, જ્યારે સંકટ આવવા પર દેશહિતમાં લોકો સોનું દાન કરી દેતા હતા. આજે દાનની જરૂર નથી, પરંતુ દેશહિતમાં આપણે એ નક્કી કરવું પડશે કે વર્ષભર સુધી ઘરમાં કોઈ કાર્યક્રમ હોય, આપણે સોનાના દાગીના નહીં ખરીદીએ. વિદેશી હૂંડિયામણ બચાવવા માટે આપણી દેશભક્તિ આપણને પડકાર આપી રહી છે અને આપણે આ સ્વીકારીને વિદેશી હૂંડિયામણ બચાવવું પડશે.' PM મોદીએ ભારતના વિદેશી હૂંડિયામણ ભંડારને બચાવવા માટે આ અપીલ કરી. ભારત તેના વપરાશનું લગભગ 99 ટકા સોનું વિદેશથી ખરીદે છે. 2025-26માં સોનાનું આ ઈમ્પોર્ટ બિલ લગભગ 6.4 લાખ કરોડ રૂપિયાનું હતું. વિદેશથી ખરીદવામાં આવતી વસ્તુઓના કુલ ખર્ચમાં 9 ટકા હિસ્સા સાથે સોનું બીજા ક્રમે છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. વર્તમાન સ્થિતિ: ઉચ્ચતમ સ્તરથી સોનું 18 હજાર રૂપિયા સસ્તું થઈને હવે 1.58 લાખ/10 ગ્રામ પર આવી ગયું છે.


### સોનાના વાયદામાં રૂ.2881 અને ચાંદીના વાયદામાં રૂ.17152નો કડાકો

# ક્રૂડ તેલના વાયદામાં સેંકડા વધ્યા

### કોમોડિટી વાયદાઓમાં રૂ.50701.73 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.208537.2 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 36845.59 કરોડનાં કામકાજ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.259238.92 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.50701.73 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.208537.2 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.3286.87 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 36845.59 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.160790ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.160992 અને નીચામાં રૂ.158537ના સ્તરને સ્પર્શી, રૂ.161978ના આગલા બંધ સામે રૂ.2881 ઘટી રૂ.159097ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.2056 ઘટી રૂ.127829 થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.266 ઘટી રૂ.15999ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.2824 ઘટી રૂ.158629 થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.159962ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.160620 અને નીચામાં રૂ.158300ના




મથાળે અથડાઈ, રૂ.161664ના આગલા બંધ સામે રૂ.2821 ઘટી રૂ.158843ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.280000ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.283219 અને નીચામાં રૂ.270380ના મથાળે અથડાઈ, રૂ.291102ના આગલા બંધ સામે રૂ.17152 ઘટી રૂ.273950ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.16636 ઘટી રૂ.276845ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.16779 ઘટી રૂ.276704ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 7083.94 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.38.65 ઘટી રૂ.1346.8ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.3.9 ઘટી રૂ.363.5ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.5.95 ઘટી રૂ.379.55ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો રૂ.1.35 ઘટી રૂ.202.25 થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 6732.79 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4506ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4581 અને નીચામાં રૂ.4496ના મથાળે અથડાઈ, રૂ.28 વધી રૂ.4540ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.9811ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.10112 અને નીચામાં રૂ.9807ના સ્તરને સ્પર્શી, રૂ.9724ના આગલા બંધ સામે રૂ.256 વધી રૂ.9980ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.258 વધી રૂ.9983 થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.2.7 વધી રૂ.280.1 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.2.8 વધી રૂ.280.2ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.994.5ના ભાવે ખૂલી, 10 પૈસા ઘટી રૂ.988ના સ્તરે પહોંચ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.2755ના ભાવે ખૂલી, રૂ.2 વધી રૂ.2765ના સ્તરે પહોંચ્યો હતો.

### અમેરિકામાં છેતરપિંડીના કેસમાં અમેરિકાની સમાધાનની તૈયારી

# ગૌતમ અદાણી અને સાગર અદાણી 18 મિલિયન ડોલર દંડ ભરવા તૈયાર

મુંબઈ

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી સામે અમેરિકામાં ચાલી રહેલા લાંચ અને છેતરપિંડીના હાઈ-પ્રોફાઈલ કેસમાં એક મોટો યુ-ટર્ન આવ્યો છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ અનુસાર અમેરિકાનું ન્યાય વિભાગ દ્વારા અદાણી સામેનો કેસ પડતો મૂકવાની યોજના બનાવી રહ્યું છે. ગૌતમ અદાણીએ આ કેસ માટે રોબર્ટ જે. ગિયુફ્રા જુનિયરને હાયર કર્યા છે. ગિયુફ્રા પ્રખ્યાત લૉ ફર્મ 'સુલિવન એન્ડ ક્રોમવેલ'ના કો-ચેરમેન છે તથા તેઓ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અંગત વકીલ પણ રહી ચૂક્યા છે. અમેરિકામાં 10 અબજ ડોલરના રોકાણની ઓફર વોશિંગ્ટનમાં ન્યાય વિભાગ સાથેની એક બેઠક દરમિયાન અદાણીના વકીલે એક અનોખી ઓફર રજૂ કરી હતી. તેમણે જણાવ્યું કે જો આરોપો પડતા મૂકવામાં આવે, તો અદાણી ગ્રૂપ અમેરિકામાં




10 અબજ ડોલરનું રોકાણ કરશે અને ત્યાં 15 હજાર નવી નોકરીનું સર્જન કરશે. રિપોર્ટ અનુસાર, વકીલ ગિયુફ્રાએ ન્યાય વિભાગના અધિકારીઓ સમક્ષ 100 સ્લાઈડ્સ રજૂ કરી હતી, જેમાં સમજાવાયું હતું કે અદાણી સામેના આરોપોમાં પૂરતા પુરાવા નથી અને અમેરિકા પાસે આ કેસ ચલાવવાનું કાર્યક્ષેત્ર (Jurisdiction) પણ નથી. આ ક્રિમિનલ ચાર્જિસ સિવાય, અમેરિકી સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC) અને ટ્રેઝરી વિભાગ દ્વારા પણ અદાણી ગ્રૂપ વિરુદ્ધ તપાસ ચાલી રહી છે. આ એજન્સીઓ પણ અદાણીને દંડ ફટકારીને સમાધાન (Settlement) કરશે. SEC સેટલમેન્ટ: સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશને ગુરુવારે મોડી રાત્રે 18 મિલિયન ડોલરના દંડ સાથે સમાધાનની જાહેરાત કરી છે, જેમાંથી ગૌતમ અદાણી 6 મિલિયન ડોલર અને સાગર અદાણી 12 મિલિયન ડોલર દંડ ચૂકવશે. ટ્રેઝરી વિભાગનો દંડ: ઈરાનની ગેસ શિપિંગ દ્વારા અમેરિકાના પ્રતિબંધોના ઉલ્લંઘન બદલ ટ્રેઝરી વિભાગ અદાણી ગ્રૂપ પર આશરે 275 મિલિયન ડોલરનો દંડ ફટકારી શકે છે.

# સેન્સેક્સ 160 પોઈન્ટ ઘટીને 75,237 પર બંધ

- નિફ્ટીમાં પણ 46 પોઈન્ટનો ઘટાડો, 23,643ના સ્તરે પહોંચ્યો
- શરૂઆતમાં બજારને IT શેરોમાં મજબૂત ખરીદી

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 15 મેના રોજ ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 160 પોઈન્ટ ઘટીને 75,237ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 46 પોઈન્ટનો ઘટાડો થયો છે, તે 23,643ના સ્તરે બંધ થયો છે. ઘરેલુ શેરબજાર આજે સવારના ઉછાળાને જાળવી શક્યું નહીં. આ જ કારણ છે કે અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ અને નિફ્ટીમાં ઘટાડો જોવા મળ્યો છે. રૂપિયાની હાલત વધુ ખરાબ છે. પહેલીવાર ડોલર સામે રૂપિયો 96 ના સ્તરને પાર કરી ગયો છે. આજે સેન્સેક્સમાં ટાટા સ્ટીલ, એસબીઆઈ, રિલાયન્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેર 1 ટકાથી વધુ ઘટ્યા હતા. બીજી તરફ, ટેક મહિન્દ્રા, ઈન્ફોસિસ, પાવર ગ્રીડ, મારુતિ અને ભારતી એરટેલના શેર 1 ટકાથી વધુ વધ્યા હતા. બે દિવસની તેજી બાદ શુક્રવાર, 15 મે ના રોજ શેરબજાર નીચા સ્તરે બંધ થયું હતું. બજારની શરૂઆત વધારા સાથે થઈ અને દિવસભર સતત વધતું રહ્યું હતું. જોકે બંધ થવાનો સમય નજીક આવતાં વેચવાલી શરૂ થઈ અને બજાર લાલ રંગમાં સરકી ગયું. દિવસ દરમિયાન સેન્સેક્સ તેના પાછલા બંધથી 471.64 પોઈન્ટ વધીને 75,870.36 ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. તેવી જ રીતે નિફ્ટી લગભગ 150 પોઈન્ટ વધીને 23,839.30 ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. શરૂઆતમાં બજારને IT શેરોમાં મજબૂત ખરીદી અને FIIs ખરીદદારો તરફ વળવા જેવા પરિબળોથી ટેકો મળ્યો. જોકે નફામાં વધારો, ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો અને રૂપિયામાં ઘટાડો જેવા પરિબળોએ વેચાણનું દબાણ બનાવ્યું હતું.

### સોશિયલ મીડિયા પર કાવ્યાત્મક આક્રોશ

# નીટ કૌભાંડ પર લોકપ્રિય કલાકારો અને સંતોનું 'મૌન' કેમ?

## સો. મીડિયા પર અત્યારે એક ધારદાર કવિતા અને કટાક્ષ ભારે વાયરલ થઈ રહ્યો છે, જે પ્રજાની વેદના અને સેલિબ્રિટીઝની કથિત લાચારીને ઉજાગર કરે છે




અમદાવાદ

દેશના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરનારા 'નીટ' (NEET) પરીક્ષા વિવાદે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. એક તરફ દેશનું ભવિષ્ય ઘોર અંધકાર તરફ ધકેલાઈ રહ્યું છે, ત્યારે બીજી તરફ સમાજને માર્ગદર્શન આપતા મોટા સંતો, લોકસાહિત્યકારો અને કલાકારોના મૌન સામે જનતામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા પર અત્યારે એક ધારદાર કવિતા અને કટાક્ષ ભારે વાયરલ થઈ રહ્યો છે, જે પ્રજાની વેદના અને સેલિબ્રિટીઝની કથિત લાચારીને ઉજાગર કરે છે.

વાયરલ થયેલી પંક્તિઓમાં ગુજરાતના ટોચના કલાકારો અને સંતોના મૌન પર સીધા પ્રહારો કરવામાં આવ્યા છે:

'નીટ પરના ના તો કિર્તીદાન બોલશે,
ના જગુ દાદા ના મોરારી જુબાન ખોલશે,
રાજો શું જાણે રૈયત ની હાલત,
ના ખવડ રાજ ખોલશે ના બ્રિજદાન બોલશે...'

આ પંક્તિઓ દ્વારા જનતા પૂછી રહી છે કે, જ્યારે સામાન્ય પ્રજા અને ગરીબ વિદ્યાર્થીઓ (રૈયત) મુશ્કેલીમાં છે, ત્યારે ડાયરાઓમાં મોટી-મોટી વાતો કરનારા કલાકારો કે વ્યાસપીઠ પરથી જ્ઞાન વહેંચનારા સંતો કેમ મૌન સેવીને બેઠા છે? શાસકોને પ્રજાની વાસ્તવિક પરિસ્થિતિની કોઈ પરવા નથી, તેવો આક્રોશ પણ આ શબ્દોમાં છલકાય છે.

કવિતામાં આગળ સામાજિક વ્યવસ્થા પર આકરા પ્રહારો કરતા લખાયું છે કે, દેશનું ભવિષ્ય જ્યારે અંધકારમાં છે ત્યારે પવિત્ર ગણાતા સંતો અને સતીઓ ક્યાં ગાયબ છે? લોકો કટાક્ષ કરી રહ્યા છે કે જ્યારે પોતાના અંગત સ્વાર્થ કે કરોડોની 'માયા' (ધન-દોલત) ભેગી કરવાનો સમય આવશે, ત્યારે જ આ 'માયા' (માયાવી તત્વો) પોતાની દુકાનો અને સ્ટેજ પ્રોગ્રામો ખોલશે, પરંતુ પ્રજાના હક માટે કોઈ આગળ નહીં આવે.

સૌથી ગંભીર કટાક્ષ શિક્ષણ અને સંસ્કૃતિના નામે થઈ રહેલા દેખાડા પર કરવામાં આવ્યો છે:

આ વાયરલ કવિતા માત્ર શબ્દો નથી, પરંતુ સિસ્ટમ અને સમાજના કહેવાતા મોભીઓ સામે જનતાનો બળવો છે.

શિક્ષણ વ્યવસ્થામાં વ્યાપેલો ભ્રષ્ટાચાર અને તેના પર પથરાયેલું સ્મશાનવત મૌન આવનારી પેઢી માટે ખતરનાક સાબિત થઈ શકે છે. હવે સમય આવી ગયો છે કે દેશના યુવાનો જાગૃત થાય અને ભ્રષ્ટ તત્વો સામે અવાજ ઉઠાવે.

### ભલભલા એન્જિનિયર્સને પાછા પાડી દે તેવી ટેકનોલોજી

## આકાશમાં ગૂંજશે ભારતની શક્તિ : વિદેશી નિર્ભરતા તોડી વિદ્યાર્થીઓએ સ્વદેશી ડ્રોન બનાવ્યું

અમદાવાદ

અમેરિકા-ઈરાન યુદ્ધ હોય કે રશિયા-યુક્રેન વચ્ચેની લડાઇ આ તમામ ઘટનાઓએ વિશ્વને એક વાત સમજાવી દીધી છે કે હવે યુદ્ધ પહેલાંની જેમ મેદાન પર નહીં પણ ટેકનોલોજીથી લડાશે. જે દેશ પાસે મજબૂત ડિફેન્સ ટેકનોલોજી હશે તેનો દબદબો રહેશે. અમદાવાદની સરકારી પોલિટેકનિકના વિદ્યાર્થીઓએ ડ્રોન ટેકનોલોજીમાં એવી ક્રાંતિ સર્જી છે જે મોટા-મોટા એન્જિનિયર્સને પણ વિચારતા કરી દે તેવી છે. ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન વિભાગના વિદ્યાર્થીઓએ વિદેશી સ્પેર પાર્ટસ પરની નિર્ભરતા ખતમ કરીને પોતાનું સ્વદેશી ફ્લાઈટ કન્ટ્રોલર અને અત્યાધુનિક e-VTOL (ઈલેક્ટ્રિક વર્ટિકલ ટેક-ઓફ એન્ડ લેન્ડિંગ) ડ્રોન વિકસાવ્યું છે.

દુશ્મન દેશ સરળતાથી ટ્રેક નહીં કરી શકે આ ડ્રોનની વિશેષતા એ છે કે તેમાં એવી ખાસ કોમ્યુનિકેશન



સિસ્ટમ લગાવાઈ છે કે જેથી દુશ્મન દેશ તેને સરળતાથી પકડી પણ નહીં શકે અને તેનો ડેટા ચોરી પણ નહીં શકે. અંદાજે 30 હજાર રૂપિયાના ખર્ચે ડ્રોન ડેવલપ કરાયું છે. જેમાં સ્વદેશી ટેકનોલોજીથી બનેલા અને પેટન્ટ ધરાવતા ફ્લાઈટ કન્ટ્રોલરનો ઉપયોગ કરાયો છે. ડ્રોનમાં વપરાતી મોટર પણ સ્થાનિક સ્ટાર્ટઅપ દ્વારા બનાવાઈ છે. અત્યાર સુધી ફ્લાઈટ રોબોટિક્સ અને ડ્રોનના કમ્પોનન્ટ્સ માટે અન્ય દેશો પર નિર્ભર રહેવું પડતું હતું પરંતુ હવે આ સ્વદેશી ફ્લાઈટ કન્ટ્રોલર વિકસાવવામાં આવ્યું છે. આ ડ્રોન ફિક્સ્ડ વિંગ અને સામાન્ય ડ્રોનનું હાઈબ્રિડ મોડલ છે. જે સંરક્ષણ ક્ષેત્રે દેખરેખ અને સર્વેલન્સ માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે તેમ છે. વાયોનોટિક્સ ટેકનોલોજી અંતર્ગત 4થી વધુ પ્રોટોટાઈપ તૈયાર કરવામાં આવ્યા છે અને 6 પેટન્ટ પણ ફાઈલ થઈ છે. સ્વદેશી ફ્લાઈટ કન્ટ્રોલર અને અત્યાધુનિક e-VTOL ડ્રોન અંગે વધુ જાણવા માટે દિવ્ય ભાસ્કરે ડૉ. મિશેલ પ્રજાપતિ સાથે ખાસ વાતચીત કરી હતી. ડૉ. મિશેલ અમદાવાદ પોલિટેકનિકમાં ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ વિભાગના ફેકલ્ટી, કોલેજમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) ના કો-ઓર્ડિનેટર અને આઈઆઈસી (IIC) પ્રેસિડેન્ટ છે.

## બેફામ ડમ્પરનો કહેર, સરખેજ-ધોળકા રોડ ઉપર 20 વર્ષીય યુવતીનું કમકમાટીભર્યું મોત

અમદાવાદ

અમદાવાદના વેજલપુરમાં રહેતી અને અભ્યાસ અર્થે જતી 20 વર્ષીય યુવતીનું આજે બપોરે સરખેજ-ધોળકા રોડ પર એક ગોઝારા અકસ્માતમાં મોત નીપજ્યું છે. નવી ફતેવાડી આઝાદનગર બસ સ્ટોપ પાસે એક બેકાબૂ અને પૂરઝડપે આવતા ડમ્પરે યુવતીના એક્ટિવાને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ ઘટનામાં અકસ્માત સર્જીને અજાણ્યો ડમ્પર ચાલક ફરાર થઈ ગયો છે, જેને ઝડપી પાડવા પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, પોલીસ ચોપડે નોંધાયેલી વિગતો અનુસાર, વેજલપુરમાં ગીરા પાર્ક સામે આવેલા ભુમિકા એપાર્ટમેન્ટમાં રહેતી કાવ્યા સુનીલભાઈ પંડ્યા (ઉ.વ. 20) આજે બપોરે 12.45 વાગ્યે પોતાના એક્ટિવા પર ધોળકાના ચલોડા ખાતે આવેલી રાઈ યુનિવર્સિટીમાં જઈ રહી હતી. તે દરમિયાન સરખેજ-ધોળકા રોડ પર નવી ફતેવાડીના આઝાદનગર બસ સ્ટોપ પાસેથી પસાર થતી વખતે પાછળથી બેફામ સ્પીડે આવેલા ડમ્પર ચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરથી કાવ્યા રોડ પર પટકાઈ હતી અને ડમ્પર તેના પર ફરી વળતા માથા અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને નાસી છૂટેલા અજાણ્યા ડમ્પર ચાલક સામે પોલીસે ગુનો નોંધીને આસપાસના વિસ્તારના CCTV ફૂટેજના આધારે આરોપીને પકડી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

### ૧૦ જ દિવસમાં બીજી સનસનાટીપૂર્ણ દુર્ઘટના

## બલોલનગર ઓવરબ્રિજ બન્યો 'મોતનો બ્રિજ': વળાંક પર બાઈક ચાલક ડિવાઈડર સાથે અથડાઈ નીચે પટકાયો

અમદાવાદ

ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદ શહેરમાં આવેલા બલોલનગર ઓવરબ્રિજની ખામીયુક્ત ડિઝાઈન હવે વાહનચાલકો માટે કાળ સાબિત થઈ રહી છે. બલોલનગર ઓવરબ્રિજ પર વધુ એક હૃદયકંપાવનારો અકસ્માત સામે આવ્યો છે, જેમાં એક આશાસ્પદ બાઈક ચાલક વળાંક પર કાબૂ ગુમાવી બેસતા ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાયો હતો અને બ્રિજ પરથી સીધો નીચે રોડ પર પટકાતાં તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. આશ્ચર્ય અને આક્રોશની વાત એ છે કે, છેલ્લા માત્ર ૧૦ જ દિવસમાં આ બ્રિજ પર સર્જાયેલો આ બીજો સમાન પ્રકારનો જીવલેણ અકસ્માત છે.

ભયજનક વળાંક અને સ્પીડે લીધો ભોગ

મળતી માહિતી મુજબ, મૃતક યુવક પોતાના બાઈક પર સવાર થઈને બલોલનગર ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો. આ



બ્રિજ પર આવેલો વળાંક અત્યંત શાર્પ અને ભયજનક હોવાથી, વાહનચાલક ત્યાં પહોંચતા જ અચાનક બાઈક પરનો કાબૂ ગુમાવી બેઠો હતો. સ્પીડમાં રહેલી બાઈક રોડ ડિવાઈડર સાથે એટલી જોરથી અથડાઈ કે યુવક હવામાં ફંગોળાઈને બ્રિજની પ્રોટેક્શન દીવાલ કૂદીને સીધો નીચે મેઈન રોડ પર પડ્યો હતો. ગંભીર ઈજાઓ થવાના કારણે યુવકે સ્થળ પર જ દમ તોડી દીધો હતો.

૧૦ દિવસમાં બીજો બનાવ: તંત્રની ઘોર બેદરકારી સામે જનઆક્રોશ બલોલનગર બ્રિજ પર માત્ર ૧૦ દિવસના ટૂંકા ગાળામાં જ આ બીજી એવી ઘટના છે જેમાં વાહનચાલક નીચે ખાબક્યો હોય. આ અકસ્માતને પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો આ બ્રિજને હવે સત્તાવાર રીતે 'મોતનો ઓવરબ્રિજ' કહી રહ્યા છે. બ્રિજની ડિઝાઈન જ એવી રીતે બનાવવામાં આવી છે કે જ્યાં થોડી પણ બેદરકારી કે સ્પીડ હોય તો સીધો મોતનો કુવો સાબિત થાય છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી ઘટનાની જાણ થતાં જ સ્થાનીક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને રોડ પર ટ્રાફિક ક્લિયર કરાવીને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી મૃતકના પરિવારજનોને જાણ કરવા સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પોશ વિસ્તારોમાં ચોરી કરતી મહિલા બેલડી ઝડપાઈ

### મોબાઈલ ફોનની ચોરી થવાની ઘટનાના પગલે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી



અમદાવાદ

અમદાવાદના અલગ અલગ પીજી અને રહેણાંક સહિતના વિસ્તારોમાં ચોરી કરનાર બે સગી બહેનોની વસ્ત્રાપુર પોલીસે ધરપકડ કરી છે. બંને બહેનો વસ્ત્રાપુર તેમજ આસપાસના વિસ્તારમાં આવેલા પીજીમાં જતી હતી અને ત્યારબાદ દરવાજો ખુલ્લો હોય ત્યારે ચોરી કરી લેતી હતી. જો કોઈપણ વ્યક્તિ ચોરી કરતા પકડી લેતો તેઓને નાગપુરના આનંદ મિશન આશ્રમ નામનું એક કાર્ડ બતાવીને બહેરા મૂંગા હોવાનો ઢોંગ કરતા હતા. પોલીસે બે મોબાઈલ ફોન કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

વસ્ત્રાપુરમાં આવેલા પીજીમાં મોબાઈલ ફોનની ચોરીની ઘટના બની હતી. મોબાઈલ ફોનની ચોરી થવાની ઘટનાના પગલે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે લાગેલા સીસીટીવી ફૂટેજો તપાસ્યા હતા જેમાં બે મહિલાઓ ચોરી કરતી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે સાબરમતી વિસ્તારમાં આવેલા કાળીગામ પાસે રહેતી અન્નુબેન નટ અને પૂજાબેન નટ નામની બે મહિલાની ધરપકડ કરી હતી. પોલીસે તેમની પાસેથી બે મોબાઈલ ફોન કબજે કર્યા હતાં.

વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ ગીતા ચૌધરીએ જણાવ્યું હતું કે, પીજીમાંથી ચોરી કરનાર બે મહિલાઓની ધરપકડ કરી છે. બંને મહિલાઓ સગી બહેનો છે અને ડિવોર્સિ છે. પીજીમાં જ્યાં દરવાજા ખુલ્લા હોય ત્યાં તેઓ જઈ અને ચોરી કરતા હતા. કોઈપણ વ્યક્તિ ચોરી કરતા પકડી લે તો પોતે બહેરા મૂંગા હોવાનો ઢોંગ કરતા હતા.

PI ગીતા ચૌધરીએ કહ્યું કે, તેમની પાસે નાગપુરના આનંદ મિશન આશ્રમનું એક કાર્ડ બતાવી દેતા હતા. આ કાર્ડ ક્યાંથી લાવ્યા હતા તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. બંને બહેનો શહેરના અલગ અલગ વિસ્તારો અને ટ્રી પણ જઈને ભીખ માંગવાની ડોળ કરી અને ત્યારબાદ કોઈપણ વસ્તુની ચોરી પણ કરી લેતા હતા. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ચાંદખેડામાં ચોંકાવનારી ઘટના DySPનો ફ્લેટ પચાવી પાડ્યો

### 95 લાખનો ફ્લેટ ત્રણ મહિલાને રહેવા આપ્યા બાદ 5 વર્ષે પણ ખાલી ન કર્યો લેન્ડ ગ્રેબિંગ હેઠળ પોલીસ ફરિયાદ નોંધાવી

અમદાવાદ

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં અમરેલી જિલ્લાના DySP એ.જી. ગોહિલ ના મકાન પર ત્રણ મહિલાઓએ ગેરકાયદે કબજો જમાવી દીધો છે. આ મામલે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ છે. મળતી માહિતી મુજબ અમરેલી જિલ્લામાં DySP તરીકે ફરજ બજાવતા અશોકસિંહ ગોહિલ વર્ષ 2012માં ચાંદખેડા પીઆઈ તરીકે ફરજ બજાવતા હતા અને તેઓ પોતે પરિવાર સાથે રહેતા હતા. જેથી ન્યુ સીજી રોડ ઉપર સાકર સ્કૂલની બાજુમાં શકલ રેસીડેન્સી તેમણે મકાન ભાડે રાખ્યું હતું. જેના મકાન માલિક તરીકે પ્રવીણભાઈ અને તેમની પત્ની મધુબેન પંચાલ હતા. વર્ષ 2012થી 2017 સુધી તેઓ ભાડે રહ્યા હતા ત્યારબાદ DySPનું પ્રમોશન થતા તેઓ નર્મદાના રાજપીપળા ખાતે ગયા હતા ત્યારબાદ ભરૂચ ખાતે બદલી થઈ હતી.

મકાન માલિક મધુબેને તેમનું મકાન વેચવા કાઢ્યું હતું. જે અંગેની જાણ થતા અશોકસિંહે આ મકાન ખરીદવાની તૈયારી દર્શાવી હતી જો કે મકાન વેચવા કાઢ્યું હતું ત્યારે તેમાં જાનકીબેન




મોહરાણા, અંજલીબેન મોહરાણા અને અંકિતાબેન મોહરાણા રહેતા હતા. એ સાથે મકાનનો સોદો નક્કી થઈ ગયો હતો અને વર્ષ 2020માં આ મકાન વેચાણથી લઈ અને તેનો દસ્તાવેજ કરવામાં આવ્યો હતો. જે ખાલી મકાનનો કબજો અશોકસિંહને સોંપવામાં આવ્યો હતો. ત્યારબાદ જુના મકાન માલિક મધુબેન પંચાલને ત્રણેય મહિલાઓએ વિનંતી કરી હતી કે તેમની બંને દીકરીઓ નજીકની સ્કૂલમાં ભણે છે અને ભાડેથી રાખેલું મકાન સ્કૂલ દૂર છે. જેથી નવા મકાન માલિકને કહો કે એપ્રિલ 2020 સુધી પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી મકાનમાં રહેવા દે. જેથી અશોકસિંહએ માનવતા દાખવી અને તેમનો ફ્લેટ કોઈ પણ પૈસા લીધા વિના રહેવા માટે આપ્યો હતો.

ત્યારબાદ કોરોનાની વૈશ્વિક મહામારી આવી હતી. જેથી આ બાબતે અવારનવાર ફ્લેટ ખાલી કરી આપવા કહ્યું હતું. તેમ છતાં પણ મકાન ખાલી કરી આપ્યું નહોતું. આ મકાન અશોકસિંહે એમના દીકરાના અભ્યાસ માટે ખરીદ્યું હતું છતાં પણ આ મકાન ખાલી કરી આપ્યું નથી.

સગા સંબંધીઓને પણ ફ્લેટ ખાલી કરવા માટે મોકલતા તો તેમને પણ છેડતીના કેસમાં ફસાવવાની ધમકી આપતા હતા. એટલું જ નહીં ફ્લેટ આજે પણ નહીં અને કાલે પણ ખાલી નહીં કરીએ તેવું કહી દીધું હતું.

## માંડલમાં રેતી ભરતા સમયે વિશાળ ભેખડ ધસી પડતા બે યુવાનોના કમકમાટીભર્યા મોત

### વોંકળામાં રેતી ભરવા ગયેલા બે યુવાનો પર અચાનક વિશાળ ભેખડ ધસી પડતા બંનેના ઘટનાસ્થળે જ દટાઈ જવાથી મોત નિપજ્યા હતા

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના શેર-રખિયાણા ગામની સીમમાં આજે એક અત્યંત દુઃખદ અકસ્માત સર્જાયો હતો. અહીં પાણીના વોંકળામાં રેતી ભરવા ગયેલા બે યુવાનો ઉપર અચાનક વિશાળ ભેખડ ધસી પડતા બંનેના ઘટનાસ્થળે જ દટાઈ જવાથી મોત નિપજ્યા હતા.

મળતી વિગતો અનુસાર, શેર-રખિયાણા ગામના અલ્પેશભાઈ ઠાકોર અને સાહિલભાઈ ઠાકોર નામના બે યુવાનો ટ્રેક્ટર લઈને ગામની સીમમાં આવેલા વોંકળામાં રેતી ભરવા માટે ગયા હતા. જ્યારે તેઓ ટ્રેક્ટરમાં રેતી ભરી રહ્યા હતા, ત્યારે ઉપરની તરફથી અચાનક જ માટી અને રેતીનો મોટો જથ્થો ધરાશાયી થયો હતો. આ વિશાળ ભેખડ બંને યુવાનો પર પડતા તેઓ બહાર નીકળી શક્યા નહોતા અને ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો.

ઘટનાની જાણ થતા જ આસપાસના લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. સ્થાનિક લોકોએ ભારે જહેમત બાદ ભેખડ નીચે દટાયેલા યુવાનોના મૃતદેહો બહાર કાઢ્યા હતા. બનાવની જાણ પોલીસને કરવામાં આવતા માંડલ પોલીસ કાફલો પણ સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે પંચનામું કરી બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે વિરમગામ સરકારી હોસ્પિટલ



ખાતે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિરમગામ અને માંડલ પંથકમાં ગેરકાયદેસર રેતી ચોરીનો વ્યવસાય ફુલેફાલ્યો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠતી રહી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, નદી અને વોંકળાઓમાં ઊંડે સુધી ખોદકામ કરી રેતી કાઢવામાં આવતી હોવાથી ભેખડો ધસી પડવાનું જોખમ વધે છે. રસ્તાઓ પર બેફામ દોડતા ઓવરલોડ ડમ્પરો અને ગેરકાયદે ખનન છતાં ખાણ-ખનીજ વિભાગ કે પોલીસ તંત્ર મૌન સેવી રહ્યા છે. આવા જીવલેણ બનાવો વારંવાર બનવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી.

બે નિર્દોષ યુવાનોના જીવ ગયા બાદ હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે, શું તંત્ર હવે જાગશે? શું ગેરકાયદે ખનન માફિયાઓ સામે કડક કાર્યવાહી થશે કે પછી વધુ કોઈ નિર્દોષ જિંદગીનો ભોગ લેવાય તેની રાહ જોવામાં આવશે?

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI